MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૦૨-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

નોન-સબસીડીવાળા રાંધણ ગેસનો નવો ભાવ દિલ્હીમાં રૂ.૭૧૪, સતત પાંચમા મહિને વધારો કરાયો

રેલ્વે પ્રવાસ બાદ હવે રાંધણ ગેસ પણ મોંઘો

કોમર્શીયલ સીલીન્ડર (૧૯ કિલોનો બાટલો) પર રૂ. ૨૯.૫૦ રૂપિયાનો વધારો થયો, નવી કિંમત પ્રમાણે કોલકાતામાં રૂ. ૭૪૭ મુંબઈમાં, રૂ. ૬૮૪ તેમજ ચેન્નાઈમાં નવો ભાવ હવે રૂ.૭૩૪



૧૦૦૦કિ.મી.ની મુસાફરીએ સામાન્ય વર્ગના ભાડામાં ૧૦નો વધારો, રેલવેની દર વર્ષે ૪ હજાર કરોડની આવક વધશે

ન્યુ દિલ્હી

બુધવારથી શરૂ થયેલા ઈશુના નવા વર્ષ ૨૦૨૦ના પ્રથમ દિવસથી દેશના નાગરિકો ખાસ કરીને ઉપભોક્તા પર વધુ આર્થિક બોજ લાદવામાં આવ્યો હોય તેમ એક તરફ રેલવે દ્વારા ઝીંકાયેલા ભાડાના દરમાં વધારાનો અમલ શરૂ થયો છે ત્યાં બીજી તરફ કેન્દ્ર સરકાર

અનુસંધાન પાના નં. ૮

ભાડા વધારાની ગણતરીમાં રેલવેએ અપનાવી યુક્તિ...!!

આજથી રેલવેના ભાડામાં પણ પ્રતિ કિ.મી. ૧ પૈસાથી લઈને ૪ પૈસાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. સામાન્ય રીતે ભાડામાં વધારો રૂપિયાની ગણતરી સાથે થતો આવ્યો છે. જેમ કે ૫ રૂપિયા વધ્યા કે ૧૦ રૂપિયા. પરંતુ રેલવે દ્વારા લોકોને ભાડા વધારાની તીવ્રતાનો જલ્દી ખ્યાલ ના આવે તે માટે રૂપિયાના એકમને બદલે પૈસાના એકમનો ઉપયોગ કરીને કિ.મી. દીઠ ૧ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે, એવી જાહેરાત કરી છે. જેથી લોકોને એમ લાગે કે એક પૈસાનો વધારો તો સાવ સામાન્યમાં સામાન્ય છે. પરંતુ ગણતરી કરીએ તો તે વધારો નવા બોજ સમાન જ છે. વર્તમાન સરકારે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં પણ છેલ્લાં કેટલાક સમયથી રોજે રોજ જે ભાવ વધારો થાય છે તે પૈસામાં કરવામાં આવે છે. અગાઉ રૂપિયો-દોઢ રૂપિયો કે બે રૂપિયા કે તેથી વધુ વધારો દર પખવાડિયે ઝીંકવામાં આવતા આ ભાવ વધારો લોકોની નજરે ચઢતો હતો અને સરકારની ટીકા થતી હતી. મોદી સરકારે તેમાં ફેરફાર કરીને હવે રોજે રોજ અને રૂપિયાને બદલે પૈસામાં વધારો દર્શાવવીની શરૂઆત કરી છે. એ જ ટેકનીક હવે રેલવે દ્વારા અપનાવવામાં આવી છે.,

ભરૂચ સાંસદના આક્ષેપનો ભરૂચ પોલીસ દ્વારા જાહેર ખુલાસો

ભરૂચ પોલીસ

તારીખ.૦૧/૦૧/૨૦૨૦

:: પ્રેસનોટ ::

પ્રસારીત સમાચાર માધ્યમો થકી જાણવા મળેલ છે કે,

* ભરૂચ ડી.એસ.પી. હેડક્વાટર્સની નજીકમા છેલ્લા ૬૦ થી ૭૦ વર્ષથી ૭ જેટલા ગરીબ આદિવાસી પરિવારના ૭ જેટલા ઝુંપડા બાંધી પોતાના પરિવારનુ અને પોતાનુ જીવન નિર્વાહ કરે છે જે આદિવાસી પરિવારો ને ધાકધમકી અને ઝુંપડા હટાવવાની ચેતવણી પોલીસ દ્વારા આપવામા આવી રહેલ હોવાની રજુઆતો માનનીય સાંસદશ્રીને કરવામા આવેલ છે જે રજુઆતો બાબતે જણાવીએ છીએ કે,

ઉપરોક્ત પરિવારો જે જગ્યામાં રહે છે તે જગ્યા સીટી સર્વેની માપણી અનુસાર સરકારી પોલીસ હેડક્વાર્ટરની જગ્યા છે. પોલીસ હેડક્વાર્ટર ખાતે અતિ સંવેદનશીલ શસ્ત્ર સરંજામ રાખવામા આવતો હોવાને કારણે પોલીસ હેડક્વાર્ટર ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાની કાર્યવાહી ચાલુમાં છે. કોઇને અન્યાય ન થાય તે હેતુસર સરકારશ્રીની જમીનમા રહેતા પરિવારોને જગ્યા ખાલી કરવા સારૂ તમામને નોટીસો આપી પુરતો સમય આપવામા આવેલ છે. આ પરિવારો પાસે રહેઠાણ જગ્યાના કબ્જાના કોઇ જ આધાર પુરાવાઓ નથી. આ પરિવારો પૈકી કેટલાક નિવૃત પોલીસ કર્મચારીના પરિવાર છે. આ પરિવારોપાસે રહેઠાણની વૈકલ્પીક વ્યવસ્થા છે. જેથી માનનીય સાંસદશ્રી પાસે પરિવારો તરફથી થયેલ રજુઆતો અતિશયોક્તિવાળી અને ખોટી છે.

ચંદ્રયાન-૩ પ્રોજેક્ટને મંજૂરી મળી, ચંદ્રયાન-૨નું ઓર્બિટર સાત વર્ષ કામ કરશે : ચેરમેન સિવન



બેંગલુરુ

ઈસરો પ્રમુખ કે. સિવને બુધવારે જણાવ્યું કે, સરકારે ચંદ્રયાન-૩ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ પર કામ શરૂ થઈ ગયું છે. તેમણે જણાવ્યું કે, અન્ય સ્પેસ પોર્ટના નિર્માણ માટે ભૂમિ અધિગ્રહણનું કામ પ્રાથમિક તબક્કે શરૂ કરી દેવામાં આવ્યું છે. આ સ્પેસ પોર્ટ તમિલનાડુના તુતુકુડીમાં બનાવવામાં આવશે.

ઈસરો પ્રમુખે જણાવ્યું કે, અમે ચંદ્રયાન-૨ મિશન દરમિયાન ખુબ સારા પ્રયત્નો કર્યા હતા પરંતુ તેને ચંદ્રની સપાટી પર ન ઉતારી શક્યા. જોકે તેનું ઓર્બિટર સારી રીતે કામ કરી રહ્યું છે. આ ઓર્બિટર આપણને આગામી સાત વર્ષ સુધી વૈજ્ઞાનિક માહિતી આપશે. તેમણે જણાવ્યું કે, ગગનયાન મિશન માટે ૪ લોકોની પસંદગી કરવામાં આવી છે. દરેક અંતરિક્ષ યાત્રીઓનું પ્રશિક્ષણ આ મહિનાના ત્રીજા સપ્તાહથી શરૂ થશે. ગગનયાન સલાહકાર સમિતિ બનાવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે અમારી ૨૫થી વધારે મિશન લોન્ચ કરવાની યોજના છે. તેમણે જણાવ્યું

અનુસંધાન પાના નં. ૮

લિફ્ટ પલટી જતા ટોલ પ્લાઝા કંપનીના માલિક સહિત ૫ સભ્યોના મોત

ઈન્દોર

આખો દેશ નવા વર્ષના આગમનની રાહ જોઈને ખુશીઓ મનાવી રહ્યો હતો ત્યારે ઈન્દોરમાં એક લિફ્ટ પલટી જવાના કારણે એક જાણીતા કંપનીના સીઈઓ અને તેમના પરિવારના પાંચ સભ્યોના મોત થતા ઉજવણી શોકમાં પલટાઈ ગઈ હતી.



ટોલ પ્લાઝા કંપની પાથ ઈન્ડિયાના માલિક પુનિત અગ્રવાલ અને તેમનો પરિવાર થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા ઈન્દોર પાસેના ફાર્મ હાઉસમાં પહોંચ્યા હતા.

તેઓ મંગળવારે સાંજે ફાર્મ હાઉસના ટાવર પર લાગેલી લિફ્ટ પર પ્રાકૃતિક દ્રશ્ય જોવા માટે પરિવાર સાથે સવાર થયા હતા અને તે જ વખતે ૭૦ ફૂટ ઉંચાઈએ અચાનક જ લિફ્ટ પલટી ગઈ હતી.જેના કારણે પરિવારના તમામ સભ્યો નીચે પટકાયા હતા.

ફાર્મ પરના કર્મચારીઓમાં આ અકસ્માતના પગલે દોડધામ મચી ગઈ હતી.પરિવારના સભ્યોને હોસ્પિટલમાં લઈ જવાયા હતા

જોકે ૫૩ વર્ષીય પુનીત અગ્રવાલ, તેમની ૨૭ વર્ષની પુત્રી પલક, પલકના પતિ પલકેશ અગ્રવાલ, ૩ વર્ષના તેમના પુત્ર તથા બીજા બે સબંધીઓ ૪૦ વર્ષના ગૌરવ અને ૧૧ વર્ષના આર્યવીરનુ મોત થયુ હતુ.જ્યારે ગૌરવના પત્ની નીધિ ગંભીર રીતે ઘાયલ છે.

પુનીત અગ્રવાલની કંપની પાથ ઈન્ડિયા પીપીપી મોડેલની સ્થાપના કરનાર ગણાય છે.આ કંપની દેશભરમાં ટોલ પ્લાઝાનુ નિર્માણ કરે છે.તેમની કંપની અત્યાર સુધીમાં સેંકડો હાઈવેનુ પણ નિર્માણ કરી ચુકી છે.

બિપિન રાવત દેશના પ્રથમ ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ બન્યા

રાજકારણથી દૂર રહી, સરકારના આદેશનું પાલન કરીએ છીએ : બિપીન રાવત

બિપિન રાવતને ત્રણેય સેનાઓ તરફથી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યો, આર્મી ચીફ નરવણેએ નેશનલ વાર મેમોરિયલ ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપી



ન્યુ દિલ્હી

ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ બિપીન રાવતે બુધવારથી દેશના સંરક્ષણની ત્રણેય પાંખ – ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળના સંયુક્ત વડા તરીકેનો હોદ્દો સંભાળ્યો. જનરલ બિપીન રાવત બુધવારથી દેશના પ્રથમ ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ બની ગયા છે. રાષ્ટ્રીય પાટનગરમાં રાષ્ટ્રીય શહીદ સ્મારક ખાતે એમને સેનાની ત્રણેય પાંખ તરફથી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને સીડીએસ જનરલ રાવતે એ સમ્માનનું અભિવાદન કર્યું હતું.

બાદમાં પત્રકારો સાથેની વાતચીતમાં જનરલ રાવતે કહ્યું કે, સીડીએસ સેનાની ત્રણેય પાંખ પર નિયંત્રણ રાખશે, ત્રણેય પાંખ સાથે એ નિષ્પક્ષ રહેશે. અમે ત્રણેય સેનાને જોડીને ત્રણ નહીં, પણ પાંચ કે સાત બનાવીશું. સીડીએસને આ કામગીરી સોંપવામાં આવી છે. અમે એક ટીમ તરીકે કામ કરીશું અને ત્રણેય સેના સાથે મળીને કામગીરી બજાવે એનું ધ્યાન રાખીશું. જનરલ રાવતે પદ ભાર સંભાળ્યા બાદ કહ્યું કે, 'સીડીએસ તરીકે મને એક મહત્વપૂર્ણ કામગીરી સોંપવામાં આવી છે. ત્રણેય સેનાઓએ સાથે મળીને કામ કરવાનું છે. અમે એક એવી ટીમની જેમ કામ કરીશું જે ૧+૧+૧= બરાબર ૩ નહીં, પણ ૫ અને ૭ હશે.' તેમના રાજકીય નમતા વલણ અંગે પણ રાવતે કહ્યું કે, અમે સત્તામાં હાજર સરકારના આદેશો પર કામ કરીએ છીએ, પણ રાજકારણથી જેટલું બને

અનુસંધાન પાના નં. ૮

નાગરિકતા કાયદાની સામે સૌથી વધુ હિંસા યુપીમાં નોંધાઈ હતી, પીએફઆઈનાં સભ્યો નિશાને હતા

યુપીમાં યોગી સરકારનો સપાટોઃ પીએફઆઈ સંગઠનનાં ૨૫ સભ્યોની ધરપકડ

યુપી સરકાર માને છે કે પીએફઆઈ પણ પ્રતિબંધિત સિમી જેવી દેશવિરોધી પ્રવૃત્તિઓ આચરે છે

લખનઉ

સંશોધિત નાગરિકતા કાયદાની સામે સમગ્ર દેશમાં જ્યાં સૌથી વધુ હિંસાના બનાવો બન્યા છે તે ઉત્તર પ્રદેશમાં પીએફઆઈ નામની મુસ્લિમ સંસ્થાનાં ૨૫ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. નોંધનીય છે કે ઉત્તરપ્રદેશમાં નાયબ મુખ્યમંત્રી કેશવ મોર્ય દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે યુપીની હિંસામાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા એટલેકે પીએફઆઈનો હાથ છે અને તેની પ્રવુત્તિઓ પ્રતિબંધિત સિમી સંસ્થા જેવી હોવાથી સિમીની જેમ



યુપીમાં ૨૨ આઈએએસ અને ૨૮ વરિષ્ઠ પીસીએસ અધિકારીઓની બદલી

વર્ષ ૨૦૨૦ના ઉત્તર પ્રદેશમાં પહેલા દિવસે ૨૨ આઈએએસ અને ૨૮ વરિષ્ઠ પીસીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જણાવી દઈએ કે આના એક દિવસ પહેલા વહીવટીતંત્રે આશરે ૪૧ આઈપીએસ અને આઈએએસ અધિકારીઓની પ્રમોશનને મંજૂરી આપી હતી. તબીબી, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગના સચિવ પંકજ કુમારને મુખ્ય સચિવ પદ બદલવામાં આવ્યા છે. મહેસુલ પરિષદના સભ્ય (ન્યાયિક) આમોદ કુમારને યોજના વિભાગના સચિવના પદ પર બદલી કરાઈ છે.

પીએફઆઈ ઉપર અપન પ્રતિબંધ મુકવો જોઈએ. તેમના આ નિવેદન બાદ પોલીસે પીએફઆઈનાં ૨૫ સભ્યોની ધરપકડ કરી હોવાનું મનાય છે.

ઉત્તર પ્રદેશ પોલીસે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાનાં ૨૫ સદસ્યોની ધરપકડ કરી છે. આ ધરપકડ રાજ્યનાં અલગ અલગ ભાગોમાંથી થઈ છે. આ તમામ સભ્યોને ગુનાહિત પ્રવૃતિમાં શામેલ હોવાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. ઉગ્રવાદી ઈસ્લામિક સંગઠન પોપ્યુલર

અનુસંધાન પાના નં. ૮

વિજય માલ્યાને ઝટકોઃ બેંકોને જપ્ત સંપત્તિ વેચીને રકમ વસૂલવા લીલીઝંડી



ન્યુ દિલ્હી

પ્રીવેન્શન ઓફ મનિ લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની સ્પેશિયલ કોર્ટે ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ) અને અન્ય બેંકોને વિજય માલ્યાની જપ્ત સંપત્તિ વેચીની ધિરાણની રકમ વસુલવાની મંજૂરી આપી છે. ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કહ્યું કે, તેમને આ પ્રમાણેની વસુલાતથી કોઈ વાંધો નથી.

માલ્યાના વકીલોએ દલીલ કરી હતી કે, આ માત્ર ડેટ રિકવરી ટ્રાઈબ્યૂનલ જ નક્કી કરી શકે છે. જોકે સ્પેશિયલ પીએમએલએ કોર્ટે આ નિર્ણય પર ૧૮ જાન્યુઆરી સુધીનો સ્ટે લગાવ્યો છે. જેથી માલ્યા આ આદેશની સામે બોમ્બે હાઈકોર્ટમાં અપીલ કરી શકે. બેંકોને અંદાજે ૯ હજાર કરોડની લોન ન ચૂકવવા મામલે, કૌભાંડ અને મની લોન્ડરિંગ મામલે બ્રિટનમાં માલ્યા સામે કેસ ચાલી રહ્યો છે.

નોંધનીય છે કે, ડિસેમ્બર મહિનામાં વિજય માલ્યા મામલે લંડન કોર્ટમાં ચુકાદો સુરક્ષીત રાખવામાં આવ્યો છે. કોર્ટ જાન્યુઆરીમાં માલ્યા પર ચુકાદો આપે તેવી શક્યતા છે.

અહીં વિજય માલ્યા પર દાખલ નાદારી જાહેર કરવાની અરજી નકારવામાં આવી શકે છે અથવા જ્યાં સુધી ભારતીય સુપ્રીમ કોર્ટમાં માલ્યાની સેટલમેન્ટ ઓફર પર સહમતી ન બને ત્યાં સુધી આ અરજી સ્થગિત પણ કરવામાં આવી શકે છે. આ મામલે યુકે કોર્ટ ભારતીય નિયમો વિશે વિચાર કરી શકે છે.

એસબીઆઈના નેતૃત્વમાં ભારતીય સરકારી બેંકોના એક ગ્રૂપે બ્રિટનની હાઈ કોર્ટમાં ભાગેડુ વિજય માલ્યા પર અંદાજે ૧.૧૪૫ અબજ પાઉન્ડ ન ચૂકવવાના આરોપમાં તેને નાદાર જાહેર કરવાનો આદેશ આપવાની ફરીથી અપીલ કરી છે. લંડનમાં હાઈકોર્ટની દિવાલા બ્રાન્ચમાં જજ માઈકલ બ્રિગ્સે સુનાવણી કરી છે.

હાઈકોર્ટે પહેલાં આપેલા એક નિર્ણયમાં સમગ્ર દુનિયામાં માલ્યાની સંપત્તિની લેણ-દેણ પર પ્રતિબંધ લગાવવામાં આવેલા આદેશમાં ફેરફાર કરવાનો ઈનકાર કરી દીધો છે અને ભારતની એક કોર્ટના તે નિર્ણયને યથાવત રાખ્યો છે કે ૧૩ ભારતીય બેંકોના ગ્રૂપને અંદાજે ૧.૧૪૫ અબજ પાઉન્ડનું ધિરાણ કરવા માટે અધિકૃત છે.

ત્યારપછી બેંકોએ સંપત્તિ જપ્ત કરવાના આદેશમાં વસુલીની કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ જ અંતર્ગત દેવાની ભરપાઈ કરવા માટે બ્રિટનમાં માલ્યાની સંપત્તિને જપ્ત કરવાની અપલી કરીને નાદારીની અરજી દાખલ કરી છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસમાં ભડકોઃ કોંગી કાર્યાલયમાં કાર્યકરોએ તોડફોડ કરી, ૧૯ની ધરપકડ

મુંબઈ

મહારાષ્ટ્રમાં મંત્રીમંડળના વિસ્તરણ બાદ સત્તામાં ભાગીદાર ત્રણે પાર્ટીઓમાં નારાજગી છે. કોંગ્રેસમાં તો એ હદે રોષ છે કે, કોંગ્રેસના ધારાસભ્ય સંગ્રામ થોપટેના સમર્થકોએ પૂણે ખાતે કોંગ્રેસના કાર્યાલયમાં જોરદાર તોડફોડ કરી હતી. મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરેના મંત્રીમડળમાં થોપટેને સ્થાન નહી મળ્યુ હોવાથી તેમના કાર્યકરોએ તોડફોડ કરીને નારાજગી વ્યક્ત કરી હતી.

પોલીસે આ મામલામાં ૧૯ વ્યક્તિઓની ધરપકડ કરી છે. પોલીસે કહ્યુ હતુ કે, થોપટેના સમર્થકોએ મંગળવારે કોંગ્રેસ કાર્યાલયમાં હલ્લો બોલાવીને તોડફોડ મચાવી હતી.

કોંગ્રેસના કેટલાક નેતાઓ વિસ્તરણમાં ઉપેક્ષાથી નારાજ છે. તેમણે આ માટે કોંગ્રેસની નેતાગીરીને ફરિયાદ પણ કરી છે. જેમાં પૃથ્વીરાજ ચૌહાણ, પ્રણીતિ શિંદે, નસીમ ખાન, સંગ્રામ થોપટેનો સમાવેશ થાય છે. તેમનો આરોપ છે કે, સોનિયા ગાંધીને ગેરમાર્ગ દોરવામાં આવ્યા છે. આ નેતાઓ દિલ્હી સોનિયા ગાંધીને મળવા માટે પણ યોજના બનાવી રહ્યા છે. આ નેતાઓમાં નારાજગી એ વાતની છે કે, ૨૮૮ ધારાસભ્યો વાળી વિધાનસભામાં ૪૩ મંત્રીઓ બની ચુક્યા છે.

આ સંજોગોમાં હવે કોઈ નવા નેતાને નજીકના ભવિષ્યમાં તક મળે તેવી શક્યતા ઓછી છે. મંત્રીમંડળમાં ૧૯ મંત્રીઓ રાજકીય પરિવારમાંથી જ આવે છે. તે મુદ્દે પણ નારાજગી છે.

નાગરિકતા બિલ વિરોધમાં થયેલી હિંસા માટે કોંગ્રેસ-આપ જવાબદારઃ જાવડેકર

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે રાજકીય ગતિવિધિઓ વધી ગઈ છે ત્યારે ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આરોપ લગાવતા કહ્યુ છે કે, દિલ્હીમાં નાગરિકતા બિલ સામેના દેખાવો વખતે થયેલી હિંસા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જવાબદાર છે.

જાવડેકરે કહ્યુ હતુ કે, આ બંને પાર્ટીઓએ ખોટી જાણકારી ફેલાવી હતી અને એ પછી જ્યારે હિંસા થઈ તો બંને પાર્ટીઓ ચૂપ છે.દિલ્હીમાં જામિયામાં કોંગ્રેસના આસિફ ખાન અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા પર આરોપ છે કે, તેમણે લોકોને ઉકસાવ્યા હતા.

સીલમપુરમાં કોંગ્રેસના મતીન અહેમદ અને આમ આદમી પાર્ટીના ઈશરાક ખાન હિંસા થઈ ત્યારે હાજર હતા. જામા મસ્જિદમાં કોંગ્રેસના મહેમૂદ પારચા મોજૂદ હતા.

જાવડેકરે માગ કરી હતી કે, હિંસા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ માફી માંગવી જોઈએ.તેમના કારણે હિંસા થયા બાદ નુકસાન વેઠવુ પડ્યુ છે.

બીજી તરફ કોંગ્રેસના નેતાઓએ પલટવાર કરતા કહ્યુ છે કે, ભાજપ પહેલા જાણી લે કે, તેમના કેટલા નેતાઓ સામે રેપના કેસ થયેલા છે.દિલ્હી હિંસાની તપાસ કરાવવાનો અધિકાર ભાજપ પાસે છે. ભાજપ તપાસ કરાવીને જાણી લે કે કોણે હિંસા કરાવી છે.ભાજપે લોકોને ગૂમરાહ કરવાનુ બંધ કરી દેવુ જોઈએ.

ટ્રમ્પની ઈરાનને ખુલ્લી ધમકી : 'એમ્બેસીને કંઈ થયું તો મોટી કિંમત ચૂકવવી પડશે'

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નવા વર્ષના પહેલે જ દિવસે ઈરાનને ધમકી આપી છે. ઈરાકની રાજધાની બગદાદ સ્થિત અમેરિકાની એમ્બેસીની બહાર ઈરાનના હજારો સમર્થકોએ પ્રદર્શન કર્યા હતા, તે દરમિયાન એમ્બેસી પર પથ્થરો પણ ફેંક્યા હતા તેમજ કેટલાંક લોકોએ દીવાલ પર ચડવાના પ્રયાસ કર્યા હતા. જેના જવાબમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે અને કહ્યું કે જો અમેરિકાની એમ્બેસીના એક પણ સભ્યને કંઈ થશે તો ઈરાનને તેની મોટી કિંમત ચુકવવી પડશે.

ટ્રમ્પે ટ્વીટ કર્યુ છે કે ઈરાક સ્થિત અમેરિકાની એમ્બેસી હજુ સુરક્ષિત છે. અમારા જવાન ઉચ્ચ ટેકનોલોજી સાથે ત્યાં હાજર છે. તેઓ ઈરાકના રાષ્ટ્રપતિ, વડાપ્રધાનનો પણ આભાર વ્યક્ત કરે છે તેઓએ તાત્કાલિક પ્રદર્શનકારીઓ સામે એકશન લીધા. ટ્રમ્પે ધમકી આપતાં લખ્યું કે આ દરમિયાન કોઈ અમેરિકા એમ્બેસીના સભ્યને ઈજા થઈ કે કંઈ બીજી હા-ના થઈ તો તેની ઘણી જ મોટી કિંમત ચુકવવી પડશે. આ વાતને ચેતવણી નહીં ધમકી સમજજો, હેપ્પી ન્યૂ યર.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા અમેરિકાએ એક હવાઈ હુમલામાં ઈરાન સમર્થિત એક ગ્રુપ પર એટેક કર્યો હતો, જેમાં ૨૫ લોકોના મોત નિપજયા હતા. અમેરિકાનો આરોપ હતો કે આ જુથ અમેરિકાના ઠેકેદારના મોત માટે જવાબદાર હતા. આ હુમલાના વિરોધમાં બગદાદમાં ઈરાનના સમર્થકોએ અમેરિકા વિરૂદ્ધ દેખાવો કર્યા હતા.

બિહારના મંત્રીઓએ પોતાની સંપત્તિ જાહેર કરી, નીતિશ કુમાર પાસે માત્ર ૩૮ હજાર રૂ...!!

પટણા

પારદર્શક વહીવટી તંત્રના પોતાના વચનનું પાલન કરવાના એક ભાગ રૂપે બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર અને તેમના પ્રધાન મંડળના સાથીદારોએ પોતપોતાની સંપત્તિ જાહેર કરી હતી.

સૌથી વધુ વિસ્મયજનક વિગતો ખુદ નીતિશ કુમારની છે. તેમણે જાહેર કર્યું હતું કે તેમના ત્રણ બેંક ખાતાં મળીને કુલ ૩૯ હજાર રૂપિયા રોકડા હતા. આશરે સવા લાખ રૂપિયાની મનાતી એક ઈકોસ્પોર્ટ કાર છે. આશરે ૬૫ હજાર રૂપિયાની મનાતી બે સોનાની અને એક મોતી જડેલી ચાંદીની વીંટી છે. આશરે દોઢ લાખ રૂપિયાની કિંમત ધરાવતી દસ દૂધાળી ગાય અને સાત વાછરડા છે.

આ ઉપરાંત નીતિશ કુમાર પાસે રોજ વર્ક આઉટ કરવા માટેની એક એક્સરસાઈઝ સાઈકલ છે. આ ઉપરાંત ઘરમાં એર કંડિસનર્સ છે, કોમ્પ્યુટર છે, એર કૂલર છે, માઈક્રો ઓવન છે, વોશિંગ મશીન છે. આ બધી વસ્તુઓની કુલ કિંમત રૂપિયા પાંચ લાખથી વધુ થતી નથી.

આ ઉપરાંત મુખ્ય પ્રધાન પાસે આશરે અઢી લાખ રૂપિયાના શેર-ડિબેન્ચર્સ અને નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ્સ તેમજ પોસ્ટ ઑફિસના બચત ખાતામાં મળીને આશરે ૨૧ લાખ રૂપિયાનું મૂડીરોકાણ અને બચત છે. આથી વધુ પોતે કશું ધરાવતા નથી એવી નોટ્રિફાઈડ એફિડેવિટ તેમણે મિડિયા સમક્ષ રજૂ કરી હતી.

OMG... ભૂલથી કચરાપેટીમાં ફેંકી દીધા ૧૪ લાખ, રિસાયકલિંગ સેન્ટરે પાછા આપ્યા

લંડન

કિસ્મત મહેરબાન હોય ત્યારે જીવનમાં માની ના શકાય તેવી સુખદ ઘટનાઓ પણ બનતી હોય છે. બ્રિટનના એક કપલ માટે તાજેતરમાં જ સેલિબ્રેટ થયેલો ક્રિસમસનો તહેવાર યાદગાર બની ગયો હતો.આ કપલે ભુલથી કચરા પેટીમાં ૧૫૦૦૦ યુરો એટલે કે ૧૪ લાખ રુપિયા નાંખી દીધા હતા. કચરો જયારે રિસાયકલિંગ સેન્ટરમાં પહોંચ્યો ત્યારે ત્યાં કામ કરી રહેલા કર્મચારીઓની નજર ચલણી નોટો પર પડી હતી.તેમણે આ પૈસા પાછા આપ્યા હતા.

પોલીસનુ કહેવુ છે કે, રિસાકલિંગ સેન્ટરના કર્મચારીઓ કચરામાં વીજળીનો એક તાર શોધી રહ્યા હતા.તે વખતે તેમની નજર એક બોક્સ પર પડી હતી.કારણકે તારનો એક છેડો બોક્સમાં ફસાયેલો હતો.બોક્સ ખોલીને જોયુ તો બીજા સામાનની સાથે તેમાં યુરોની નોટો હતી.કર્મચારીઓએ અમને આ બાબતની જાણ કરી હતી.

પોલીસના કહેવા પ્રમાણે સીસીટીવી ચેક કરવામાં આવ્યા ત્યારે ખબર પડી હતી કે, આ બોક્સ કોણે કચરા પેટીમાં ફેંક્યુ હતુ.એ પછી સીસીટીવીમાં તેમની ગાડીની નંબર પ્લેટના આધારે અમે કપલને શોધી કાઢ્યુ હતુ.

કપલને બોલાવીને પોલીસે પૂછપરછ કરી ત્યારે તેમણે કહ્યુ હતુ કે, અમે એક સબંધીના મોત બાદ તેનુ ઘર સાફ કરવા માટે ગયા હતા.તે વખતે કચરો સમજીને આ બોક્સ કચરાપેટીમાં ફેંકી દીધુ હતુ.

ઈન્ડિયન રેલ્વેની અલગ અલગ સેવાઓ માટે કોમન નંબર ૧૩૯ની ભેટ

ન્યુ દિલ્હી

અનેક ખટ્ટ-મીઠ્ઠા સંભારણા તેમજ અનેક બોધપાઠ શીખવાડી ૨૦૧૯ના વર્ષે વિદાય લઈ લીધી છે. નવી આશા, નવા ઉમંગ, નવા પડકારને પાર પાડવાના બમણા જોશ સાથે વર્ષ ૨૦૨૦નો પ્રારંભ થઈ ગયો છે. ભારતીય રેલ્વેએ પણ પોતાના કરોડો મુસાફરોની સુવિધાને જોતા કેટલાક સુધારા કર્યા છે.

ભારતીય રેલ્વેએ પોતાની સુવિધાને વધારે સારી બનાવવા માટે હેલ્પલાઈન નંબરમાં ૧૩૯માં સુધારો કર્યો છે. રેલ મંત્રી પિયૂષ ગોયલે માહિતી આપતા જણાવ્યું કે હવે અલગ અલગ સેવાઓ માટે એક કોમન નંબર ૧૩૯ પર કોલ કરી શકાશે. આ નંબર એક જાન્યુઆરીથી અમલમાં આવશે.

પીયૂષ ગોયલે ટ્વીટ કરતા જણાવ્યું કે રેલ્વેની અલગ અલગ હેલ્પલાઈન નબંરને એક કરી ૧૩૯ નંબરને કોમન યુઝ માટે લેવામાં આવશે. આ નંબર ઈન્ટરએક્ટિવ વોઈસ રિસ્પોન્સ પર આધારિત છે. નવા વર્ષની શરૂઆતમાં પ્રવાસીઓએ અલગ અલગ નંબર યાદ રાખવાને બદલે એક જ નંબર યાદ રાખવો પડશે.

સુરક્ષા અને મેડિકલ ઈમર્જન્સી- ૧ ડાયલ કરો. પુછપરછ, પીએનઆર, ફરિયાદ અને ટિકિટ બુકિંગની માહિતી માટે ૨ ડાયલ કરો. કેટરિંગ સંબંધી ફરિયાદ માટે ૩ ડાયલ કરો. આમ ફરિયાદ માટે ૪ ડાયલ કરો. ભ્રષ્ટાચારની ફરિયાદ માટે ૫ ડાયલ કરો. ટ્રેન દુર્ઘટના સંબંધી ફરિયાદ માટે ૬ ડાયલ કરો. ફરિયાદનુ સ્ટેટસ/સ્થિતિ માટે ૯ ડાયલ કરો.કોલ સેન્ટર અધિકારી સાથે વાત કરવા માટે ★ ડાયલ કરો.

જમ્મુ કશ્મીરને મળી નવા વર્ષની ભેટ... હૉસ્પિટલોમાં એસએમએસ અને ઈન્ટરનેટ સેવા શરૂ

શ્રીનગર

જમ્મુ કશ્મીરને ૨૦૨૦ના નવા વર્ષની ભેટ મળી હતી. મંગળવાર મધરાતથી એસએમએસ અને ઈન્ટરનેટ સેવા ફરી શરૂ કરાઈ હતી.

૨૦૧૯ના ઑગસ્ટની પાંચમીએ કેન્દ્ર સરકારે જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કરી ત્યારથી જમ્મુ કશ્મીરમાં સંદેશ વ્યવહારની લગભગ બધી સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. ખોટી અને ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાતી અટકાવવા આ પગલું લેવામાં આવ્યું હતું.

જો કે ક્રમશઃ લેન્ડલાઈન ટેલિફોન વગેરે સેવાઓ ધીમે ધીમે ફરી શરૂ કરાઈ હતી. પરંતુ ઈન્ટરનેટ અને એસએમએસ સેવા ગઈ કાલ સુધી બંધ હતી. આ બંને સેવાઓ મંગળવાર મધરાતથી ફરી શરૂ કરી દેવામાં આવી હતી.

જમ્મુ કશ્મીરના મુખ્ય સચિવ રોહિત કંસલે મિડિયા સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે રાજ્યની તમામ હૉસ્પિટલોમાં મંગળવાર મધરાતથી એસએમએસ અને ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરી દેવામાં આવી હતી. ટૂંક સમયમાં સ્કૂલોમાં પણ બ્રોડબેન્ડ સેવા શરૂ કરી દેવાની સરકારની યોજના છે.

દરમિયાન રાજ્યના ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસે એવી માહિતી આપી હતી કે ૨૦૧૯ના વર્ષ દરમિયાન ૧૬૦ આતંકવાદીને ઠાર કરાયા હતા અને ૧૦૨ને જીવતાં પકડવામાં આવ્યા હતા. તેમની કનેથી સિક્યોરિટી દળોને મહત્ત્વની માહિતી મળી હતી.

આંધ્રપ્રદેશમાં ત્રણ રાજધાનીના સરકારના નિર્ણય વિરુદ્ધ ચંદ્રબાબૂ ધરણાં પર બેસ્યા



તેલંગણા

તેલુગુ દેશમ પાર્ટી પ્રમુખ ચંદ્રબાબૂ નાયડૂએ પોતાની પત્નિ ભુવનેશ્વરી અને અન્ય નેતાઓ સાથે અમરાવતીના ખેડુતો સાથે ધરણાં પર બેસ્યા છે. તેઓ રાજ્ય સરકારની ત્રણ રાજધાનીઓના પ્રસ્તાવનો વિરોધ કરી રહ્યાં છે. તેમણે કહ્યું કે, આ ખુબ દુર્ભાગ્યપૂર્ણ છે કે, મુખ્યમંત્રી અમરાવતીને અનાવશ્યકપણે હેરાન કરી રહ્યાં છે. વધારે રોકાણ કરવાની કોઈ જરૂર નથી. અહીં બધુ જ છે. હાઈકોર્ટ, સચિવાલય અને ડીજીપી કાર્યાલય વગેરે. અમે આ પગલાંની નિંદા કરીએ છીએ.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીએ હાલમાં જ ત્રણ રાજધાનીઓનો પ્રસ્તાવ આપ્યો હતો. તેની વિરુદ્ધ યેરાબલેમ ગામના ખેડુતો સતત આંદોલન કરી રહ્યાં છે. તેમના આંદોલનનો આજે પાંચમો દિવસ છે. તેમને સમર્થન કરવા ચંદ્રબાબૂ પણ ત્યાં પહોંચ્યાં હતા. નાયડૂએ ટ્વીટ કરી કહ્યું કે, ટીડીપી આ વર્ષે અમરાવતીમાં થઈ રહેલા વિરોધને જોતા નવા વર્ષની ઉજવણી નહી કરે. અમે અમરાવતીને બચાવવા માટે હજારો પ્રદર્શનકારી ખેડુતો અને ખેત મજુરોને સાથ આપીશું.

ઉલ્લેખનિય છે કે, રાજધાનીને અમરાવતીથી વિશાખાપટ્ટનમમાં સ્થળાંતરિત કરવાના પ્રસ્તાવથી નારાજ ખેડુતોએ હાલમાં જ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને એક પત્ર લખ્યો હતો. જેમાં તેમણે રાજધાનીનું સ્થળાંતર કરવાની પ્રક્રિયા પર રોક લગાવવા કે પછી તેમને દયા મુત્યુંની મંજુરી આપવાની માંગ કરી, વિસ્તારના ૨૯ ગામોના લોકો અમરાવતીને રાજ્યની રાજધાની બનાવી રાખવાની માંગ કરી રહ્યાં છે.

નિર્ભયા કેસ : ચારેય ગુનેગારોને એકસાથે ફાંસીના માંચડે ચડાવવાનો તખતો તૈયાર

ન્યુ દિલ્હી

દિલ્હીના બહુચર્ચિત નિર્ભયા ગેંગરેપના ચારેય ગુનેગારોને તિહાર જેલમાં એકસાથે ફાંસી આપવામાં આવે એવી હિલચાલ ચાલી રહી હોવાના સમાચાર મળ્યા છે. જેલમાં અત્યાર સુધી ફાંસી માટે એક જ માંચડો હતો પરંતુ હવે તેની સંખ્યા વધારીને ચાર કરી દેવામાં આવી છે. પીડબ્લ્યુડીએ સોમવારે ત્રણ નવા માંચડા બનાવવાનું કામ પૂર્ણ કર્યું હતું. ફાંસીના ત્રણ નવા હેંગર પણ જેલ નંબર-૩માં તૈયાર કરાયા છે. હવે તિહાડ દેશની પ્રથમ આવી જેલ બની ગઈ છે જ્યાં એક સાથે ચાર આરોપીઓને ફાંસી આપી શકાશે.

તિહાર જેલના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ કામ પૂર્ણ કરવા માટે જેલમાં જેસીબી મશીન પણ લાવવામાં આવ્યું હતું. કેમકે ત્રણ નવા ફાંસીના માંચડા સાથે એની જોડાયેલી ટનલ પણ બનાવવી પડે છે. આ ટનલના માધ્યમથી ફાંસી બાદ મૃત કેદીને બહાર કાઢવામાં આવે છે. ત્રણ નવા ફાંસીના માંચડાની સાથે જ જૂના માંચડામાં ફેરફાર પણ કરાયા છે. જેલના સૂત્રોના જણાવ્યા મુજબ, ફાંસીના ત્રણેય માંચડા નિર્ભયા ગેંગરેપના ચાર ગુનેગારોને એક સાથે ફાંસી આપવા માટે તૈયાર કરાયા છે. આ ચારેયના કેસની સ્ટેટસ રિપોર્ટ જેલ તંત્ર કોર્ટને આપશે. કોર્ટ ૬ જાન્યુઆરીએ ખુલશે. તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ડેથ વોરંટ ઈશ્યૂ થતા ગુનેગારોની ફાંસીની સજા બજાવાશે.

નિર્ભયા રેપ કેસના દોષિતો પર તિહાડ જેલમાં ૨૪ કલાક ચુસ્ત નિગરાણી રાખવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ આ ચારેય દોષિતો ખુબ હેરાન પરેશાન છે. તિહાડ જેલના સૂત્રોના જણાવ્યાં મુજબ છેલ્લા ૬ મહિનાથી નિર્ભયા કેસના તમામ ૪ દોષિતો પાસે કોઈ કામ કરાવવામાં આવી રહ્યું નથી. દોષિતો મીડિયામાં ચાલી રહેલા સતત ફાંસીના અહેવાલોથી પરેશાન છે. આ ચારેય પર સીસીટીવી અને સ્ટાફ દ્વારા ૨૪ કલાક નિગરાણી રાખવામાં આવી રહી છે. સમય સમય પર તેમનું મેડિકલ ચેકઅપ પણ થઈ રહ્યું છે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

પ્લાસ્ટિક જોખમરૂપ

જે પ્લાસ્ટિકના કારણે અમારુ જીવન વધારે સરળ અને વધારે સુવિધાજનક બની ગયુ છે તે જ પ્લાસ્ટિકના કારણે આજે વધુને વધુ ખતરો ઉભો થઇ રહ્યો છે. માટી અને પાણીની સ્થિતીને બગાડી દેવામાં તેની ભૂમિકા રહેલી છે. સાથે સાથે પ્લાસ્ટિકના કારણે અનેક જીવલેણ બિમારી પણ ફેલાઇ રહી છે. આ વખતે પર્યાવરણ દિવસની મંગળવારના દિવસે ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે કેટલાક મોટી પહેલ પણ કરવામાં આવી હતી. જે અસરકારક છે. સાથે સાથે સ્વાગતરૂપ છે. પ્લાસ્ટિક પ્રદુષણને રોકવા માટે ગઇકાલે તમામને કહેવામાં આવ્યુ હતુ. સરકારો, ઉદ્યોગો, જુદા જુદા સમુદાય અને સામાન્ય જનતાને પ્લાસ્ટિકના ઉપયોગને રોકી દેવા માટે કહેવામાં આવ્યુ હતુ. પર્યાવરણ દિવસના યજમાન દેશ તરીકે આ વખતે ભારત રહ્યા બાદ કેટલીક નવી પહેલ ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે દુનિયાના સૌથી વધારે પ્લાસ્ટિકના ઉપયોગ કરનાર દેશોની યાદીમાં ભારત પાંચમા સ્થાને છે. પ્લાસ્ટિકના ખતરાને તો ખુબ પહેલા જ અમે ઓળખી ગયા હતા. જો કે આ સંબંધમાં જેટલી જાગૃતાની જરૂર હતી તેટલી જાગૃતા આવી ન હતી. હવે જ્યારે ખતરનાક બાબત સપાટી પર આવી છે ત્યારે અમે ધ્રુજી ગયા છીએ. જેથી પ્લાસ્ટિકની સામે જંગ છેડી દેવામાં આવ્યો છે. વિશ્વ પર્યાવરણના દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખુબ સારી પહેલ કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વના નિર્ણય હેઠળ અમદાવાદ શહેરમાં પાણીનાં પાઉચ અને પ્લાસ્ટિકની અન્ય ચીજો પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. પાણીના પાઉચની સાથે સાથે ચા માટે વપરાતી પ્લાસ્ટિકની નાની પ્યાલીઓ, મસાલામાં વપરાતા પ્લાસ્ટીક સહિતની સંબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ઉપયોગ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. શહેરના મેયર ગૌતમભાઇ શાહે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. રાજકોટ બાદ હવે અમદાવાદ શહેરમાં પણ પ્લાસ્ટિકના કાગળમાં પેક કરીને આવતાં પાણીના પાઉચ પર પ્રતિબંધ મૂકી દેવાયા બાદ હવે આગામી દિવસોમાં રાજયના અન્ય શહેરોમાં પણ આ પ્રકારે પ્લાસ્ટિક પર પ્રતિબંધની શકયતાઓ પ્રવર્તી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ જાહેરાતને પગલે પાણીના પાઉચના વેપારીઓ અને પ્લાસ્ટિકના વેપારીઓ-દુકાનદારોમાં ભારે નારાજગીની લાગણી ફેલાઇ ગઇ હતી. જો કે, લોકોના આરોગ્યને ધ્યાનમાં લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા નિર્ણયની જાગૃત નાગરિકોમાં ભારે પ્રશંસા થઇ રહી છે. દરમ્યાન અમદાવાદ જિલ્લા કલેકટરે પણ કલેકટર કચેરીને પ્લાસ્ટિક ફ્રી ઝોન ઘોષિત કરતી જાહેરાત કરી હતી. કલેકટર કચેરીમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી શણની બેગ આપવાની પણ તેમણે તત્પરતા દાખવી હતી અને આ માટે ખાસ વ્યવસ્થા કરવાની તૈયારી બતાવી હતી. આખરે નાગરિકોના આરોગ્યની સલામતીને ધ્યાનમાં રાખી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક અસરથી પ્રતિબંધ અમલી કરવામાં આવ્યો હતો.

જે પ્લાસ્ટિકે જીવનને સરળ બનાવ્યુ છે તે જ પ્લાસ્ટિક અમારા માટે હવે ખતરનાક

ઘેર બેઠા ઇસીજી કરી શકાશે

તમે હવે ઘેર બેઠા પોતાના અંગુઠાનો ઉપયોગ કરીને ઇસીજી પોતે જ કરી શકશો અને મોબાઇલ પર રિપોર્ટ પણ હાંસલ કરી શકાશે. હાર્ટના દર્દીઓ માટે આ ડિવાઇસ કોઇ વરદાનથી ઓછા તરીકે રહેશે નહી. કારણ કે મોટા ભાગના લોકોને હાર્ટની બિમારીની માહિતી જ મળતી નથી. જ્યાં સુધી હોસ્પિટલમાં પહોંચે છે ત્યાં સુધી ખુબ લેટ થઇ જાય છે. અલબત્ત હવે છાતીમાં દુખાવો થવાની સ્થિતીમાં પોતે જ ચેક અપ કરી શકશો. આ ડિવાઇસ ભારતમાં તૈયાર કરવામાં આવ્યા બાદ તેને ક્લિનિકલી રીતે મંજુરી પણ મળી ગઇ છે. તાલકટોરા મેદાનમાં હાલમાં યોજાયેલા પરફેક્ટ હેલ્થ મેળામાં સૌથી વધારે ભીડ આ જ કાઉન્ટર પર જોવા મળી હતી. આ ખાસ પ્રકારના ડિવાઇસને નોઇડાના રાહુલ રસ્તોગી દ્વારા તૈયાર કરવામાં સફળતા હાંસલ કરવામાં આવી છે. થોડાક વર્ષો પહેલા તેના પિતાને છાતીમાં દુખાવો થયો હતો. પહેલા તેઓ સમજી શક્યા ન હતા. જ્યારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે જાણવા મળ્યુ કે હાર્ટમાં બ્લોકેજ છે. મોટા ભાગના લોકો સમયસર હોસ્પિટલમાં પહોંચી શકતા નથી. રાહુલે ત્યારબાદ નિર્ણય કર્યો હતો કે એક એક મશીન બનાવશે જેના કારણે ઘેર બેઠા લોકો તેમના લોકોના હાર્ટ યોગ્ય રીતે છે કે કેમ તેની ચકાસણી કરી શકશે. બેંગલોરની હોસ્પિટલમાં આ ડિવાઇસના ટ્રાયલ કરવામાં આવી ચુક્યા છે. જે ૯૦ ટકાથી વધારે યોગ્ય સાબિત થયા છે. આ ડિવાઇસ મોબાઇલ એપથી કનેક્ટેડ છે. એક નાના બોક્સની જેમ બનેલા આડિવાઇસ પર બે પોઇન્ટ છે. જેના પર બંને અંગુઠાથી દબાવવાની જરૂર હોય છે. ત્યારબાદ એક અંગુઠાથી તે પોઇન્ટને સ્પર્શ કરીને ડિવાઇસના આગળના હિસ્સાને છાતીમાં છથી સાત જગ્યા સ્પર્શ કરાવવામાં આવે છે. ટચની સાથે ડિવાઇસ હાર્ટ રેટ મોબાઇલ પર દર્શાવે છે. થોડીક મિનિટોમાં સમગ્ર ઇસીજી રિપોર્ટ તૈયાર કરી લેવામાં આવે છે. હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર કહે છે કે આ ભારતીય ડિવાઇસ છે અને આજની જરૂરિયાત મુજબ છે.

એર ઇન્ડિયાને દરરોજ ૨૬ કરોડ સુધીનુ જંગી નુકસાન થયુ છે...

એર ઇન્ડિયાને લઇને ઘણા પડકારો

નુકસાનમાં ચાલી રહેલી રાષ્ટ્રીય વિમાન કંપની એર ઇન્ડિયાના ખાનગીકરણના પ્રયાસમાં સરકારને નિષ્ફળતા સાંપડ્યા બાદ પણ સરકાર હતાશ થઇ નથી. સરકાર આશાવાદી છે. એર ઇન્ડિયાના વેચાણના પ્રયાસ નવા વર્ષ ૨૦૨૦મા ઝડપી કરી દેવામાં આવ્યા છે. નવી સ્થિતી એ છેકે સરકારે ગયા વર્ષે તેના ૭૬ ટકા હિસ્સાને વેચી દેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઇ સફળતા મળી ન હતી. હવે એર ઇન્ડિયામાં ૧૦૦ ટકા હિસ્સાને વેચી દેવાની યોજના તૈયાર કરાઇ છે. માર્કેટ હિસ્સેદારીની દ્રષ્ટિએ સૌથી વધારે મજબુત રહેલી ઇન્ડીગો દ્વારા હવે તેની ખરીદી કરવામા રસ દર્શાવ્યો છે. ઉપરાંત દુબઇ સ્થિત એતિહાદે પણ રસ દર્શાવ્યો છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપ પુરીના કહેવા મુજબ દરરોજ એર ઇન્ડિયાને ૨૧થી ૨૭ કરોડનુ નુકસાન થઇ રહ્યુ છે. ગયા વર્ષે ૩૧મી મેના દિવસે બોલી લગાવવા માટેનો અંતિમ દિવસ હતો પરંતુ એર ઇન્ડિયાને લઇને કોઇએ રસ દર્શાવ્યો ન હતો. એર ઇન્ડિયામાં હિસ્સેદારી ખરીદવા માટે કોઇ તૈયાર ન થતા સરકારની ચિંતામાં વધારો થયો છે. એર ઇન્ડિયાના ખાનગીકરણના પ્રયાસને મોટો ફટકો પડ્યો છે. એર ઇન્ડિયામાં હિસ્સેદારી વેચવા માટે સરકારે તૈયારી દર્શાવી હતી. શરૂઆતમાં કેટલીક કંપનીઓએ તેમાં હિસ્સો ખરીદવા માટે તૈયારી દર્શાવી હતી. જો કે સરકાર દ્વારા રાખવામાં આવેલા કઠોર ધારાધોરણના કારણે કંપનીઓએ છેલ્લી ઘડીમાં હાથ પાછા ખેંચી લીધા હતા. એર ઇન્ડિયાના ખાનગીકરણના પ્રયાસ નિષ્ફળ રહ્યા બાદ આનો અર્થ એ થયો કે હવે કરદાતા પર કરોડો રૂપિયાના નુકસાનમાં ચાલી રહેલા એર ઇન્ડિયાના કારણે પણ વધુ બોજ પડનાર છે. માનવામાં આવે છે કે આ નિષ્ફળતાની પાછળ હરાજી માટેની કઠોર શરત હતી. રોકાણકારોને હરાજીની શરતો પસંદ પડી ન હતી. જેમાં મેનેજમેન્ટ સાથે સંબંધિત શરતો પણ સામેલ છે. મેનેજમેન્ટ સાથે સંબંધિત અડચણો પણ આના માટે જવાબદાર રહી હતી. જેમ કે ૨૪ ટકા સરકારી ભાગીદારી, ૨૭૦૦૦ કર્મચારીઓનુ સુરક્ષાના વચન, કંપની પર હાલમાં રહેલા ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના દેવા પૈકી ૩૩૩૯૨ કરોડ રૂપિયાના દેવા ભારનો



ગયા વર્ષે ૭૬ ટકા હિસ્સાને વેચવામાં નિષ્ફળતા મળ્યા બાદ હવે ૧૦૦ ટકા હિસ્સેદારી વેચવા તૈયારીઃ ઇન્ડીગો, એતિહાદની તૈયારી છે

સમાવેશ થાય છે. નાગરિક ઉડ્ડયન સચિવ આરએન ચૌબે કહી ચુક્યા છે કે સરકાર હવે નવેસરથી કંપનીના ભાવિ પર વિચારણા કરશે. સંભવિતરીતે આવકની ઓછી શક્યતા, અપેક્ષા કરતા વધારે જવાબદારી, વેચાણ બાદ પણ સરકાર દ્વારા શેરધારક રહેવાની બાબત, કાયદાકીય રીતે તમામ લાભ મેળવી લેવા જેવી બાબતોના કારણે રોકાણકારો એર ઇન્ડિયામાં હિસ્સેદારી ખરીદવા માટે આગળ આવ્યા નથી. વર્તમાન સ્તિતીમાં જો સરકાર ખરેખર એર ઇન્ડિયામાં હિસ્સેદારી વેચવા માટે ઇચ્છુક છે તો ડિસઇન્વેસ્ટમેન્ટની શરતોને સુધારીને ફરીથી ટેન્ડર આમંત્રિત કરવામાં આવી શકે છે. નાણાં પ્રધાને ગયા વર્ષે ૨૪ કંપનીઓમાં ડિસઇન્વેસ્ટમેન્ટની યોજના જાહેર કરી હતી. જેમાં એર ઇન્ડિયા પણ સામેલ છે. હેલિકોપ્ટર સેવા કંપની પવન હંસ પણ સામેલ છે. ડિસઇન્વેસ્ટમેન્ટ યોજનાને ગંભીરતાપૂર્વક હાથ ધરવા અને લક્ષ્યની સમીક્ષા કરવાની હવે જરૂરિયાત દેખાઇ રહી છે. પવનહંસ લિમિટેડમાં પણ સરકારને ૫૧ ટકા હિસ્સેદારી વેચવા માટે કોઇ યોગ્ય ખરીદાર મળ્યા નથી. જેથી નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. એર ઇન્ડિયાને લઇને રોકાણકારોની ઉદાસીનતા, નાણાંકીય વર્ષમાં ઓછો સમય રહેવા અને તેમજ નજીકના ભવિષ્યમાં ચૂંટણીને ધ્યાનમાં લઇને રોકાણકારો સાવધાની રાખી રહ્યા છે. આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહેલા એરઇન્ડિયાએ હવે સરકાર પાસેથી ૨૦૦૦ કરોડ રૂપિયાના વધારાના ફંડની માંગ કરી છે. યુપીએ સરકારે ૨૦૧૨માં એર ઇન્ડિયા માટે ૩૦૨૩૧ કરોડ રૂપિયાના બેલઆઉટ પેકેજની જાહેરાત કરી હતી. કંપનીને હજુ સુધી ૨૬૦૦૦ કરોડ રૂપિયા મળી ચુક્યા છે. વર્તમાન સ્થિતિને પહોંચી વળવા માટે સરકાર પાસેથી વધારાના ૨૦૦૦ કરોડ રૂપિયાની માંગ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩-૧૪થી એર ઇન્ડિયાને દર વર્ષે સરેરાશ ત્રણથી ચાર હજાર કરોડ રૂપિયાની રકમ મળે છે. હવે આ રકમ ઘટી રહી છે. ૨૦૧૮-૧૯માં આ રકમને ઘટાડીને ૬૫૦ કરોડ રૂપિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કારણ કે તેના ખાનગીકરણની યોજના બનાવવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩-૧૪થી એર ઇન્ડિયાને જંગી નાણા મળી રહ્યા હતા. જો કે, આ યોજના હવે સંપૂર્ણપણે ફ્લોપ રહી છે. એરલાઈનની ૭૬ ટકા હિસ્સેદારી વેચવા માટેની તૈયારી કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવી હોવા છતાં એર ઇન્ડિયાને ખરીદવા માટે કોઇ કંપની તૈયાર થઇ ન હતી. આર્થિક તકલીફના પરિણામ સ્વરુપે એર ઇન્ડિયાના કર્મીઓના પગાર પણ અટવાઈ પડ્યા છે. એર ઇન્ડિયાના ૭૬ ટકા હિસ્સાને વેચવાના સરકારના નિર્ણય બાદથી કેટલીક કંપનીઓએ આમા રસ દર્શાવ્યો હતો પરંતુ સરકાર દ્વારા અતિ કઠોર ધારાધોરણોને અમલી કરવામાં આવ્યા બાદ કંપનીઓ પીછેહઠ કરી ગઈ હતી. કેટલીક વિદેશી એરલાઈનો દ્વારા પણ રસ દર્શાવવામાં આવ્યો હતો. જો કે, આ તમામ કંપનીઓ છેલ્લીઘડીએ પીછેહઠ કરી ગઈ હતી. સરકારને કોઇ ખરીદદાર ન મળતા હવે એર ઇન્ડિયા તરફથી ૨૦૦૦ કરોડ રૂપિયાના વધારાના ફંડની માંગ કરવામાં આવી છે. એર ઇન્ડિયામાં ડિસઇન્વેસ્ટમેન્ટમાં નિષ્ફળતા મળ્યા બાદ સરકારને વધારે ધ્યાન લક્ષ્ય પર કેન્દ્રિત કરવાની જરૂરિયાત દેખાઇ રહી છે.

હિન્દી ફિલ્મોને લઈને ચાહકોનો સ્વાદ બદલાઈ રહ્યો છે જેથી...

બદલાઈ રહેલા મનોરંજનના વિષય

હિન્દી ફિલ્મોને લઈને ચાહકોનો સ્વાદ હવે બદલાઈ રહ્યો છે.હવે દેશના ચાહકોને માત્ર રોમેન્ટિક અને એક્શન ફિલ્મો જ પંસદ પડી રહી નથી. બલ્કે કેટલાક એવા વિષય પર ફિલ્મ બની રહી છે અને સફળ પણ થઈ રહી છે જે ફિલ્મોના વિષય પર પહેલા વિચારણા પણ કરવામાં આવતી ન હતી. કેટલાક વર્ષો પહેલા તો સાહસી વિષયો પર ફિલ્મો પણ બનતી ન હતી. હવે મનોરંજનના વિષય અને કલાકારો પણ બદલાઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૯માં કેટલીક નવી બાબતો બોલિવુડમાં જોવા મળી હતી. ભારતીય મનોરંજન ઉદ્યોગમાં કેટલાક નવા સ્ટાર ઉભરીને સપાટી પર આવ્યા હતા. જે લોકોમાં ચર્ચામાં રહ્યા છે. કેટલાક મોટા સ્ટાર અસ્ત થવાની દિશામાં આગળ વધી રહ્યા છે. એક જુનો દોર પૂર્ણ થવાના આરે છે. અભિનેત્રીઓની વાત કરવામાં આવે તો આ વર્ષે સૌથી વધારે સફળતા કંગના રાણાવતને મળી હતી. કંગનાને ઉજવણી કરવાની સૌથી વધારે તક મળી હતી. કારણ કે કંગના રાણાવતે ફિલ્મ મણિકર્ણિકામાં માત્ર ભૂમિકા જ કરી ન હતી બલ્કે તેમાં નિર્દેશનની ભૂમિકા પણ અદા કરી હતી. અલબત્ત અન્ય મહિલા પણ નિર્દેશનના ક્ષેત્રમાં એન્ટ્રી કરી ચુકી છે. પરંતુ કંગના પ્રથમ એવી અભિનેત્રી તરીકે છે જેમાં તે રોલ પણ કરી ગઈ છે અને સાથે સાથે નિર્દેશન તરીકે પણ છે. એક બાબત ધ્યાન આપવા જેવી રહી છે કે હિન્દી ફિલ્મોને લઈને ચાહકોનો સ્વાદ બદલાઈ રહ્યો છે. હવે ચાહકોને માત્ર રોમેન્ટિક ફિલ્મ અને એક્શન ફિલ્મ જ પસંદ નથી. કેટલાક એવા વિષય પર ફિલ્મ બની રહી છે જે અંગે પહેલા વિચારણા પણ કરવામાં આવતી ન હતી. જેમ કે ૨૦૧૯માં માથામાં વાળ નહીં ધરાવતા લોકો પર બે ફિલ્મ બની હતી.જેમાં પ્રથમ ફિલ્મ ઉજડા ચમન હતી. જેનુ નિર્દેશન અભિષેક પાઠક દ્વારા



હવે લોકોને માત્ર રોમેન્ટિક અને એક્શન ફિલ્મો જ પસંદ પડી રહી નથી બલ્કે કેટલાક સંવેદનશીલ-સાહસી વિષયો પર હવે ફિલ્મો બની રહી છે

કરવામાં આવ્યુ હતુ. બીજી ફિલ્મ બાલા હતી. જેમાં આયુષ્માન ખુરાનાની ભૂમિકા હતી. જેના નિર્દેશક તરીકે અમર કૌશિક હતા. જેમાં બાલા વધારે સફળ સાબિત થઈ હતી. આયુષ્માન ખુરાનાની આ વર્ષે ત્રણ ફિલ્મ આવી હતી. જેમાં અન્ય બે ફિલ્મો આર્ટિકલ ૧૫ અને ડ્રીમ ગર્લ ફિલ્મનો સમાવેશ થાય છે. ત્રણેય ફિલ્મો અલગ અંદાજ અને વિષય સાથે સંબંધિત હતી. ત્રણેયમાં આયુષ્માન પણ અલગ રોલમાં નજરે પડ્યો હતો. હાલમાં તેના અંગે એમ કહી શકાય નહીં કે તે સુપરસ્ટાર બની ગયો છે પરંતુ ની ફિલ્મો ચાહકોને પસંદ પડી રહી છે. જો કે આયુષ્માને ચાહકોમાં ભારે આશા જગાવી છે. તે મોટા સ્ટાર બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. આયુષ્માનની સાથે સાથે વિકી કૌશલ, કાર્તિક આર્યન અને રાજકુમાર રાવનો સમાવેશ થાય છે. રાજકુમાર રાવ માટે પણ ૨૦૧૯નો સમય શાનદાર રહ્યો છે. સામાન્ય રીતે જોવામાં આવે તો અક્ષય કુમાર અને રણવીર સિંહ તેમજ રણબીર પણ લોકપ્રિય રહ્યા છે. મિશન મંગળ અક્ષય કુમારની શાનદાર ફિલ્મ રહી છે. રણવીરની ગલ્લી બોય સુપરહિટ રહી હતી. આ વર્ષના અંતે તેની ગુડ ન્યુઝ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. હવે અભિનેત્રીઓની વાત કરવામાં આવે તો આ વર્ષે એક ની અભિનેત્રી મહેશ માંજરેકરની પુત્રીએ તમામનુ ધ્યાન ખેંચ્યુ છે. જે દબંગ-૩માં રજૂ થઈ હતી. તેની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. અન્ય કેટલીક અભિનેત્રી પણ લોકપ્રિયતા મેળવી રહી છે જેમાં અનન્યા પાન્ડે, આલિયા ભટ્ટ, શ્રદ્ધા કપુર અને વિદ્યા બાલન, કૃતિ સનુન, સારા અલી ખાન તેમજ તાપસી લોકપ્રિય રહી છે. આ તમામ અભિનેત્રીઓએ તેમની સારી છાપ છોડી છે. કેટલીક અભિનેત્રીઓ વય વધી હોવા છતાં ગ્લેમર વર્લ્ડમાં તેની લોકપ્રિયતાને ટકાવી રાખવામાં સફળ રહી છે. જેમાં રાની મુખર્જી અને કરીના કપુરનો સમાવેશ થાય છે. રાની એકબાજુ મર્દાની-૩ ફિલ્મમાં દેખાઈ રહી છે. જ્યારે કરીના કપુર ગુડ્સ ન્યુજમાં નજરે પડી છ. બોલિવુડની ફિલ્મોમાં મોટા ફેરફાર જોવા મળી રહ્યા છે. મહિલા પ્રધાન ફિલ્મો પણ હવે બની રહી છે. મર્દાની-૩૨ અને તાપ્સી તેમજ ભૂમિની સાંડ કી આંખ ફિલ્મનો સમાવેશ થાય છે. આગામી વર્ષે પણ કેટલીક ફિલ્મો બનવા જઈ રહી છે. વર્ષ ૨૦૧૯માં જે વેબ સિરિઝ આવી તેમાં લીલા વધારે ચર્ચામાં રહી હતી. જેનુ નિદેશન દિપા મહેતા દ્વારા કરવામાં આવ્યુ હતુ. બીજી ચર્ચાસ્પદ ફિલ્મ બોર્ડ ઓફ બ્લડ રહી હતી. જેનુ નિર્દશન રિભુ દાસ દ્વારા કરાયુ હતુ. જેમાં ઈમરાન હાસ્મી જાસુસની ભૂમિકામાં હતો.

આમીર, સલમાન, શાહરૂખનુ પ્રભુત્વ ખતમ થયુ

ખાન ત્રિપુટી અસ્ત થવા તરફ

બોલિવુડમાં દશકો સુધી શાસન કરનાર ખાન ત્રિપુઠી સલમાન ખાન, આમીર ખાન અને શાહરૂખ ખાનનુ પ્રભુત્વ હવે ખતમ થવા તરફ છે. આશરે ત્રણ દશક સુધી આ ખાન ત્રિપુઠીનો જાદુ બોલિવુડમાં રહ્યો હતો. જો કે હવે તેમની લોકપ્રિયતા સતત ઘટી રહી છે. વર્ષ ૨૦૧૯માં જ ટ્રેન્ડની સ્થિતી રહીતે સાબિત કરે છે કે ત્રણેય ખાન હવે અસ્ત થવાની દિશામાં છે. આ વર્ષે શાહરૂખ ખાનની તો કોઇ ફિલ્મ આવી ન હતી. અલબત્ત તે કમાણી કરી રહ્યો છે. નવેસરના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૯માં શાહરૂખ અને તેની કંપનીએ ૧૨૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જો કે આ બિઝનેસમેન શાહરૂખ ખાનની કમાણી છે. ફિલ્મોથી કોઇ કમાણી થઇ નથી. ફિલ્મ સ્ટાર તરીકે શાહરૂખ ખાનની કેરિયર હવે સમાપ્તિ તરફ છે. વાત આમીર ખાનની કરવામાં આવે તો પણ એવી જ સ્થિતી રહે છે. એક બાળ કલાકાર તરીકે તે યાદો કી બારાતમાં દેખાયો હતો. ત્યારબાદ વર્ષ ૧૯૮૪માં તેની હોળી ફિલ્મ આવી હતી. જો કે તેની પ્રથમ સફળ ફિલ્મ કયામત સે કયામત તક હતી. જે બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઇ હતી. તેની ત્યારબાદ તમામ વર્ષો દરમિયાન એક પછી એક સુપરહિટ ફિલ્મો આવી હતી. જે રેકોર્ડ સફળતા મેળવી રહી હતી. જેમાં પીકે, થ્રી ઇડિયટ્સ અને અન્ય ફિલ્મનો સમાવેશ થાય છે. જો કે વર્ષ ૨૦૧૮માં ઠગ્સ ઓફ હિન્દુસ્તાન ફ્લોપ સાબિત થઇ હતી. વર્ષ ૨૦૧૯માં તેની કોઇ ફિલ્મ રજૂ કરાઇ ન હતી. તેની કેરિયર પણ હવે પૂર્ણાહુતિની દિશામાં છે. ત્રીજા સૌથી મોટા ખાન તરીકે સલમાન ખાન છે. તેની બે ફિલ્મો આ વર્ષે આવી હતી. જેમાં ભારત અને દબંગ-૩ ફિલ્મનો સમાવેશ થાય છે. બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ રહી છે. જો કે આ બાબત પણ સાબિત થઇ ગઇ કે તેની ફિલ્મો સૌથી વધારે કમાણી કરનાર ફિલ્મ તરીકે રહી નથી. એક સ્ટાર તરીકે સલમાન ખાનની લોકપ્રિયતા તો અકબંધ રહી છે પરંતુ તેના કરતા લોકપ્રિય સ્ટાહર તરીકે પણ હવે ઉભરી રહ્યા છે. જે ત્રણ ફિલ્મો આ વર્ષે સૌથી વધારે કમાણી કરી ગઇ છે તેમાં રિતિક રોશનની વોર ફિલ્મ છે. ત્યારબાદ શાહીદ કપુરની કબીર અને ત્રીજી ફિલ્મ ઉરી ધ સર્જિકલ સ્ટ્રાઇક રહી છે. વિકી કોશલની ફિલ્મ પણ સલમાન ખાન કરતા વધારે કમાણી કરી ગઇ છે.

આપણા સંતાનને માત્ર માણસ થવાનું શીખવાડવાનું છે બાકી સમય સમયનું કામ કરશે

આપણે ક્યારેય આપણી અંદર ચાલતી ગડમથલોને તપાસવાની તસ્દી લેતા નથી, આપણને કઈક ગમે છે અને કઈક ગમતુ નથી તો આવુ કેમ થાય છે, જે ગમે છે તેનું કારણ શું છે અને જે નથી ગમતુ તો કેમ ગમતુ નથી તેવો પ્રશ્ન આપણે પોતાને ક્યારેય કરતા નથી. જેના કારણે આપણા મનમાં પડેલી સાચી ખોટી ધારણાઓ ઉપર એક પછી એક પડ ચડતા જાય છે. જે આપણું જીવન ખરાબ કરી નાખે છે. આપણે સતત આપણા મનમાં રહેલી ના પસંદને લઈ માનસીક સંતાપમાં જીવવા લાગીએ છીએ, જેઓ શ્રીમંત થઈ ગયા છે અથવા જેમને પણ શ્રીમંત થવું છે તેવા મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગને આમ તો તમામ વર્ગને ગરીબો પસંદ પડતા નથી, આ કડવી વાસ્તવિક્તા આપણે સ્વીકારવા તૈયાર રહેવું પડશે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર ઝુંપડામાં રહેતા ઘર વિહોણા ગરીબો માટે ઈકોનોમીકલ વીકર સેકશન સ્કીમ હેઠળ મકાનો બનાવે છે અને ગરીબોને પોતાનું ઘર ફાળવે છે. આવી યોજના જે પણ મોટા શહેરોમાં મુકાઈ તેની સામે મોટા ભાગના સ્થળે આ પ્રકારના મકાન બનવા સામે વિરોધ થઈ રહ્યો છે અને આ વિરોધ મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગ કરી રહ્યો છે.

આજ પ્રકારની સ્થિતિ રાઈટ ટુ એજયુકેશનની છે. જો દેશનો દરેક બાળકને ભણવાનો અધિકાર મળે છે અને કોઈ બાળક શિક્ષણથી વંચિત ના રહે તો દેશની અનેક સમસ્યાઓમાંથી આપણને મુક્તિ મળે, ગરીબમાં ગરીબનું બાળક પણ ખાનગી સ્કૂલમાં અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા સરકારે ઊભી કરી છે. આ સારી યોજના છે, પરંતુ સરકારની આ યોજના સામે પણ ખાસ્સો વિરોધ છે અને વિરોધ કરનાર બીજા કોઈ નહીં મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો છે. જેમના બાળકો ખાનગીમાં શાળામાં વર્ષે લાખો રૂપિયા ફિ ભરી ભણે છે, જ્યારે આ જ શાળામાં ગરીબના બાળકો મફત ભણે તેની સામે તેમને વાંધો છે. આમ સરકારની આ બંન્ને યોજના જુઓ તો એક ગરીબ માણસ જે કાચા મકાનમાં રહે છે તેને સરકાર મકાન આપે છે અને બીજી યોજના ગરીબનું બાળક ફિ ભર્યા વગર શહેરની સારી ગણાતી સ્કૂલમાં અભ્યાસ કરી શકે છે. પણ આ બંન્ને યોજનાઓ સામે આપણને વાંધો છે, આમ તો કોઈનું કલ્યાણ થાય તો આપણને આનંદ થવો જોઈએ પરંતુ આપણે કોઈના કલ્યાણ સામે વાંધો છે જે અંગે તમે ક્યારેય વિચાર કર્યો છે?

ખરેખર ગરીબનું કલ્યાણ થાય તેની સામે આપણને કોઈ વાંધો નથી પણ વાંધો ગરીબનું કલ્યાણ પણ આપણે કહીએ તેમ થાય તેવો આપણો આગ્રહ છે. આપણે આપણા હદયને જરાક કોરીએ તો મનમાં પડેલુ સત્ય બહાર આવશે, આપણને ગરીબને મકાન મળે અને ગરીબ બાળકને શિક્ષણ મળે તેની સામે વાંધો નથી ખરેખર તે ગરીબ છે એટલે આપણને ગમતા નથી તે નગ્ન સત્ય છે. દોષ માત્ર એટલો જ છે કે તેઓ ગરીબ છે, આપણે હાલમાં જ્યાં રહીએ છીએ તેની બાજુમાં જો કોઈ પાંચ કરોડના બંગલાની સ્કીમ મુકાય, જેની સામે આપણે કોઈ રોકાણ નથી છતાં આપણે તે બંગલાનું ગૌરવ લઈશું, આપણું બાળક જે સ્કૂલમાં અભ્યાસ કરે તે સ્કૂલમાં માની લઈ કે અનીલ- મુકેશ અંબાણીના સંતાનો ભણવા આવે તો આપણને ગૌરવ થશે પણ ગરીબનો દિકરો-દીકરી સરકારની કાયદા પ્રમાણે સ્કૂલમાં એડમીશન લે તો આપણને વાંધો પડે છે. આ બહુ નાજુક બાબત છે આપણે પોતાને હચમચાવી ક્યારેય પુછતા નથી કે આવું કેમ કરીએ છીએ. આપણા મનમાં ગરીબો માટે ધૃણા છે કારણ તેમની પાસે સારા કપડા- કહેવાતી મેનર્સ નથી.

કઈ વાંધો નહીં મને દુનિયાના તમામ માણસો અને તમામ વર્ગના લોકો ગમતા હોય તે જરૂરી નથી, પણ મારા અણગામાનો વિરોધ સ્વાર્થી છે જે લોકો આપણને પસંદ નથી તેમના વગર ચલાવા આપણે શીખી લેવું જોઈએ પણ તે આપણાથી શકય નથી, આપણા ઘરમાં એક દિવસ જો કામવાળો અથવા કામવાળી આવવાની નથી તેવી આગોતરી જાણ થાય તો કોઈ રાષ્ટ્રીય સંકટ જાહેર થયું હોય તેવી સ્થિતિ ઘરના તમામ સભ્યોના માથે આવી પડે છે. ઘરની સ્ત્રીઓ લઈને પતિ અને બાળકો તમામ ચિંતામાં પડી જાય છે. જો કામવાળો અથવા કામવાળી ગરીબ હોવાને કારણે આપણને વાંધો હોય તો આપણે તેમના વગર ચલાવતા પણ શીખી જવું જોઈએ, આપણા દિવસનો ક્રમ જુઓ તો સવારથી રાત સુધી એવા કેટલા કામ છે જે આપણી પાસે પૈસા હોવા છતાં ગરીબ માણસો કરે છે. જે લોકો આપણને ગમતા નથી. આ જ ગરીબ માણસો આપણી જીંદગીને સરળ બનાવે છે સવારે આપણું આંગણુ વાળતો સફાઈ કામદાર, આપણા ઘર સુધી શાક લઈ આવતો લારી વાળો, આપણી કાર સાફ કરતો છોકરો, ઘરમાં કામ કરતો નોકર, સહિત કડિયા, સુથાર અને પલ્બર સહિત આવા એકસો કરતા વધુ લોકો છે જેમણે આપણી જીંદગીનો આનંદ લેવાનો આપણને સમય આપ્યો છે.

પણ આ જ ગરીબ માણસ આપણો પડોશી થાય તો આપણને વાંધો પડે છે, આ જ ગરીબનું બાળક આપણા બાળક સાથે અભ્યાસ કરે તો આપણને પસંદ નથી. આપણે આ તમામ માટે એક વાહિયાત દલીલ કરીએ છીએ કે સંસ્કારનો પ્રશ્ન છે. ગરીબનું બાળક આપણા બાળક સાથે ભણે તો તેના સંસ્કાર અને આપણા સંસ્કાર અલગ પડે છે. આપણા બાળક ઉપર તેની માઠી અસર અસર પડે છે. મને આ દલિલ અંગે કાયમ આશ્ચર્ય છે. કારણ જે બાળક સ્કૂલમાં પાંચ કલાક જાય છે તેના મનમાં માઠી અસર પડે છે અને જે બાળક આપણી સાથે બાકીના ઓગણીસ કલાક રહે છે તેની ઉપર આપણા સારા સંસ્કારની અસર કેમ થતી નથી, દોષ આપણી અંદર છે આપણે જે લોકો સંસ્કારની દુહાઈએ આપીએ છીએ, ત્યાં જ ગરબડ છે. કારણ કે સંસ્કારનો ખરો અર્થ થાય છે માણસ થવું, આપણે આપણા સંતાનને માત્ર માણસ થવાનું શીખવાડવાનું છે બાકી સમય સમયનું કામ કરશે. મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગને જે વાત સમજાઈ નથી તે વાત મુકેશ-અનીલ અને ગૌતમ અદાણીને સમજાઈ ગઈ છે કારણ તેમની કંપનીમાં કામ કરતા તમામ માણસો મુકેશ-અનીલ અને ગૌતમ થવાના નથી દરેકની પોતાની લાયકાત પ્રમાણે કામ અને દામ આપે છે.

રૂપાણીજીને સાહેબનો ફ્રીહેન્ડ ગાલે વાગે નહિ, પણ ગલગલીયા જ કરે એવી શુભેચ્છા

૧લી જાન્યુવારી ૨૦૨૦ના દિવસે આપણે સૌ નવા વર્ષની શુભેચ્છા ઓ પાઠવીએ છીએ. દિવાળીની પછીના વિક્રમના નવા સંવતની શરૂઆત વખતે આપણે દેશી મહિના મુજબ આપેલી શુભેચ્છા અંગ્રેજી મહિનામાં કદાચ નહિ ચાલતા હોય, વીર વિક્રમને ક્યાં અંગ્રેજી આવડતું હતું અને ઈસુ ને આપણી ભાષા નોતી આવડતી. જેથી આપણે વર્ષમાં બે વાર નવા વર્ષની શુભેચ્છા પાઠવીએ છીએ અને મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક તાતાહા પારસી બાબાને નવરોજ મુબારક પાઠવીએ છીએ. પણ તેમાં ફરક એટલો કે આજે આપણે નાત—જાતના વાડાઓથી ઉઠીને માત્ર અંગ્રેજીમાં જ હેપ્પી ન્યુ યર પાઠવીએ છીએ.

આમ તો આજના યુગમાં શુભેચ્છાઓની જરૂર તો સહુકોઈને રહે છે. વડાપ્રધાન—રાષ્ટ્રપતિ, સેનાના વડા થી લઈને તમામ ધર્મના વડાઓને પણ ગમે ત્યારે શુભેચ્છાઓની મોટી જરૂર ઉભી થતી હોય છે.

તો આજે આપણે સહુની જરૂરીયાત મુજબની શુભેચ્છાઓ પાઠવીને તેમને થોડી રાહત આપીએ.

સહુ પ્રથમ આપણે આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શુભેચ્છા પાઠવીએ. ગુજરાતમાં વિધાનસભાની પેટા ચુંટણી પછી તેમને શુભેચ્છાની જરૂર ઉભી થઈ છે. વિજયભાઈએ જોકે કહ્યું કે મારે કોઈ શુભેચ્છાની જરૂર નથી કારણકે હાઈ કમાન્ડ—સાહબે શ્રી નરેન્દ્રભાઈ તથા સાહેબ શ્રી અમિતભાઈ ની શુભેચ્છા હજુ પુરેપુરી વપરાઈ ગઈ નથી. સાહેબનો ફ્રીહેન્ડ છે એટલે ચિંતા નથી.

સરસ, આપણે માત્ર એટલી જ શુભેચ્છા પાઠવીએ કે સાહેબનો ફ્રીહેન્ડ છે, એટલે થોડું સાચવવું પડે. એ હાથ ગમે ત્યારે ગમે ત્યાં પડે. જેથી આપણે આપણા મુખ્યમંત્રીને શુભેચ્છા પાઠવીએ કે સાહેબનો ફ્રીહેન્ડ માત્ર ગાલે ગલગલીયા જ કરે



જોરથી ભટકાઈને ગાલ સોજી જાય નહિ. તે માટે શુભેચ્છા. બાકીના મંત્રી મંડળના તમામ સભ્યોને શુભેચ્છાની જરૂર છે. જેમાં આપણા મહેસુલ મંત્રી કૌશિકભાઈને તંદુરસ્તી માટેની શુભેચ્છા, આપણા શિક્ષણ મંત્રી શ્રી ભુએમ્દ્રસિન્હજી તાતાહા ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાને અદાલતી કાર્યવાહીમાં આબરૂ જળવાય રહે તે માટેની શુભેચ્છા.

પરશોતમભાઈ સોલંકી ને સહુથી વધુ શુભેચ્છાની જરૂર છે. તેમના સ્વાસ્થ્ય માટે તથા અદાલતની કાર્યવાહી, ઉપરાંત પણ ઘણી ઘણી શુભેચ્છાઓ તેમને આપીએ જેથી લાલ લાઈટ વાડી ગાડી અને ભાઈ ની સેવાકીય પ્રવૃત્તિ યથાવત રહી શકે.

આમતો આપણા નાણામંત્રી આરોગ્યમંત્રી પણ છે. જેથી નીતિનભાઈ ને આરોગ્ય અને સંપતિ બાબતમાં શુભેચ્છાની જરૂર ઓછી છે, માત્ર આ આરોગ્ય અને નાણા વિભાગો તેમને હજુ સાથ આપે તેવી શુભેચ્છા પાઠવીએ.

જોકે કૃષિમંત્રી આર.સી. ફળદુ ખેડૂત છે અને તેમની પાસે વાહનવ્યવહાર વિભાગ પણ છે. આ બે વિભાગો અત્યારે ભારે હેરાન કરે છે. ખેડૂતોના પ્રશ્નો પુરા થતાં જ નથી. પાક્વીમાં ને લઈને મોટો હોબાળો છે. પણ સાહેબ આ મુદ્દે કોઈ કશું કરી—બોલી શકે નહિ, ખેડૂતો ને એ કેમ સમજાવવું કે આ પાક વિમાની યોજના એ આપણા સાહેબે તૈયાર કરેલી ' પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના 'છે. તેમાં કાંઈ ખોટું હોઈ જ ના શકે. કાંઈ ખોટું છે એવું કહીએ તો સાહેબ નારાજ થાય. ખેડૂત મિત્રોને આ વાત સમજાય જાય એવી ફળદુ સાહેબને શુભેચ્છા. હેલ્મેટ ટુ બી ઓર નોટ ટુ બી ની સ્થિતિમાંથી બહાર આવે એવી શુભેચ્છા.

કોંગ્રેસ પક્ષને પણ શુભેચ્છાની ઘણીબધી જરૂરીયાત છે જ. પ્રથમ પ્રદેશ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાને આપણે નવા વર્ષની શુભેચ્છા પાઠવીએ કે કોંગ્રેસ પક્ષમાં વધેલા બચેલા સૌ કોઈ કાર્યકરો, ચૂંટાયેલા સભ્યો ને સાચવી રાખવાની શ્રી અમીતભાઈને ઈશ્વર તાકાત આપે એવી શુભેચ્છા. નવું સંગઠન થોડા દિવસોમાં જાહેર થશે. હાઈ કમાંડ જે કાંઈ નિર્ણય લેશે તેમાં હોબાળો નક્કી જ હોય છે. તેમાં અમિતભાઈની ચેમ્બરના બારી બારણા સલામત રહે તેવી શુભેચ્છા.

બાકી અર્જુનભાઈ, સિધ્ધાર્થભાઈ, શક્તિસિંહજી વગેરેને પણ ઘણી બધી શુભેચ્છાઓ કે તેમને જાહેર જીવનમાં પોતાની ઓળખ યથવાત રાખવા કોઈ સારા વિવાદો મળી રહે.

આપણા શંકરસિંહજી બાપુને નવા વર્ષે એનસીપીમાં જ રહેવા માટેની શુભેચ્છા. નવા વર્ષમાં હવે નવું કશું વિચાર્યા વિના જે જવાબદારી સ્વીકારી છે તેને પૂર્ણ કરવા ભગવાન ભોળોનાથ આપને શક્તિ આપે અને હવે મન ચલિત ન થાય તે માટે શુભેચ્છા.

બાકી છાપાના તંત્રીઓ, નાના છાપાના માલિકો વગેરેને માહિતી ખાતાના નવા નિયમો છતાં ટકી રહેવાની શક્તિ ઈશ્વર આપે તે માટે શુભેચ્છા.

યોગીજી અન્ય સમાજની ત્યક્તા મહિલાઓને પેન્શન કેમ નહિ, વારુ...?

દેશ ભરમાં એનઆરસી- સીએએ નો અમલ થાય તે માટે ભાજપાની કેન્દ્ર સહિતની રાજ્ય સરકારોએ જરૂરિયાત અનુસાર વ્યુહ અપનાવ્યો છે... ઉત્તર ભારતને આકરી ઠંડીએ પોતાની ઝપટમાં લઈ લીધું છે. લોકો ઠુંઠવાઈ રહયા છે તેમાં ખાસ કરીને ઝૂંપડામાં વસતા પરિવારો અને મજૂરી કામ કરતા તેમજ આદિવાસીઓ નો સમાવેશ થાય છે. પરંતુ સરકાર આવા પિડાતા લોકોને સહાય કે યોગ્ય સુવિધા આપી શકતી નથી સિવાય કે માનવીય અભિગમ ધરાવતા લોકો વ્યક્તિગત રૂપે ખુલ્લામાં ઢાંકેલા ફાટેલા તુટેલા ગોદડા ઓઢી ને સુતા હોય તેમને જોઈને ગરમ ધાબળા ઉઢાડે છે. તો કોઈ ગરમ કોટી-કોટ વગેરે પહેરાવતા હોય છે. પણ આવું કાર્ય જુજ વ્યક્તિઓ જ કરતી હોય છે. સરકાર એટલા માટે સહાય નથી કરતી કે કાયદા અનુસાર માત્ર કુદરતી આપત્તિ, અતિવૃષ્ટિ, ધરતીકંપ, મોટી હોનારતમાં જ સહાય કરી શકે છે. જ્યારે બરફીલા કે અતિ ઠંડીમાં ઠૂઠવાતો લોકોને આપવા કોઈ કાયદો જ નથી. કદાચ હવે સરકારે આ માટે કાયદો બનાવવો પડશે... આવી હાડ થીજાવતી ઠંડીમાં સીએએ અને એન.આર.સી માટે સૌથી વધુ વીરોધ છે તે ઉત્તર પ્રદેશમાં સરકાર ત્રિપલ તલાક નો ભોગ બનેલ પીડિત મહિલાઓને વાર્ષિક રૂપિયા ૫૦ હજારનું પેન્શન પેકેજ આપવાનો નિર્ણય કરી તેનો અમલ પણ કરી દીધો છે. અને આવી પરાણે છૂટાછેડા મળલ મહિલાઓને એક જાહેર કાર્યક્રમમા મુખ્ય મંત્રી યોગીજી દ્વારા કીટનું વિતરણ કરવામાં આવ્યું. જેના ઘેરા પ્રત્યાઘાત અન્ય સમાજોમાં પડ્યા છે... અન્ય સમાજની મહિલાઓનું કહેવું છે કે માત્ર ત્રિપલ તલાક પીડીત મુસ્લિમ બાનુઓને પેન્શન અપાય તો અન્ય હિન્દુ સહિતની જ્ઞાતિઓની ત્યકતાઓ કે છૂટાછેડા પિડીત મહિલાઓને પેન્શન કેમ નહી....? શું સીએએ-એનસીઆરના વિરોધમાં મુસ્લિમોએ મોટા પ્રમાણમાં દેખાવો કર્યા અને કરે છે તેને ઠંડો પાડવા મુસ્લિમ ત્રીપલ પેન્શન આપવા નિર્ણય કરાયો....? ત્યારે બાકીના સમાજની છૂટાછેડા પીડિત મહિલાઓ પેન્શનમાં કેમ બાકાત રાખી..? હિંદુઓની વાત કરવી, હિન્દુ હિતોની દુહાઈ દેતી ભાજપા શુ હિન્દુ સહિતના અન્ય સમાજોની વિરોધી છે.? હિન્દુ અને અન્ય સમાજોએ પણ આ કાયદાઓનો વિરોધ કર્યો છે. પણ તમારા ટીવી બતાવતા નથી... માત્ર મુસ્લિમોનો જ વિરોધ બતાવે છે.....!!

દેશમાં જ્યારે કેન્દ્ર સરકાર સીએએ અને એનઆરસી મુદ્દે તમામ રાજ્યોનો ટેકો મેળવવા માટે પ્રયાસો કરી રહી છે. જેમાં ભાજપશાસિત અને ભાજપા ગઠબંધન ધરાવતા જે તે રાજ્યની સરકારો ને એક દિવસીય સભા બોલાવી ને ઠરાવો કરવા કહી દેવાયું છે. તેને લઈને ભાજપા શાસિત રાજ્યો ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, કર્ણાટક, ગોવા વગેરે રાજ્યોએ સત્ર બોલાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. પરંતુ ગઠબંધન વાળી ભાજપા સરકારોની હાલત કફોડી છે. આવા રાજ્યોની ચિંતા વધી ગઈ છે. બિહારમાં નીતિશ આડા ફાટ્યા છે. તો આસામ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ અને દિલ્હી વગેરે રાજ્યોમાં એનઆરસી- સીએએનો વિરોધ થવાનુ નિશ્ચિત છે. તો આજેપણ દિલ્હી સહિત કેટલાક રાજ્યોમાં હાડ થીજવતી ઠંડી હોવા છતાં યુવાધને એનઆરસી-સીએએનો વિરોધ અને ધરણાં વગેરે ચાલુ રાખ્યા છે. તો ઉત્તર પ્રદેશના સમારોહાના લકડામાં આ કાયદા બાબતે સમજાવવા ગયેલા ભાજપના ધારાસભ્યને લોકોએ ઘેરી લઈને માર મારતા તેઓ લોકોના વિરોધ થી બચવા ભાગ્યા હતા. પરંતુ ત્યાંની એક વ્યક્તિ સામે ફરીયાદ નોંધાવી છે. જેનો કેસ પોલીસે કરતા આ વાત સમગ્ર યુપી અને અન્ય રાજ્યોમાં ફરી વળતા લોકોમા વધુ આક્રોશ ફરી વળ્યો છે. ત્યારે જ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતે નાગરિક કાયદો અને એનટીઆર ના સમર્થન માં યોજાયેલ કાર્યક્રમમાં કચ્છના મહેશ્વરી મેઘવાળ સમાજને નિરાશ્રિત કહેતા તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. કારણકે મહેશ્વરી સમાજના પંડિતોએ કચ્છના રાજાનો રાજયાભિષેક કરાવ્યો હતો. આ કારણે કચ્છ સહિતના અનેક જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ટૂંકમાં ભાજપાને વિરોધ પક્ષ નહી પણ તેના જ લોકો ભારે પડશે એવું ચિત્ર ઊભું થયું છે...!

યુપીના મુખ્યમંત્રી યોગી પણ બોલી ગયા કે બદલો લેવામાં આવશે. કારણ યુપીમાં આમ સમાજ જાગૃત છે. એનઆરસીમા મુસ્લિમ તહેવારો નો ઉલ્લેખ જ નથી. પરિણામે લોકોનો વિરોધ વધુ પ્રમાણમાં થયો છે અને થઈ રહ્યો છે..તો વિરોધને ડામી દેવા પોલીસ દળે કાંઈ બાકી રાખ્યું નથી. અને ત્યારે પ્રિયંકા સાથે થયેલા પોલીસ વર્તાવને લઈને લોકોમાં વધુ આક્રોશ ફેલાયો છે. અને આવા સમયે જ યોગી બોલ્યા કે બદલો લેવામાં આવશે. જેની આમ લોકોમાં એવી સમજ ઊભી થઈ કે એ લોકો સામે યોગી બદલો લેશે. ત્યારે બંગાળમાં ભાજપાના નેતા કે જે પ્રદેશ અધ્યક્ષ છે તેમણે તાજેતરમાં મિડીયા સામે કહ્યું કે માધ્યમોને સમાચારોની જરૂર હોવાથી તેમનો પક્ષ ભાજપા આ રાજ્યમાં તોફાનો કરાવે છે. મિદનાપોરના કોન્ટાલ ખાતે એક રેલીને સંબોધવા જતા પહેલા પક્ષની સ્થાનિક ઓફિસમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન જ આ વાત કરતાં વધુમા કહ્યું હતું કે તુણમૂલ તોફાન કરશે તો અમે તોફાન કરીશુ, બંગાળના રાજકારણની આ રીત છે. અમે દરેક રીતે તૈયાર છીએ. તમને પણ સમાચારોની જરૂર હોય છે. એટલા માટે અમે લોકોને તોફાન કરાવવા ઉશ્કેરીએ છીએ. હવે આનો મતલબ શો.? એટલો જ સમજવોને કે દેશમાં જ્યાં જ્યાં તોફાનો થાય છે ત્યાં ત્યાં ભાજપાના લોકો પ્રજાને તોફાનો કરાવવા ઉશ્કેરે છે..?! ત્યારે ભાજપાએ હવે આવા બેફામ નિવેદન કરતાં નેતાઓ ઉપર બાન મુકવાની જરૂર છે...! નહીં તો સમય સમયનું કામ કરે જ છે...!

પૂર્વ સીઈઓ ઘોસન જાપાનથી ભાગીને લેબનોન પહોંચ્યા, જાપાની મીડિયાએ કાયર કહ્યાં

બેરુત

નિસાન મોટર્સના પૂર્વ સીઈઓ કાર્લોસ ઘોસનને જાપાનના મીડિયાએ કાયર ગણાવ્યા છે. ઘોસન જાપાનમાંથી ભાગીને લેબનોન પહોંચી ગયા. રોયટર્સના જણાવ્યા મુજબ, તેમણે કહ્યું કે જાપાનમાં તે ખરાબ ન્યાય તંત્રની નજરમાં હતા. ઘોસનની ભાગી જવાની ઘટનાથી સવાલ ઉઠી રહ્યાં છે કે એક સમયે વિશ્વના સૌથી જાણીતા બિઝનેસ એક્ઝિક્યુટિવમાં સામેલ રહેલા ઘોસન ટ્રાયલના થોડા મહીના પહેલા જાપાનમાંથી ભાગવામાં અંતે કઈ રીતે સફળ થયા.

ઘોસને કહ્યું હું હવે લેબનોનમાં છું અને જાપાનની દોષપૂર્ણ ન્યાય વ્યવસ્થાની નજરથી બહાર છું. જાપાનની ન્યાય વ્યાવસ્થામાં દોષ પહેલા નક્કી કરવામાં આવે છે, ભેદભાવ ટોચ પર છે. હું ન્યાયથી ભાગ્યો નથી, મેં અન્યાય અને રાજકીય ઉત્પીડનથી પીછો છોડવ્યો છે. અંતે હવે હું મીડિયા સાથે ખુલીને વાત કરું છું. અગામી સપ્તાહથી હું તેની શરૂઆત કરીશ. આ અંગે પુછવામાં આવતા ઘોસનના વકીલ, આરોપ લગાવનાર પક્ષ અને નિસાને ટિપ્પણી કરવાથી ઈકાર કર્યો. ૬૫ વર્ષીય ઘોસન અચાનક જાપાનમાંથી ભાગી જતા એક વર્ષ જૂના મામલામાં નવો વળાક આવ્યો છે. નિસાનમાં કથિત ફ્રોડના મામલાએ ગ્લોબલ ઓટો ઈન્ડસ્ટ્રીને મોટો ઝટકો આપ્યો હતો. સાથે જ નિશાનના મુખ્ય શેરહોલ્ડર રેના એસએની સાથેની પાર્ટનરશીપને જટિલ કરી દીધી હતી. તેણે જાપાનની ન્યાય પ્રણાલી પણ પર પણ સવાલ ઉઠાવ્યા.

અમેરિકન આર્મીએ ટીકટોકને રાષ્ટ્રીય સુરક્ષા પર જોખમ ગણાવતા પ્રતિબંધ લાદ્યો

વોશિંગ્ટન

પોપ્યુલર ચાઈનીઝ વીડિયો એપ ટીકટોક પર અમેરિકાની આર્મીએ પ્રતિબંધ લાદ્યો છે. હવેથી અમેરિકાના આર્મીના સૈનિકો આ એપનો ઉપયોગ કરી શકશે નહીં. આ એપને પ્રતિબંધિત કરવા પાછળનુ કારણ વધારે આશ્ચર્યજનક છે કારણકે, અમેરિકન આર્મી એવું માને છે કે આ ચીનની વીડિયો એપ દેશની સુરક્ષા માટે જોખમરૂપ છે.

આર્મી સ્પોકપર્સને કહ્યુ કે, ટીકટોકએ સાયબર થ્રેટ જેવું છે. છેલ્લા મહિનામા અમેરિકન નેવીના મેમ્બર્સે પણ સરકાર દ્વારા આપવામા આવેલ ડિવાઈઝથી એપને ડિલીટ કરી દીધી હતી. ડિફેન્સ ડિપાર્ટમેન્ટે પોતાના કર્મચારીઓને ખાસ સૂચના આપી છે કે કોઈપણ એપ ડાઉનલોડ કરતા પહેલા સાવધાની રાખવી.

ઉલ્લેખનીય છે કે, આ એપ વિશે તપાસ ચાલી રહી છે. ઓક્ટોબરમા કેટલાક લીડર્સે આ એપની સિક્યોરિટી પર પ્રશ્નો ઉઠાવ્યા છે. જેના કારણે તેના પર તપાસ ચાલી રહી છે. તપાસ કરવાનું મુખ્ય કારણ એ છે કે, શું આ ચીનની એપ યુઝરનો ડેટા કલેક્ટ કરે છે કે નહીં?

ભારતમા ટીકટોક પર એકવાર બેન લાગી ગયો છે. જો કે આ બેનનું કારણ તેમા દેખાડવામા આવનાર વીડિયો હતા. મદ્રાસ હાઈકોર્ટે આ એપને બેન કરવાનો આદેશ આપ્યો હતો કારણકે આ એપ ટૉક પોર્નોગ્રાફીને પ્રોત્સાહન આપે છે. જેના કારણે બાળકો પર ખરાબ અસર પડે છે તેમજ યુઝર્સના માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર કરે છે.

અંતે આ આદેશ મુજબ ટીકટોકે પોતાની એપ પરથી આવો કન્ટેન્ટ દૂર કર્યો અને દાવો કર્યો કે હવેથી કંપની એ વાતનું ધ્યાન રાખશે અને કંપનીની પોતાની પોલિસીમા પણ જરૂર મુજબના ફેરફાર કર્યા.

ઉલ્લેખનીય છે કે, ટીકટોક એ સૌથી ઝડપથી પોપ્યુલર બનેલી એપ છે. એક્સપર્ટનું માનવું છે કે, જો આવી જ રીતે આ એપ આગળ વધતી રહી તો ફેસબુક જેવી મોટી કંપનીઓને પણ ટક્કરમા લઈ શકે છે. જો કે, ટીકટોકની પેરન્ટ કંપની ફેસબુકના કર્મચારીઓને જોબ માટે સારા પૈસા આપવા તૈયાર છે.

પીએમ મોદી આજથી બે દિવસ કર્ણાટક પ્રવાસે, ૨૧ રાજયોના ખેડૂતોને સન્માનિત કરશે

બેંગલુરુ

વડાપ્રધાન નરેન્દ્રભાઈની આજથી બે દિવસીય કર્ણાટક યાત્રાના લીધે સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. એસપીજી અધીકારીઓએ રાજય સરકારના અધીકારીઓ ખાસ કરીને પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સાથે સુરક્ષા અંગે ચર્ચા કરેલ. તુમકુરૂ જીલ્લા અધીકારી રાકેશસિંહે દ્વારા જાહેર કરાયેલ અધીસૂચના મુજબ વડાપ્રધાનની તુમકુરૂ યાત્રા દરમિયાન ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ રહેશે.

જેનો ભંગ કરનાર વિરૂધ્ધ કડક પગલા ભરાશે. કર્ણાટકના મુખ્યમંત્રી યેદુરપ્પાએ તુમકુરૂ જઈને કાર્યક્રમોની તૈયારીઓનું નિરીક્ષણ કરેલ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરેલ. તેમણે જણાવેલ કે તુમકુરૂમાં યોજાનાર કૃષી કર્મણ એવંકૃષી સન્માન પુરસ્કાર કાર્યક્રમમાં લગભગ ૧.૫૦ લાખ લોકો ભાગ લેશે. નરેન્દ્રભાઈ ૨૧ રાજયોના ૨૮ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનીત કરનાર છે. કાર્યક્રમમાં મણીપુરૂ, ઝારખંડના મુખ્યમંત્રી અને ઉત્તરાખંડના રાજયપાલ ઉપસ્થિત રહેશે.

નરેન્દ્રભાઈ આજે તા.૨ના રોજ બેંગલુરૂ પહોંચી હેલીકોપ્ટર દ્વારા તુમકુરૂ જશે. તેઓ સિધ્ધગંગા મઠ પણ જશે. એ સીવાય તેઓ જુનીયર કોલેજ ગ્રાઉન્ડમાં આયોજીત કાર્યક્રમમાં કૃષી કર્મણ પુરસ્કાર અને માછીમારોને ઉપકરણ પ્રદાન કરનાર છે. તેઓ આજે જ સાંજે બેંગલુરૂ પરત ફરશે અને રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠનનો પ્રવાસ કરશે. જયારે તા.૩ના રોજ વિજ્ઞાન કોંગ્રેસનું ઉદ્ઘાટન કરશે અને સાંજે દિલ્હી પરત ફરશે.

સીબીઆઈએ ડીઆરઆઈના એડીજીની લાંચ લેવાના આરોપમાં ધરપકડ કરી

ન્યુ દિલ્હી

સીબીઆઈએ બુધવારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સના એડિશનલ ડાયરેક્ટર જનરલ ચંદર શેખર અને એક વચેટિયાની ૨૫ લાખ રૂપિયાની લાંચ લેવાના મામલામાં ધરપકડ કરી છે. હાલ નવી દિલ્હી, લુધિયાણા અને નોઈડામાં દરોડા ચાલી રહ્યાં છે.

ડીઆરઆઈની વેબસાઈટ મુજબ ચંદર શેખર એડીજીના પદ પર લુધિયાણાંમાં તૈનાત છે. સીબીઆઈએ એજન્સીએ વચેટિયાને અધિકારી તરફથી કથિતપણે લાંચ લેતા સમયે રંગે હાથ ઝડપી લીધો. એડીજીના નોઈડા, દિલ્હી અને લુધિયાણાના સ્થળોએ તપાસ ચાલી રહી છે. આરોપી અધિકારીની સીબીઆઈ પુછપરછ કરી રહી છે.

પુછપરછ દરમિયાન તેણે અધિકારીઓને જણાવ્યું કે, તે લાંચ અધિકારીએ લીધી હતી. એજન્સીને શંકા છે કે આ લાંચ તે મોટી રકમનો એક ભાગ હતી જેના વિશે બંન્ને વચ્ચે ચર્ચા થઈ હતી.

ત્રણ સવારી બાઈક બંધ જેસીબી સાથે અથડાતા બે યુવાનોનાં મોત, એક ગંભીર

ઉના

દીવમાં નવા વર્ષની ઉજવણી કરવા ઉનાથી ત્રણ યુવાનો આવ્યા હતા. ત્રણેય યુવાનો નશાની હાલતમાં ચકતીર્થ બીચ પર બાઈક સાથે ફરી રહ્યા હતા ત્યારે બંધ પડેલા જેસીબી સાથે અથડાતા બે યુવાનોના મોત નીપજ્યા હતા. જ્યારે એકને ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયો હતો. તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે બંને યુવાનોના મૃતદેહ પીએમ માટે હોસ્પિટલે ખસેડ્યા છે.

મચ્છરોનો ત્રાસ ટાળવા ગટરોમાં ૧૮ હજારથી વધુ કેચ પીટની જાળી ઢાંકી દેવાઈ

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે શહેરમાં ક્યુલેક્સ મચ્છરોનો ત્રાસ ન થાય તે માટે ગટરોની કેચ પીટ સિમેન્ટની ખાલી થેલીઓથી ઢાંકવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

કેચ પીટ ઢાંકવાનું કામ શહેરના ચાર ઝોનમાં તારીખ ૨૭ નવેમ્બરથી શરૂ કરવામાં આવ્યું છે. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા આ કામગીરી થઈ રહી છે. શહેરમાં આશરે ૩૦,૬૨૪ કેચ પીટ છે અને તેમાંથી આશરે ૧૮ હજારથી વધુ ઢાંકી દેવામાં આવી છે. હજુ ૧૨ હજારથી વધુ ઢાંકવાની બાકી છે. ચોમાસુ પુરૂ થતાં મચ્છરોને પાણી ભરેલા સ્થળોએ ઈંડા મુકવા માટે મળતા નથી. તેથી ગટરોમાં પાણી ભરેલી જગ્યામાં ઈંડા મૂકવાનું શરૂ કરે છે. આ માટે ગટરોની ખુલ્લી જાળીવાળી કેચ પીટમાંથી મચ્છરો ગટરોમાં ઘૂસે છે. ગટરના ગંદા પાણીમાં પેદા થતા મચ્છરો ક્યુલેક્સ પ્રકારના હોય છે. જેનો ત્રાસ ખૂબ જ અસહ્ય હોય છે અને રાત્રે ગટરમાંથી બહાર નીકળીને ગણગણાટ કરે છે.

લોકોની ઊંઘ હરામ કરી દે છે. જે કરડતાં સખત ચચરાટ થાય છે. આવા મચ્છરોનો ત્રાસ ન થાય તે માટે કેચ પીટ ઢાંકવાનું કામ દર વર્ષે કરાય છે, પરંતુ મચ્છરોનો ત્રાસ ઘટતો નથી. ઠંડી ઘટતાં ઉનાળાની શરૂઆત થતાં સુધી ઠંડી ગરમીની ડબલ સિઝનમાં આ મચ્છરો ખૂબ પેદા થાય છે.

એમએલએ ડેરનો ઉશ્કેરણીજનક વીડિયો વાયરલ, જાણવા જોગ ફરિયાદ નોંધાઈ

રાજુલા

રાજુલાના જૂની બારપટોળી ગામમાં કેટલાક ઈસમો દ્વારા હથિયારો બતાવી ગાળો આપી દુકાનો બંધ કરાવવા બાબતની ઘટના બની હતી. ત્યારબાદ હથિયાર બતાવવાનો વીડિયો વાઈરલ થતા પોલીસ દ્વારા ગુનો નોંધી ૩ શખ્સોની અટકાયત કરી પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી. બાદમાં આ સમાચાર મળતા સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્ય અંબરીશ ડેરએ ગામની મુલાકાત લીધી હતી અને ગામને ખુલ્લું સમર્થન આપ્યું હતું અને કાયદાનું ભાન કરાવવા આહવાન કર્યું હતું અને ભાષણ કર્યું હતું. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા રાજુલા પોલીસ સ્ટેશનમાં આ વીડિયો અંગે જાહેર સમુદાય વચ્ચે ગુનો કરવા ઉશ્કેરણી કરતા હોવાને આધારે જાણવા જોગ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

જો કે સમગ્ર મામલે રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એમ. ઝાલા તપાસ કરી રહ્યા છે, પરંતુ ધારાસભ્ય અંબરીશ ડેરના વીડિયો મામલે જાણવા જોગ ફરિયાદ નોંધાતા રાજુલા પંથકનું રાજકારણ ફરી ગરમાયું છે. વીડિયોમાં અંબરીશ ડેર બોલે છે કે, લુખ્ખા તત્વો દ્વારા અહીં જે ઘટના બની તે સંદર્ભે અહીં આવવાનું થયું છે તે કોઈ ગમતી વાત ન હોય. લુખ્ખા તત્વોએ આવી બહુ નુકસાન કર્યું પરંતુ આપણને જેની સાથે વાંધો હોય તેની ઘરે જઈને શોધી લેવાના. એકવાર તેને પકડીને બેસાડી દેવાય અને પછી પોલીસને કહેવાય કે આની ઉપર કાયદેસરની કાર્યવાહી કરો. આપણે કોઈ ઉશ્કેરવા માગતા નથી. આ બિલકુલ ચલાવી લેવાની વાત નથી હું તમારી સાથે છું. લુખ્ખા તત્વોને શબક શીખવાડવા સિવાય કોઈ બીજો રસ્તો નથી.

એનટીપીસી, એમએનડએમ, નેસ્લે, ઓએનજીસી અને એચસીએલ ટેક સહિતના શેરમાં મંદી

સેન્સેક્સ ૫૨ અંક વધ્યો, નિફ્ટી ૧૨૧૮૦ની સપાટી વટાવી

મુંબઈ

વર્ષના પ્રથમ દિવસે સેન્સેક્સ ૫૨ અંક વધીને ૪૧૩૦૬ પર બંધ રહ્યો હતો. જયારે નિફ્ટી ૧૪ અંક વધીને ૧૨૧૮૨ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર લાર્સન, ટાઈટન કંપની, ભારતી એરટેલ, ટાટા મોટર્સ અને રિલાયન્સ સહિતના શેરમાં તેજી જોવા મળી રહી છે. લાર્સન ૦.૮૫ ટકા વધી ૧,૩૧૦ પર કારોબાર કરી કરી રહ્યો છે. જયારે એનટીપીસી, એમએનડએમ, નેસ્લે, ઓએનજીસી અને એચસીએલ ટેક સહિતના શેરમાં મંદી જોવા મળી રહી છે. એનટીપીસી-૦.૩૮ ટકા ઘટી ૧૧૮.૬૦ પર કારોબાર કરી રહ્યો છે. એમએન્ડએમ -૦.૨૨ ટકા ઘટી ૫૩૦.૩૦ પર કારોબાર કરી રહ્યો છે.

કારખાનામાં બાળ મજૂરી કરતા બિહારના ૯ બાળકોને મુક્ત કરાયા, માલિકની ધરપકડ

અમદાવાદ

નારોલ વિસ્તારમાં જે.કે એસ્ટેટ નામના ગોડાઉનમાં જયોતિ જોબવર્ક નામના સિલાઈકામના કારખાનામાં મૂળ બિહારના ૯ બાળકોને બાળમજૂરીમાંથી મુકત કરાવાયા છે. નારોલ પોલીસે કારખાનાના માલિક વિરૂધ્ધ બાળમજૂરી અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. જો કે આ કેસમાં નારોલ પોલીસે ૧૦ બાળકો હતા તેની જગ્યાએ ૯ બાળકો જ બતાવ્યા છે. ફરિયાદમાં બાળકોને ૧૦-૧૦ હજાર ચુકવવાંમાં આવતા હોવાનો પોલીસે ઉલ્લેખ કર્યો છે જો કે કેટલાક બાળકોને પૈસા જ ન ચુકવાતા હોવાનું જાણવા મળ્યું છે.

ગત અઠવાડીયે સુરતના પુણા વિસ્તારમાંથી રાજસ્થાન અને બિહારના ૧૩૪ બાળકોને બાળ મજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા. ત્યાં અમદાવાદમાં પણ બિહારના બાળકોને લાવી કારખાનાઓમાં મજૂરી કરાવવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. ઓઢવ વિસ્તારમાં રહેતા ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ કાઉન્સિલ સંસ્થાના આગેવાન સુરેશગીરી ગોસ્વામીને નારોલના જે.કે એસ્ટેટમાં આવેલા કારખાનામાં બાળ મજૂરો કામ કરતા હોવાની વિગતો મળી હતી જેના પગલે તેમણે પોતાની સંસ્થાના કાર્યકરો સાથે તપાસ કરતા ગોડાઉન નં. ૩૪માં આવેલા જયોતિ જોબવર્ક નામના કારખાનામાં કેટલાક બાળકો મજુરી કામ કરતા મળી આવ્યા હતા. જેથી તેઓએ આ મામલે નારોલ પોલીસને જાણ કરતા પોલીસ કારખાનામાં પહોંચી હતી.

ઘાસ કટીંગના મશીનમાં ખેંચાઈ જતા મહિલાનું ચગદાઈ જવાથી મોત

આણંદ

આણંદ કૃષિ યુનિવર્સિટીના નાવલી ઘાસચારા ફાર્મમાં ઘાસચારો કાપવા સહિતની કામગીરી માટે આજુબાજુના વિસ્તારમાંથી મજુરો આવે છે. ઉચ્ચક વેતન પર મજુરીકામ કરતા હોય છે. નજીકમાં જ રહેતા સવિતાબેન પુજાભાઈ ઠાકોર પણ કેટલાક છેલ્લા સમયથી આ ફાર્મ હાઉસમાં કામ કરે છે. તેઓની ઉંમર ૫૦ વર્ષીય હતી. તેઓએ અનેકવાર અધિકારીઓને રજુઆત કરી માત્ર નીંદણ કામમાં રાખવા જણાવ્યું હતું. તેમ છતાં તેઓને ઘાસ કટીંગના કામમાં રાખવામાં આવ્યા હતા. સવારે ટ્રેકટર સાથે જાડેલું ઘાસ કટીંગના મશીનથી ઘાસ કટીંગનું કામ ચાલી રહ્યું હતું. સવિતાબેન પણ મશીનની નજીક કામ કરી રહ્યા હતા.

અચાનક તેઓની સાડી મશીનના ચક્કરમાં ફસાતા જાતજાતામાં તેઓ નીચે પડી ગયા હતા અને મશીનની અંદર ખેંચાઈ ગયા હતા. જેથી તેઓનો મોંનો ભાગ ચગદાઈ જતાં ઘટનસ્થળે જ મોત નીપજયું હતું. આ બનાવને લઈને સ્થાનિક લોકોએ હોબાળો મચાવ્યો હતો. આ મરણ જનાર મહિલાના ભત્રિજા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ કોન્ટ્રાક્ટ બેઈઝ પર મજુરીકામ કરાવે છે અને મજુરોનું શોષણ કરાવી રહ્યા છે. મોટી ઉંમરના મજુરો અને મહિલાઓ અનેકવાર રજુઆત કરી અમને ભારે કામ નહી પણ નીંદામણ સહિતના કામ આપવા જણાવ્યું હતું. તેમ છતાં અધિકારીઓ મનમાની કરીને મશીન પર આધેડ વયના મજુરોને કામ કરાવે છે. જેને કારણે અવાર નવાર આવી ઘટનાઓ બનતી હોય છે. તેઓએ જણાવ્યું હતું. જયાં સુધી કલેકટર કે ઉચ્ચ અધિકારી નહી આવે ત્યાં સુધી અમે મૃતદેહ નહી લઈ જઈએ. તેને લઈને ભારે હોબાળો મચી ગયો હતો.

રિવર્સ આવતી ટ્રકે દેરાણી-જેઠાણીને કચડ્યા, બંનેના મોત

રાજકોટ

અમદાવાદ-રાજકોટ હાઈવે પર સુકી ખેતી સંશોધન કેન્દ્ર નજીક બે મહિલા રામુબેન અમરભાઈ રાઠોડ (ઉ.વ.૬૫) અને કેશુબેન પુંજાભાઈ રાઠોડ (ઉ.વ.૬૦)ને રિવર્સમાં આવતી ટ્રકે કચડતા બંનેના મોત નીપજયા હતા. જયારે અન્ય એક મહિલાને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાઈ છે. ઘટનાની જાણ થતા કુવાડવા પોલીસ દોડી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી છે. ત્રાણેય મહિલા તરઘડીયા ગામની અને સુકી ખેતી સંશોધન કેન્દ્રમાં મજૂરી કરતી હતી. ઘરેથી નીકળ્યા બાદ રોડ ક્રોસ કરવા માટે ઉભી હતી અને પાછળથી ટ્રકે ત્રણેયને કચડી નાખી હતી.

તરઘડીયા ગામમાં રહેતાં રામુબેન તથા તેમના દેરાણી કેશુબેન અને જેઠાણી મુળીબેન લાલજીભાઈ રાઠોડ (ઉ.વ.૭૦) સુકી ખેતી સંશોધન કેન્દ્ર ખાતે મજૂરી કરતાં હોય સવારે ત્રણેય ત્યાં કામે જવા ઘરેથી નીકળ્યા હતા. ત્યારે સામેની સાઈડમાં જવું હોય રસ્તો ઓળંગવા માટે આ ત્રણેય દેરાણી-જેઠાણી વાહનો પસાર થઈ જાય તેની રાહ જોઈ સાઈડમાં ઉભા હતાં. એ વખતે ત્યાં ઉભેલા ટ્રક નં. પીબી ૧૩ એએલ-૫૭૦૭ના ચાલકે ટ્રક રિવર્સમાં લેતાં ત્રણેય ઠોકરે ચડી જતાં ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં રામુબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. તેમના દેરાણી-જેઠાણીને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં કેશુબેને પણ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર રામુબેનને સંતાનમાં ચાર પુત્ર છે. જ્યારે કેશુબેનને બે પુત્ર અને બે પુત્રી છે. મજૂરી કરી ગુજરાન ચલાવતાં પરિવારમાં આ બનાવથી ગમગીની છવાઈ ગઈ છે.

થર્ટી ફર્સ્ટની પાર્ટી કરીને ઘરે પરત ફરતા કાર ગોથું ખાઈ ગઈ, ૨નાં મોત

રાજકોટ

વાંકાનેરના લુણસરીયા ગામ નજીક ફાટક પાસે રાત્રીના પૂરપાટ સ્પીડથી દોડતી કાર પલ્ટી મારી જતાં કાર ચાલક મોરબીના યુવાન ચેતન નિમાવત (ઉ.વ.૩૧) અને તેના મિત્ર ધર્મેન્દ્ર મકવાણાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જયારે ત્રણ મિત્રો કલ્પેશ, વિપુલ અને અલ્પેશને ઈજા પહોંચતા રાજકોટ સિવિલ હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા છે. આ તમામ મિત્રો થાન થર્ટી ફર્સ્ટની પાર્ટી કરીને ઘરે મોરબી આવી રહ્યા હતા.

રાજકોટ હોસ્પિટલમાં રહેલા કલ્પેશ નિમાવતે જણાવ્યું હતું કે, પોતે, મોટો ભાઈ ચેતન, મિત્ર ધર્મેન્દ્ર, વિપુલ રાવળદેવ અને અલ્પેશ એમ પાંચ જણા કાર નં. જીજે ૦૧ કેસી-૭૫૨૫ લઈને ૩૧મીની ઉજવણી કરવા થાન ગયા હતાં. રાતે ત્યાંથી પરત આવતી વખતે વાંકાનેરના લુણસરીયા ફાટક પાસે કાર એકાએક પલ્ટી મારી ગઈ હતી. કોઈએ કાર ધીમી ચલાવવા હાથ ઉંચો કરી ઈશારો કરતા ચેતનને લાગ્યું કે પોલીસ છે એટલે કારની સ્પીડ વધારી દીધી હતી અને પલ્ટી મારી ગઈ હતી. ઘટનાની જાણ થતાં વાંકાનેર સિટીના પીઆઈ એચ. એન. રાઠોડ, પીએસઆઈ પી. સી. મોલીયા, વિરેન્દ્રસિંહ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસે તપાસ કરતાં કારમાંથી બીયરના ચારેક ટીન પણ મળ્યા હતાં. બંને મૃતક લાલપરના વતની હતાં.

ઈરાનશાહ ઉદવાડા ઉત્સવમાં ઉદ્યમી અને પ્રતિભાશાળીઓનું બહુમાન

બહેરામજી મહેતાનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન

વલસાડ

ઈરાન શાહ ઉત્સાવ પારસી કોમની સાંસ્કૃવતિક વિરાસતની સાથે સાથે સંપ, સદભાવ અને બંધુતાના ઉચ્ચ તમ માનવીય સદગુણોને ઉજાગર કરતો ઉત્સવવ છે. પારસી સમાજના અદભુત પ્રદાનને સમજી તેમના ગૌરવપૂર્ણ ઈતિહાસને વિશ્વ વિખ્યા ત બનાવવા સાથે પારસીઓની ભવ્યા સંસ્કૃતિને ઉજાગર કરવા દર બે વર્ષે ઈરાનશાહ ઉદવાડા ઉત્સ?વ ઉજવવામાં આવે છે. ઈરાનશાહ ઉદવાડા-૨૦૧૯ના સમાપન અવસરે રાજ્યઈના મુખ્યખમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તેત સન્માનન કરવામાં આવ્યું હતું.

'આવા' નેચરલ મિનરલ વોટરની સ્થાદપના ૧૯ ઓકટોબર ૨૦૦૫માં ગુજરાતના તત્કાનલિન મુખ્યવમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તો કરવામાં આવી હતી. 'આવા' અનેક સિદ્ધિઓ હાંસલ કરી અનેક એવોર્ડ મેળવ્યાા છે. 'આવા'ને દુનિયાની સર્વશ્રેષ્ઠા પાણીની બોટલ માટે મેક્સિઓકો ખાતે પાવર બ્રાંડ એવોર્ડ, ઊંચા સ્વાદદ માટેના બે ગોલ્ડ સ્ટાતર એવોર્ડ-૨૦૧૭ International Testing & Quality Institute બ્રેસલ્સ , બેલ્જીગયમ ખાતે દુનિયાને પાણી બતાવનાર 'આવા' નેચરલ મિનરલ વોટરના માલિક બહેરામજી મહેતાનું મુખ્?યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તેત સન્માનન કરવામાં આવ્યું હતું.

'આવા' નેચરલ મિનરલ વોટરની સ્થાદપના ૧૯ ઓકટોબર ૨૦૦૫માં ગુજરાતના તત્કાનલિન મુખ્યવમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તો કરવામાં આવી હતી. 'આવા' અનેક સિદ્ધિઓ હાંસલ કરી અનેક એવોર્ડ મેળવ્યાા છે. 'આવા'ને દુનિયાની સર્વશ્રેષ્ઠા પાણીની બોટલ માટે મેક્સિઓકો ખાતે પાવર બ્રાંડ એવોર્ડ, ઊંચા સ્વાદદ માટેના બે ગોલ્ડ સ્ટાતર એવોર્ડ-૨૦૧૭ International Testing & Quality Institute બ્રેસલ્સ , બેલ્જીગયમ ખાતે અને એસોચેમ એવોર્ડ ગુજરાત દ્વારા પ્રાપ્તે થયો છે.

બહેરામજી મહેતા સાહસિક ઉદ્યોગપતિ સાથે ઉમદા ખેલાડી પણ છે. ટેબલ ટેનિસ, બિલિયર્ડ, સ્નુાકર, ગોલ્ફા તેમની પ્રિય રમત રહી છે. ૨૦ વર્ષની વયે ગોદરેજ કંપનીમાં માર્કેટિંગ એકઝીકયુટીવ તરીકે કામ કરી હાલ ટાયટન કંપનીના મેનેજિંગ ડીરેકટરનું પદ શોભાવી રહ્યા છે.

માઈક્રો માઈનોરીટી હોવા છતાં પારસી સમાજના અનેક લોકો દેશ અને ગુજરાતના વિકાસમાં સહભાગી બન્યાો છે. રતનટાટા, સાયરસ પૂનાવાલા, જનરલ માણેકશા, મેડમ કામા, નાની પાલખીવાલા સહિત અનેક લોકોનો ભારતના સ્વતંત્રતા સંગ્રામથી લઈને આજ દિન સુધીના વિકાસમાં પારસીઓનો ફાળો અમૂલ્યૂ રહ્યો છે.

ગીરસોમનાથ જિલ્લામાં ૧૫૦ નશાખોર ઝડપાયા

દારૂના નશામાં ચાલકે કાબૂ ગુમાવતા કાર બીઆરટીએસ રૂટમાં ઘૂસી પલ્ટી મારી

દીવ

ગત રાત્રે થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં દારૂ પી નશાની હાલતમાં નીકળેલા લોકોની પોલીસે એટકાયત કરી હતી. રાજકોટમાં સ્ટર્લિંગ હોસ્પિટલ સામે ગત રાત્રે દારૂના નશામાં ચાલકે સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવતા કાર બીઆરટીએસ રૂટમાં ઘૂસી પલ્ટી મારી ગઇ હતી. જીજે ૦૩ એચઆર ૦૦૬૪ નંબરની વર્ના કાર હતી. ઘટનાને પગલે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને કારમાં સવાર યુવાનોને બહાર કાઢ્યા હતા. આ ઘટનામાં યુવાનોને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીગ્રામ પોલીસે પ્રોહિબીશન અને પબ્લીક પોપર્ટી ડેમેજ હેઠળ યુવાનો વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. જ્યારે ગીર સોમનાથમાં દીવથી પરત આવતા ૧૫૦ શખ્સોને નશાની હાલતમાં ઝડપ્યા છે.

ગીરસોમનાથ જિલ્લામાં ડ્રિંક એન્ડ ડ્રાઈવમાં પોલીસે ૧૫૦ જેટલા લોકોની નશાની હાલતમાં અટકાયત કરી છે. થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઇ દીવ ગયેલા અને પરત ફરેલા ૧૫૦ નશાખોરો સામે પ્રોહિબીશનનો ગુનો નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ ઉના પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનના ગુના નોંધાય છે. ઉના અને કોડીનાર પોલીસ સ્ટેશન પીધેલાઓથી હાઉસફૂલ થઇ ગયા હતા. ઉનામાં ૭૩ વિરૂદ્ધ અને કોડીનારમાં ૫૦ શખ્સો સામે ડ્રિંક એન્ડ ડ્રાઈવનો ગુનો નોંધાયો છે. જ્યારે રાજકોટ ભક્તિનગર પોલીસ સ્ટેશન હેઠળ ૬ નશાખોરની અટકાયત કરવામાં આવી છે.



અ.ભા.વિ.પ.ના સુરત શહેર પ્રમુખ ડૉ. રૂદ્રેશભાઈ વ્યાસ તેમજ મહાનગર મંત્રી જેસલ પટેલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ૯ જુલાઈ ૧૯૪૯ના રોજ સ્થાપિત થઈ સમગ્ર દુનિયાનું મોટામાં મોટુ વિદ્યાર્થી સંગઠન તરીકે ભારત સહિત અનેક દેશોમાં કાર્યરત એવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું ગુજરાત પ્રાંતનું ૫૧મું ઐતિહાસિક અધિવેશન તા.૨,૩,૪ જાન્યુઆરી ૨૦૨૦ના દિવસોમાં સરિતા સાગર સંકુલની બાજુમાં રિવરફ્રન્ટ પાસે વિવેકાનંદ બ્રિજના છેડા ઉપર યોજાશે.

કુદરતી ઔષધિયો-વનસ્પતિ પ્રત્યે સમાજ જાગૃત થયોઃ ડો.મીનુ પબીયા

દાદાભાઈ નવરોજી વ્યાખ્યાન માળાના ૨૮માં મણકાની રજૂઆત

નવસારી

દાદાભાઈ નવરોજી પારસી હિન્દુ હતા.૧૮૯૨ માં બ્રિટનની આમસભા માં ચૂંટાયા ત્યારે સભ્યપદે સોગંદ લેવાની પ્રક્રિયા પારસી ધર્મપુસ્તક અવતા ને હાથમાં રાખીને કરી છે. સ્વતંત્રતા માટે જાગૃતિ લાવવાનું કામ એમણે અધ્યાપક-પત્રકાર અને શૈક્ષણિક સંસ્થાઓના માધ્યમ થી કર્યું છે.સ્કોલર હતા.મહાત્મા ગાંધીના માર્ગદર્શક અને કુશળ સંગઠક હતા.આ ભાવાંજલિ આપ્યા બાદ પ્રા.ડ મીનુ પરબિયા, નિવૃત્ત બાયો સાયન્સ વિભાગ દગુ.યુનિવર્સિટી-કુદરતી ઔષધિયો અને માનવ તંદુરસ્તી વિષય ઉપર ટાટા ગર્લ્સ હાઈસ્કુલના પરિસરમાં પાલિકા પ્રમુખશ્રી કે.બી.પટેલ ના પ્રમુખપદે તથા વિપક્ષ નેતા અયાઝ શેખના અતિથિવિશેષ પદે યોજાયેલ દાદાભાઈ નવરોજી સ્મૃતિ વ્યાખ્યાન માળાના ૨૮ માં મણકામાં જણાવ્યું હતું કે ગુજરાત કાંઠા અને ડુંગરાળ વિસ્તારોમાં કુદરતી ઔષધિયો-વનસ્પતિઓનું પ્રમાણ વધુ છે. ફળફુલ ના ૧૫૦૦ થી વધુ પ્રકારો છે.૬૫૦ જેટલી વનસ્પતિ ઔષધિય છે.

આદિવાસી સમાજે જાણે અજાણે આ કુદરતી સંપત્તિ સાથે જીવન જોડયુ છે.એમની પાસે માહિતી અનુભવ છે એ બધાને સંકલિત કરવાનું કામ રાજયકક્ષાએ ચાલી રહયું છે. કુદરતી ઔષધિયોઓને ભગવાન સાથે પણ જોડી છે.આંકડો હનુમાનજી, ધંતુરો,બીલ્વપત્ર શીવજી તુલસી વિષ્ણુ ભગવાન.આજે હવે સમાજ કુદરતી ઔષધિયો-વનસ્પતિ તરફ વધુ લગાવ રાખતો થયો છે. આર્યુવેદિક ઉત્પાદકતાનું ટર્ન ઓવર વધુ છે.ઘરના આંગણે કે બગીચામાં પાંચ કુંડા તુલસી-કુવારપાઠુ,અરડૂસી,જાસુદ અને નગોડ ને ઉછેરજો.સનફ્રાન્સીસકો શહેરે જાહેર રસ્તા ડિવાઈડર-વચમાં કુંવારપાઠું નું વાવેતર કર્યું છે. પર્યાવરણની જાળવણી માટે પણ આ કુદરતી માધ્યમો ઉપકારક છે.

પ્રારંભમાં પ્રા.જશુભાઈ નાયકે વ્યાખ્યાન માળાના માધ્યમે નગરના આ ઐતિહાસિક વારસાને આજ અને આવતીકાલનું નવસારી યાદ રાખે તે માટે થતી પ્રવૃત્તિઓની વિગતો રજૂ કરી હતી. પ્રા.ઈત્તેખાબ અન્સારીએ મહેમાન વકતાનો પરિચય,શ્રીકરસી દેબુ.આચાર્ય દારા જોખીએ સ્વાગત કર્યું હતું.આચાર્ય યાસ્મીન પટેલે પારસી વિભૂતિ,પારસી શાળા અને પારસી વકતાનો થયેલ ત્રિવેણી સંગમ માટે હર્ષ વ્યકત કરી રૂણ સ્વીકાર કર્યો હતો.

સુરતમાં અનાજ-કઠોળ જથ્થા બંધ માર્કેટ માટે જમીન ફાળવવાની માંગ

ચેમ્બરે ગાંધીનગરમાં મહેસુલમંત્રી કૌશિક પટેલને રજુઆત કરી

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈની આગેવાની હેઠળ સુરત હોલસેલ ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી ઝવેરી જૈન અને અન્ય હોદ્દેદારોના પ્રતિનિધિ મંડળ દ્વારા તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે રાજય સરકારના માનનીય મહેસૂલ મંત્રી શ્રી કૌશિકકુમાર પટેલની મુલાકાત લઈ સુરતમાં અનાજ અને કરીયાણાની એ.પી.એમ.સી. માર્કેટ માટે સત્વરે જમીનની ફાળવણી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, સુરતમાં એપીએમસી માર્કેટ છે પરંતુ તેમાં અનાજ સંદર્ભે માર્કેટ યાર્ડની કોઈ અલગ સુવિધા નથી. ગુજરાતના મોટાભાગના શહેરોમાં અનાજ માટે માર્કેટ યાર્ડ છે પરંતુ વિશ્વમાં જેની ગણના ચોથા વિકસતા શહેર તરીકે છે ત્યાં સુમારે છ કરોડ જેટલી વસતિને જથ્થાબંધ અનાજના વેચાણ કરતા વેપારીઓની તાતિ જરૂરિયાત રહે છે. સુરતમાં વ્યવસ્થિત માર્કેટ ન હોવાને કારણે વેપારીઓને પણ મુશ્કેલી પડી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, રાજયમાં ૨૧૪ જેટલી એપીએમસી માર્કેટો રચાયેલી છે. આ બધી જગ્યાઓ ઉપર અનાજ સંદર્ભે માર્કેટ યાર્ડની સુવિધાઓ છે. જેવી કે અમદાવાદ, રાજકોટ, બરોડા, ભરૂચ, સાણંદ, ખંભાત, બાવડા, બારેજા, સાબરકાંઠા, હિંમતનગર, મોડાસા, ગાંધીધામ, ગોંડલ, કેશોદ, જુનાગઢ વિગેરે સ્થળોએ અનાજ માર્કેટ યાર્ડ અલગ કાર્યરત છે. આથી સુરતમાં પણ અનાજ સંદર્ભે માર્કેટ યાર્ડની અલગ સુવિધા માટે રજૂઆત કરવામાં આવી હતી. માનનીય મંત્રી શ્રી કૌશિકકુમાર પટેલે ખૂબ જ શાંતિપૂર્વક રજૂઆતને સાંભળી હતી અને માર્કેટ યાર્ડની સુવિધા વિશે હકારાત્મક વલણ દાખવ્યુ હતુ. સુરતના માનનીય કલેકટરશ્રી ડો. ધવલ પટેલ સાથે ચર્ચા વિચારણા કરી આ અંગે ચેમ્બરને સત્વરે જાણ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યુ હતુ.

બાળક પર અજાણ્યા શખ્સોએ છરી ઝીંકી આંતરડા બહાર કાઢી નાખતા અરેરાટી

રાજકોટ

રાજકોટ શહેરના રૈયાધારમાં ડમ્પીંગ સ્ટેશન પાસે ગત રાતે ૧૩ વર્ષના અજય નામના બાળકના પડખાના ભાગમાં અજાણ્યા શખ્સોએ છરી ઝીંકી દેતા આંતરડા બહાર નીકળી ગયા હતા. લોહીલૂહાણ હાલતમાં દોટ મુકી આ બાળક બેભાન થઈ પડી ગયો હતો. આથી લોકો ભેગા થઈ જતાં કોઈએ ૧૦૮ બોલાવતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બાળક કોણ છે? ક્યાં રહે છે? કોણે અને શા માટે હુમલો કર્યો? તે રહસ્ય જાણવા યુનિવર્સિટી પોલીસે રાતભર દોડધામ કરી હતી. પરંતુ બાળકની ઓળખ થઈ શકી નથી. સવાર સુધી ઓપરેશન ચાલ્યું હતું. સવારે પણ આ બાળક ભાનમાં આવ્યો ન હોય પોલીસે તેની ઓળખ મેળવવા તપાસ યથાવત રાખી છે.

યુનિવર્સિટી પોલીસને હોસ્પિટલ ચોકીએ જાણ કરતા પી.આઈ.આર.એસ. ઠાકર, પીએસઆઈ એમ. વી. રબારી, બોઘાભાઈ તથા ડી. સ્ટાફની ટીમ ઘટના સ્થળે અને હોસ્પિટલે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. બાળક ભાનમાં ન હોય તે કોણ છે? ક્યાં રહે છે? કોણે હુમલો કર્યો? તે વિગતો બહાર આવી નથી. પોલીસે રાતભર રૈયાધારમાં લોકોને મોબાઈલમાં આ બાળકનો ફોટો બતાવી તેની ઓળખ મેળવવા પ્રયાસ કર્યા હતાં. પણ ઓળખ થઈ શકી નથી. તસવીરમાં દેખાતો બાળક કે જેણે પોતાનું નામ અજય કહ્યું છે તેના કોઈ વાલીવારસ હોય તો યુનિવર્સિટી પોલીસનો ૦૨૮૧ ૨૫૭૫૧૨૪ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

અડાજણ હનીપાર્ક ગ્રાઉન્ડ પર મહિલા હસ્તકળા મેળામાં ખરીદી કરવાની તક

૧૦૦થી વધુ સ્ટોલો દ્વારા હસ્તકળાની ચીજવસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ

સુરત

ગુજરાત આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા સૂરત શહેરના અડાજણ હનીપાર્ક ગ્રાઉન્ડ ખાતે 'મહિલા હસ્તકળા મેળા'માંથી હસ્તકલાના મહિલા કારીગરો દ્વારા તૈયાર થયેલી ચીજવસ્તુઓ સીધી ખરીદવાની તક સુરતીજનોને મળી છે.

તા.૪થી જાન્યુઆરી સુધી ચાલનારા હસ્તકળા મેળામાં હાથશાળ, હસ્તકળા, માટીકામ, ભરતકામ, મોતીકામ, ચર્મકામ જેવી વિવિધ વસ્તુઓને મહિલા કારીગરો દ્વારા નિર્મિત કરીને ૧૦૦થી વધુ સ્ટોલમાંથી ખરીદી શકાશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં મન કી બાતના કાર્યક્રમમાં કહ્યું હતું કે, ૨૦૨૨માં આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે જેના ભાગરૂપે દેશમાં ઉત્પાદિત થયેલી ચીજવસ્તુઓને ખરીદવાનો અનુરોધ કર્યો હતો. જેથી સૂરતીજનો પણ પ્રધાનમંત્રીશ્રીની અપીલને આત્મસાત કરવાનો અવસર ઘર આંગણે મળ્યો છે જેનો લાભ લેવાનો અવસર પ્રાપ્ત થયો છે. શરીરના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક એવી માટીકામમાંથી બનાવેલા ગોળા, સ્ટવ, બોટલ, હાન્ડી, કપ જેવી અનેરી વસ્તુઓ કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત ચામડામાંથી બનાવેલી કમર પટ્ટા, ચંપલ તથા હસ્તકળાના મહિલા કારીગરો દ્વારા કશ્મીરી શાલ, ગાલેચા, સટ્ટાઈ, ઘર સુશોભનની વસ્તુઓ, અનેકજાતના મુખવાસ, ખાખરા, તોરણ, વિવિધ જાતના શરબતો ખરીદવાની સુવર્ણતક ઘરઆંગણે સાપડી છે જેનો શહેરીજનોએ લાભ લેવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

જલાલપોરમાં સરકારી મંડળીના ઉપક્રમે તેજસ્વી તારલાઓનું સન્માન

નવસારી

ઐતિહાસિક વારસો ધરાવતું જલાલપોર ગામે ખેતી વિકાસ સહકારી મંડળીના ઉપક્રમે ગામના શૈક્ષણિક રમતગમત ક્ષેત્રના તેજસ્વી તારલાઓ અને વરિષ્ઠ નાગરિક સન્માન સમારોહના વક્તા વિશેષ પદેથી બિરદાવતા પ્રિ.ડૉ. ધર્મવીર ગુર્જરે જણાવ્યું હતુ કે ગામની સહકારી મંડળી શું શું કરી શકે? તેનું પ્રેરણાત્મક ઉદાહરણ જલાલપોર છે. સન્માનિત યુવા જગત ગામને નવી દિશા આપશે. એ માટે શિક્ષણ પ્રસાર પ્રક્રિયાને સમજાવતા ઉમેર્યું હતુ કે માતૃભાષાનું મૂલ્યાંકન વધુ કરજો. પોઝિટીવ થીકીંગ હશે તો જ તમે બીજા માટે મદદગાર બનશો. મા બાપ આજે મોબાઈલ અને પુત્રથી ડરે છે.એ અટકાવો. આંખમાં અમી અને જીભ પર મીઠાશ રાખજો. ઊડી સમજણ અને પ્રતિ બધ્ધતા રાખશો તો તમે શિક્ષિત થશો. આ બધુ સામાજીક પર્યાવરણમાંથી મળે છે. એ પર્યાવરણના સર્જન માટે આ ગામે પુરૂષાર્થ કર્યો છે. ગામ, ઘર, વાડી, શાળા અને કુંટુબ તમને મોટા કરે છે. એ ઋણ તમારે ચૂકવવું રહ્યું.

સમારોહના પ્રમુખ પદેથી શ્રી દયાળજી પટેલ (દ. ગુ. નિરા તાડગોળ સહકારી મંડળી પ્રમુખ) શુભાષિષ આપતા જણાવ્યું હતું કે જલાલપોર ગામ એનો ઈતિહાસ ન ભૂલે. જે કાંઈ જમીન બચી છે તે ભણ્યા પછી પણ સાચવજો. ૧૧ તેજસ્વી તારલાઓને રજત ચંદ્રક અભિવાદન પત્રો એનાયત થયા હતા. મંડળીના માજી પ્રમુખ નિવૃત નાયબ મામલતદાર શ્રી અમુલ એમ. દેસાઈનું નાગરિક સમ્માન થયુ હતું. આ સમારોહની ઉદ્ઘોષણા પ્રા. જશુભાઈ મ. નાયકે કરી હતી. પ્રારંભમાં મંડળીના પ્રમુખશ્રી એન. એમ. નાયકે સ્વાગત મહેમાનોનો પરિચય સાથે મંડળીનો સ્થાપના દિવસ અને આ રીતે ઉજવણીની રૂપરેખા આપી હતી. સરદાર પટેલ હોસ્પીટલના સહકારથી વિનામૂલ્ય સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો ૯૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.ડૉ. મુકેશ પટેલ, ડૉ. વૈભવી, ડૉ. રૂપલ કથીરીયા, ડૉ. ભૂમિકા કટારિયા તથા ડૉ. દિવ્યેશ પટેલે વિનામૂલ્ય સેવા આપી હતી.

ગુજરાત સરકારમાં બેટીઓ અસલામતઃ નવા વર્ષે જ નોંધાઈ દુષ્કર્મની ફરિયાદ, બેની અટકાયત

ગાંધીનગર

નવા વર્ષના પહેલા દિવસે ગુજરાતના પાટનગર ગાંધીનગર જિલ્લાના રખિયાલ ગામની દુષ્કર્મની ઘટના નોંધાઈ છે. ત્યારે ગાંધીનગર ડી.વાય.એસ.પી એમ. કે રાણાએ જણાવ્યું હતું કે ફરિયાદના આધારે ગાંધીનગર પોલીસે તપાસ કરી બે આરોપી દશરથ સિંહ અને વિજય સિંહની અટકાયત કરી છે. અને સમગ્ર વિગતની તપાસ હજુ પોલીસ કરી રહી છે. વધુમાં જણાવ્યું હતું કે છોકરી અને છોકરા બે એક જ ગામના નિવાસી છે. ત્યારે સ્કૂલના જવા બહાને આ ઘટનાને બની હતી. સગીરાના પિતા જયારે પોતાની દીકરીની શોધવા સ્કૂલ ગયા, ત્યારે છોકરી સ્કૂલમાં ન મળતા પિતાએ છોકરી ને શોધવાનું શરૂ કર્યું હતું. અને છોકરી મળતા જ પિતાએ દહેગામ તાલુકાના રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ૩૭૬ની કલમ લગાવી ફરિયાદ નોંધી હતી. ગુજરાતમાં મહિલાઓ સુરક્ષાની વાતો કરતી સરકાર મહિલાઓનું સુરક્ષમાં સઘન નિષ્ફળ નીવડતી દેખાઈ રહી છે, ગુજરાતમાં રોજ બરોજ દુષકર્મની ઘટનાઓ વધતી જોવા મળી રહી છે ત્યારે ગુજરાત સરકારની બેટી બચાવોની સૂફીયાની વાતો તદ્દન ખોટી પડી રહી હોય તેવું દેખાઈ સ્પષ્ટ દેખાઈ રહ્યો છ, હાલ જોવા જઈએ તો ગજરાતમાં દુષકર્મની ફરિયાદોમાં એટલી હદે વધારો થઈ રહયો છે કે તેને રોકવામાં સરકાર સંદતર નિષ્ફળ દેખાઈ રહી છે.ત્યારે જોવાનું હવે એ રહ્યું કે શું સરકાર આવી ઘટનાઓ ઉપર રોક લગાવવામાં સફળ થશે કે પછી મોટી મોટી વાતો માં અને ઉદઘાટનોમા જ વ્યસ્ત રહશે..?

કોરોમંડલ કન્યા શિષ્યવૃતિ વિતરણ કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે આવેલ કોરોમંડલ ઈન્ટરનેશનલ કંપની દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત આજુબાજુના ગામોમાં વિવિધ સેવાકીય અને ગામવિકાસ ની કામગીરી નિયમિત રીતે કરવામાં આવે છે. જે અનુસંધાન માં તારીખ ૩૧-૧૨-૨૦૧૮ ના રોજ "કોરોમંડલ કન્યા શિષ્યવૃતિ વિતરણ સમારોહ નું આયોજન જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી.નવનીતભાઈ મહેતા સાહેબના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. કોરોમંડેલ કંપની દ્વારા વર્ષ ૨૦૧૪થી ધોરણ ૯, ૧૦ માં અભ્યાસ કરતી પ્રથમ અને દ્વિતીય ક્રમાંક મેળવનાર કન્યા વિદ્યાર્થીની ઓને શિષ્યવૃતિ આપવામાં આવે છે.

જર્મનીમાં ઝૂમાં આગ લાગતા પ્રાણીઓ ભડથું થયા



બર્લિન

પશ્ચિમ જર્મની સ્થિત એક ઝૂમાં રાત્રે આગ લાગી હતી જેમાં કેટલાક પ્રાણીઓ ભડથું થઈ ગયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. જો કે આ આગ પાછળનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

જર્મનીના સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ પશ્ચિમ જર્મની ખાતે ડચ બોર્ડર નજીક આવેલા ક્રેફેલ્ડ ઝૂમાં એપ હાઉસમાં આગ લાગી હતી અને સંપૂર્ણ ભાગ આગમાં રાખ થઈ ગયો હતો અને કેટલાય પ્રાણીઓ તેમજ પક્ષીઓના મોત થયા હતા. સૂત્રોના મતે આગ નવા વર્ષની વધામણી વખતે ફટાકડા ફોડવાથી લાગી હતી. જો કે ઝૂ સત્તાધીશોએ આ વાતની પુષ્ટી કરી નથી. એક અહેવાલમાં જણાવ્યા મુજબ ચિમ્પાન્ઝી, ઓરન્ગ-ઉટન, બે ગોરિલા, ફુટ બેટ તેમજ કેટલાક પક્ષીઓ આગમાં ભડથું થઈ ગયા હતા. ઝૂ સત્તાધીશોએ દાવો કર્યો હતો કે બાજુમાં આવેલા ગોરીલા ગાર્ડનમાં આગ ફેલાઈ નહતી. ગોરિલા કિડોગો અને તેનો પરિવાર સલામત છે તેમ ઝૂ દ્વારા ફેસબુક પોસ્ટમાં જણાવાયું હતું. ઝૂના જણાવ્યા મુજબ ગત રાત્રે દુર્ભાગ્યપૂર્ણ રીતે આગ લાગી હતી. એપ બિલ્ડિંગ બળીને ખાખ થઈ ગયું હતું. સ્થાનિક પોલીસ અને ઝૂએ હજી સુધી આગનું કારણ જણાવ્યું નથી. બન્નેએ નવા વર્ષના ફાયરવર્ક્સથી આગ લાગી હોવાની શક્યતાને સમર્થન પણ નથી આપ્યું. આગની ઘટના બાદ ઝૂ મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યું હતું.

નોટબંધી વખતે ૩૦૦ કરોડની હેરાફેરીનો આરોપી હતો
ગેરકાયદે હેરાફેરીના આરોપી નીરજ અગ્રવાલે પત્ની-બાળક સહિત આપઘાત કર્યો

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે જાહેર કરેલી નોટબંધી વખતે રૂપિયા ૩૦૦ કરોડની ગેરકાયદે હેરાફેરીના આરોપી નીરજ અગ્રવાલે પત્ની અને બાળક સહિત આપઘાત કર્યો હોવાની માહિતી મળી હતી.

યમુના એક્સપ્રેસ હાઈવેના વૃન્દાવન કટ પાસે ઝઝ્ઝર અંડરપાસ નજીક બનેલી આ ઘટનાના સમાચાર મળતાં ટોચના પોલીસ અધિકારીઓ તરત ત્યાં ધસી ગયા હતા. શેરબજારના બાહોશ ખેલાડી નીરજ અગ્રવાલ (ઉંમર વર્ષ ૪૦), એની પત્ની નેહા (ઉંમર વર્ષ ૩૬) અને પુત્રી ધન્યા (ઉંમર વર્ષ ૬)ના મૃતદેહો કારમાં મળી આવ્યાં હતાં. આ ઘટના જાહેર થતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી.

નીરજે પહેલાં પત્ની અને બાળકો પર ગોળીબાર કર્યો હતો અને પછી પોતાની જાત પર ગોળીબાર કર્યો હતો. આ ધમાચકડીમાં એનો દસ વર્ષનો પુત્ર શૌર્ય ગંભીર ઈજા સાથે બચી ગયો હતો. પોલીસે તમામ મૃતદેહોનો કબજો લીધો હતો અને ઈજાગ્રસ્ત શૌર્યને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો હતો. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (સિટિ) અશોક મીણાએ મિડિયાને આ ઘટના આત્મહત્યાની હોવાનું જણાવ્યું હતું.

રાષ્ટ્રપતિ, વડાપ્રધાને દેશવાસીઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી

ન્યુ દિલ્હી

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અને પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત અનેક રાજકીય હસ્તિઓએ આજે નવા વર્ષ પર દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. વડાપ્રધાને ટ્વીટ કરીને કહ્યું કે વર્ષ ૨૦૨૦ શાનદાર રહે. આ વર્ષ ખુશી અને સમૃદ્ધિભર્યુ રહે. તમામ લોકો સ્વસ્થ રહે અને તમામની આકાંક્ષાઓ પૂરી થાય. તમને બધાને વર્ષ ૨૦૨૦ની હાર્દિક શુભકામનાઓ.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ દેશવાસીઓને ઈશુના નવા વર્ષની શુભકામનાઓ પાઠવી. કોવિંદે ટ્વીટ કરીને કહ્યું કે નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ તથા શુભકામનાઓ. નવા વર્ષ ૨૦૨૦નું આગમન તથા નવા દાયકાની શરૂઆતના અવસર પર આપણે બધા પોતાની આ પ્રતિબદ્ધતાને દોહરાવીએ કે આપણે એક મજબુત અને વિક્સિત ભારતના નિર્માણમાં એકજૂથ થઈને આગળ વધીશું. રાષ્ટ્રપતિએ કહ્યું કે મારી કામના છે કે નવું વર્ષ, તમારા બધાના જીવનમાં ખુશહાલી અને સમૃદ્ધિ લાવે.

રાહુલ ગાંધીએ પોતાના ઓફિશિયલ ટ્વીટર એકાઉન્ટથી ટ્વીટ કરીને કહ્યું કે તમને બધાને નવું વર્ષ મુબારક. તમારું વર્ષ શાનદાર રહે, વર્ષ ૨૦૨૦નું સ્વાગત છે.

તેમની બહેન અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી. કહ્યું કે તમને બધાને નવું વર્ષ ખુબ ખુભ મુબારક રહે.

યુપીના જાણીતા ભજન ગાયકની પરિવાર સહિત હત્યા કરાતા ખળભળાટ

લખનઉ

યુપીના શામલીમાં જાણીતા ભજન ગાયક અજય પાઠક, તેમની ૧૨ વર્ષની પુત્રી વસુંધરા પાઠક અને પત્ની સ્નેહા પાઠકની તિક્ષ્ણ હથિયારોના ઘા મારીને હત્યા કરી દેવાતા સનસનાટી મચી છે. લૂંટારુઓ તેમા ઘરમાં લૂંટ ચલાવ્યા બાદ ૧૦ વર્ષના પુત્રનુ અપહરણ કરીને લઈ ગયા હતા. તેઓ અજય પાઠકની ગાડી લઈને ફરાર થયા હતા.

એ પછી પોલીસ તંત્રના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. અજય પાઠકે પોતાના પત્ની સાથે મંગળવારે સવારે સાસરે જવાનુ હતુ. આ માટે સોમવારે તેઓ તૈયારીઓમાં વ્યસ્ત હતા.

ગઈકાલે સાંજે ૪ વાગ્યે અજય પાઠકના ઘરનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો અને તેમની ગાડી ગાયબ હતી. મહોલ્લાના બીજા લોકોએ જોયુ તો મકાનની અંદર અજય પાઠક, તેમના પુત્રી અને પત્નીના મૃતદેહ પડ્યા હતા.

બદમાશો જતા જતા ઘરમાં લાગેલા સીસીટીવી પણ તોડીને ગયા છે. એક જ પરિવારના ત્રણ સભ્યોની હત્યા બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર ફેલાઈ છે. પોલીસે લૂંટારૂઓની સાથે તેમના ૧૦ વર્ષના પુત્રની ભાળ મેળવવા દોડદામ શરૂ કરી છે.

નૌશેરામાં સેના અને આતંકી વચ્ચે અથડામણઃ ૨ જવાન શહીદ

નૌશેરા

જમ્મુ કશ્મીરના રાજૌરી જિલ્લામાં આવેલી અંકુશ રેખા નજીક બુધવારે સવારે દેશમાં ઘુસવા માગતા આતંકવાદીઓ સાથેની અથડામણમાં ભારતીય લશ્કરના બે જવાનો શહીદ થયા હોવાનું લશ્કરી પ્રવક્તાએ જણાવ્યું હતું.

પાકિસ્તાની કબજા હેઠળના કશ્મીરમાંથી આતંકવાદીઓ નૌશેરા નજીક થરયાટના જંગલ વિસ્તારમાં થઈને દેશમાં ઘુસવા માગતા હતા. ભારતીય લશ્કરના જવાનોએ એમને પડકાર્યા હતા. જવાબમાં આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કર્યા હતા. ભારતીય લશ્કરે જવાબી ગોળીબાર શરૂ કર્યા હતા. આ અથડામણમાં ભારતીય લશ્કરના બે જવાનો શહીદ થયા હતા. જમ્મુમાં ભારતીય લશ્કરના જનસંપર્ક અધિકારી લેફ્ટનંટ કર્નલ દેવેન્દ્ર આનંદે કહ્યું હતું કે અથડામણ હજુય ચાલુ છે. વધુ વિગતો હજુ આવી નથી. આપણા બે જવાનો શહીદ થયા હતા. તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓ આ માર્ગે દેશમાં ઘુસવાના પ્રયાસો કરશે એવી બાતમી લશ્કરી ગુપ્તચર વિભાગને મળી હતી એટલે લશ્કરી જવાનો સાબદા હતા.

મહિલાએ ઓચિંતો હાથ પકડી લેતા પોપ ફ્રાન્સિસે ઝાપટ મારી

રોમ

રોમન કેથોલિક ખ્રિસ્તી ધર્મના જગદ્ગુરૂ પોપ ફ્રાન્સિસે મંગળવારે ૩૧ ડિસેંબરની મધરાતે એક મહિલાના હાથ પર ઝાપટ મારી દીધી હતી. સેંટ પીટર એક્સ્વાયરમાં નામદાર પોપ હાજર રહેલા સેંકડો લોકોને પોતાના બંને હાથ ઊચા કરીને ફરકાવતાં નવા વર્ષની વધાઈ આપી રહ્યા હતા ત્યારે એક મહિલાએ અતિ ઉત્સાહમાં આવી જઈને એમનો હાથ પકડી લીધો હતો. આથી નામદાર પોપ થોડી સેકંડો માટે ગુસ્સે થઈ ગયા હતા અને પોતાનો હાથ પકડી લેનારી મહિલાના હાથ પર ઝાપટ મારીને પોતાનો હાથ છોડાવી લીધો હતો. જો કે સોશ્યલ મિડિયા પર આ ઘટનાની વિડિયો વાઈરલ થઈ હતી.

પજીની ટ્રાયલમાં ચીની કંપનીના સમાવેશથી સ્વદેશી જાગરણ મંચ નારાજ

ન્યુ દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે પજીની ટ્રાયલમાં ચીની કંપની હુવાવેને સામેલ કરતાં સ્વદેશી જાગરણ મંચ નારાજ થયો હતો અને પોતાની નારાજી જાહેરમાં વ્યક્ત કરી હતી. સ્વદેશી જાગરણ મંચ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની એક શાખા છે. જે સ્વદેશી ચીજો અને સ્વદેશી ટેક્નોલોજીનો આગ્રહ રાખે છે. ચીની કંપનીને પજીની ટ્રાયલમાં સહભાગી કરવાથી મંચ નારાજ થયો હતો.

મંચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધીને લખેલા પત્રમાં એવો ભય વ્યક્ત કર્યો હતો કે ચીની કંપનીને પજીની ટ્રાયલમાં સહભાગી કરવાથી દેશની સલામતી અને ગુપ્તતા જોખમાઈ શકે છે. આપના આ નિર્ણય અંગે ફેરવિચાર કરવાની વિનંતી છે. કેન્દ્રના ટેલિકોમ પ્રધાન રવિ શંકર પ્રસાદે સરકાર વતી એવો ખુલાસો કર્યો હતો કે પજીની ટ્રાયલ સૌ કોઈ માટે ખુલ્લી છે. એમાં સહભાગી થતાં કોઈને અટકાવી કે રોકી શકાય નહીં. અત્રે એ નોંધવું જોઈએ કે અત્યાર અગાઉ હુવાવે કંપની સામે અમેરિકાએ જાસૂસી કરતી હોવાનો આક્ષેપ કરીને અમેરિકામાં આ કંપનીની પ્રવૃત્તિ પર પ્રતિબંધ લાદ્યો હતો. એ પછી અમેરિકા અને ચીનના સંબંધોમાં તિરાડ પડી હતી. કદાચ આ સંદર્ભમાં સ્વદેશી જાગરણ મંચે કેન્દ્ર સરકારને આગળ નહીં વધવાની વિનંતી કરી હોઈ શકે .

રેલવે પ્રવાસ
પહેલા પાનાથી ચાલુ

હસ્તકની ઓઈલ કંપનીએ સબસીડી વગરના રાંધણ ગેસના ભાવમાં ૧૯ રૂપિયાનો વધારો ઝીંકીને વધતી મોંઘવારીમાં પટ્યા પર પાટુ જેવું પગલુ ભર્યું હતું. અને નવા વર્ષની "ભેટ" આપી હતી.તે સાથે દિલ્હીમાં સબસીડી વગરનો રાંધણ ગેસ હવે રૂ.૬૯૫ને બદલે ૭૧૪ રૂપિયામાં પડશે. ઓઈલ કપની દ્વારા રાંધણ ગેસના ભાવમાં સતત પાંચમા મહિને વધારો કર્યો છે. નોંધનીય છે કે બુધવારથી રેલવેના ભાડામાં પણ પ્રતિ કિ.મી. ૧ પૈસાથી લઈને ૪ પૈસાનો વધારો ઝીંકવામાં આવ્યો છે.

અહેવાલ અનુસાર, રસોઈ ગેસ ઉપભોકતાઓ પર નવા વર્ષના પહેલા જ દિવસે મોંઘવારીનો માર પડયો છે. રસોઈ ગેસ સીલીન્ડર ફરીથી મોંઘો થઈ ગયો છે. ઓઈલ કંપનનીઓ દ્વારા સતત પાંચમાં મહીને રાંધણ ગેસ સીલીન્ડરના ભાવમાં વધારો થયો છે. નવા ભાવ સમીક્ષા પછી ગેસ કંપનીઓએ સબસીડી વગરના ઘરેલુ ગેસ સીલીન્ડર (૧૪.૨ કીલો)ના ભાવોમાં ૧૯ રૂપિયાનો વધારો કર્યોછે.

જે હવે રૂ. ૭૪૯નો થઈ ગયો છે. જયારે કોમર્શીયલ સીલીન્ડર (૧૯ કિલોનો બાટલો) પર રૂ. ૨૯.૫૦ રૂપિયાનો વધારો થયો છે. ધંધાર્થીઓએ હવે કોમરિશિયલ ઉપયોગ માટે સીલીન્ડરના રૂ.૧૩૨૫ ચુકવવા પડશે. તો પાંચ કિલો વાળા નાના સીલીન્ડર ઉપર સાત રૂપિયા વધ્યા પછી હવે તે ૨૭૬ રૂપિયામાં પડશે. હવે ઘરેલુ ગેસ વપરાશકારોના ખાતામાં ૨૩૮.૧૦ રૂપિયાની સબસીડી આવશે.

ભાવ વધારો બુધવારે સવારથી જ લાગુ થઈ ગયો છે. ઓગસ્ટ ૨૦૧૯ માં ૬૧૧.૫૦ માં મળતો ગેસ સીલીડર જાન્યુઆરી-૨૦૨૦ માં ૭૪૯ રૂપિયે પહોંચી ગયો છે. એટલે કે છેલ્લા પાંચ મહિનામાં રસોઈ ગેસના બજાર ભાવમાં ૧૩૭ રૂપિયા વધી ગયા છે. જયારે કોમર્શીયલ સીલીન્ડર વાપરનારા ધંધાર્થીઓ પર સીલીન્ડર દીઠ ૨૩૦ રૂપિયાનો આર્થિક બોજ પડયો છે.

રાંધણ ગેસનો જથ્થો પૂરો પાડનાર ઈન્ડિયન ઓઈલ કંપની, ઈન્ડેનના નામે જથ્થો પૂરો પાડે છે તેના દ્વારા ૧૪.૨ એલપીજી સિલિન્ડરના ભાવમાં આજથી હવે ફેરફારો કરવામાં આવ્યાં છે, નવી કિંમત પ્રમાણે, દિલ્હીમાં નવો ભાવ રૂ. ૭૧૪, કોલકાતામાં રૂ. ૭૪૭ મુંબઈમાં રૂ. ૬૮૪ તેમજ ચેન્નાઈમાં નવો ભાવ હવે ૭૩૪ રૂપિયા છે.

રાંધણ ગેસ-એલપીજી સિલિન્ડર દર હવે મે-જૂન ૨૦૧૯ ના સ્તરે ઉંચા ભાવે પાછા આવી રહ્યા છે, જયારે તે વખતે એટલે કે ગયા વર્ષે સૌથી વધુ ભાવ વધુ હતો. સપ્ટેમ્બરમાં જો કે , એલપીજી સિલિન્ડર દર નીચા થઈ ગયા હતા. તે વખતે દિલ્હીમાં ૫૯૦ રૂપિયાનો ભાવ હતો. તે પછી યુએસ-ચાઈના વચ્ચેના વ્યાપારી તકરારને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવમાં વધારો થઈ રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય ભાવ ઉપરાંત એલપીજીના ભાવ પણ અમેરિકન ડોલરઅને ભારતીય રૂપિયાના વિનિમય દર પર પણ આધારિત છે. ઘર આંગણે યુએસ ડોલરની સરખામણીએ ૨૦૧૯ માં ૨.૨૮% વાર્ષિક નુકસાન સાથે રૂપિયાનો ભાવ ૭૧.૩૬ પર હતો.

બળતણ રિટેલર કંપનીઓ બજારના ભાવે એલપીજી સિલિન્ડર વેચે છે પરંતુ સરકાર પ્રત્યેક ઘર દીઠ વર્ષે ૧૨ સિલિન્ડરોમાં સીધી સબસિડી આપે છે. તે પછીના સીલીન્ડર પર કોમર્શિયલ ભાવ વસૂલ કરાય છે. જયારે આંતરરાષ્ટ્રીય દર વધે છે, ત્યારે સરકાર વધુ સબસિડી પૂરી પાડે છે. પરંતુ કરના નિયમો મુજબ એલપીજી પરના જીએસટીની ગણતરી બળતણના બજાર ભાવ દરે કરવામાં આવે છે. સરકાર ભાવોના એક ભાગને સબસિડી આપવાનું પસંદ કરી શકે છે, પરંતુ બજાર દરે ટેક્સ ભરવો પડશે. આનાથી સબસિડીવાળા સિલિન્ડરના ભાવમાં વધારો અથવા ઘટાડો થાય છે.

પ્રદૂષણને રોકવા અને મહિલાઓના સ્વાસ્થ્યની સુરક્ષા માટે ગ્રામીણ વિસ્તારોમાં ઘરેલુ રસોડામાં ક્લીન ઈંધણનો ઉપયોગ કરવા સરકારની ઝૂંબેશથી એલપીજી વપરાશ ૬% વધીને ૨.૧૮ મિલિયન ટન વધ્યો છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને તાજેતરમાં કહ્યું હતું કે ભારતમાં હવે ૯૫% થી વધુ ઘરોમાં એલપીજીની સુવિધા ઉપલબ્ધ છે. કોમર્શીયલ સિલિન્ડરની કિંમત કોલકાતામાં રૂ. ૧,૩૦૮, મુંબઈમાં રૂ.૧,૧૯૦ રૂપિયા અને ચેન્નઈમાં ૧,૩૬૩ રૂપિયા રાખવામાં આવી છે.

ઇસરો
પહેલા પાનાથી ચાલુ

કે, ૨૦૧૯માં અમારી મુખ્ય રણનીતિ ઈસરોનું વિસ્તરણ કરવાની હતી.

અમે ઈચ્છતા હતા કે ઈસરોનું ક્ષૈતિજ વિસ્તરણ થાય. બીજી રણનીતિ હતી કે અમે ક્ષમતાનો વિસ્તાર કરીએ. જયારે ત્રીજી રણનીતિ ઈસરોમાં શારીરિક કાર્યોમાં ઘટાડો કરવાની હતી.

૨૦૨૦માં ઈસરો 'ચંદ્રયાન-૩' લોન્ચ કરશેઃ જિતેન્દ્ર સિંઘ

કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહે સંસદના શિયાળા સત્રમાં આપવામાં આવેલા લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ભારત ૨૦૨૦માં ચંદ્રયાન-૩ લોન્ચ કરશે અને તેનો ખર્ચ ચંદ્રયાન-૨ કરતાં ઓછો હશે. તેમણે કહ્યું હતું કે, ચંદ્રયાન-૨ને નિષ્ફળ કહેવું ખોટી વાત છે. તેનાથી અમને ઘણું શીખવા મળ્યું છે. ચંદ્રની સપાટી પર ઉતરવાનો આ ભારતનો પહેલો પ્રયત્ન હતો. દુનિયાનો કોઈ પણ દેશ પહેલાં પ્રયત્ને આ કામ નથી કરી શક્યું.

બિપીન રાવત
પહેલા પાનાથી ચાલુ

તેમ દૂર રહીએ છીએ.જનરલ રાવતે એમ પણ કહ્યું કે, આ ઉપરાંત અમે રિસોર્સ મેનેજમેન્ટ ઉપર ધ્યાન આપીશું. સંરક્ષણ તાલીમને કઈ રીતે આગળ વધારી શકાય છે તે અમે જોઈશું. આગળ જે કામગીરી મળશે એને અમે સક્ષમ રીતે બજાવીશું.

સીડીએસ ૪-સ્ટાર જનરલ હશે અને તેઓ સંરક્ષણ મંત્રાલય અંતર્ગત આવનાર એક નવા વિભાગના સચિવ તરીકે કામ કરશે, એ વિભાગનું નામ રાખવામાં આવ્યું છે — ડિપાર્ટમેન્ટ ઓફ મિલિટ્રી અફેર્સ. આ ઉપરાંત સીડીએસ કેન્દ્ર સરકારને સૈન્યની બાબતો અંગે સલાહ આપશે.

સરકારે સ્પષ્ટતા કરી જ દીધી છે કે સીડીએસ ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળને સીધી રીતે કન્ટ્રોલ નહીં કરે, પરંતુ એમને અંતર્ગત સેનાની ત્રણેય પાંખના સંયુક્ત કમાન્ડ અને ડિવિઝન રહેશે.

સીડીએસ સંરક્ષણને લગતા મુદ્દાઓ પર સંરક્ષણ પ્રધાન સાથે સીધા સંપર્કમાં રહેશે અને પોતાનાં મંતવ્યો આપશે. ટૂંકમાં, સીડીએસ સંરક્ષણ પ્રધાનના સૈન્ય સલાહકાર તરીકે ફરજ બજાવશે. સંરક્ષણ પ્રધાને ત્રણેય સેનાના વડાઓ સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરવાને બદલે હવેથી સીડીએસ સાથે જ વાતચીત કરશે. ત્રણેય સેનાનો સંપૂર્ણ ટ્રાઈ સર્વિસ કમાન્ડ સીડીએસને આધીન રહેશે.

ઉલ્લેખનીય છે કે, કારગીલ યુદ્ધ બાદ કારગીલ રિવ્યૂ કમિટી તથા નરેશ ચંદ્ર કમિટીએ દેશમાં સીડીએસની નિમણૂક કરવાની કેન્દ્ર સરકારને ભલામણ કરી હતી અને એના આધારે જ નરેન્દ્ર મોદી સરકારે પ્રથમ સીડીએસની નિમણૂક કરી છે.

જનરલ રાવતે કહ્યું કે, સીડીએ સેનાની ત્રણેય પાંખ સાથે સરસ તાલમેલ રાખશે. સાથોસાથ, સંરક્ષણ પાછળ ખોટો ખર્ચ ન થાય અને બજેટમાં ફાળવાયેલી રકમનો યોગ્ય રીતે ઉપયોગ થાય એની પર દેખરેખ રાખશે. ત્રણેય સેનાનાં અધિકારીઓની ટ્રેનિંગ સ્કૂલ એટલે કે નેશનલ ડીફેન્સ એકેડેમી સીડીએસના નિયંત્રણમાં રહેશે.

આ ઉપરાંત આર્મ્ડ ફોર્સીસ મેડિકલ સર્વિસ, એન્જિનિયરિંગ સર્વિસ અને નેશનલ ડીફેન્સ કોલેજ પણ સીડીએસના કમાન્ડ હેઠળ રહેશે. જનરલ રાવતે વધુમાં કહ્યું કે, સીડીએસને મુખ્ય જવાબદારી દેશ માટે ભાવિ રણનીતિ ઘડવાની આપવામાં આવી છે.

સીડીએસના રાજકીય ઝોક વિશેના સવાલના જવાબમાં જનરલ રાવતે કહ્યું કે અમે રાજકારણથી ઘણા દૂર રહીએ છીએ. અમારે સામાન્ય રીતે શાસક પક્ષના આદેશો અનુસાર કામ કરવાનું રહેતું હોય છે.

સીડીએસ બન્યા બાદ જનરલ રાવતનો ગણવેશ બદલાઈ ગયો છે. એમના ગણવેશનો રંગ ઓલિવ ગ્રીન (જૈતૂન લીલો) રહેશે. આ ગણવેશમાં સેનાની ત્રણેય પાંખના ગણવેશના તમામ ઘટક રહેશે.

યોગી સરકાર
પહેલા પાનાથી ચાલુ

ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) નું નામ આજકાલ ખૂબ ચર્ચામાં છે.

ઉત્તર પ્રદેશમાં નાગરિકતા સુધારો અધિનિયમ (સીએએ) વિરુદ્ધ ફાટી નીકળેલી હિંસામાં પીએફઆઈનું નામ પ્રમુખ રૂપે સામે આવ્યુ છે. પીએફઆઈની શરૂઆત ૨૦૦૬ માં કેરળમાં રાષ્ટ્રીય વિકાસ મોરચા (એનડીએફ) ની મુખ્ય સંસ્થા તરીકે થઈ હતી. આ પહેલા ઉત્તર પ્રદેશ સરકારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) પર પ્રતિબંધ લગાવવા માટે પત્ર મોકલ્યો હતો. આ પત્ર ગૃહ મંત્રાલયે પણ સ્વીકાર્યો હતો. ઉત્તર પ્રદેશ ગૃહ વિભાગે પીએફઆઈ પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને મોકલ્યો હતો.

આ કેસમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય ગુપ્તચર એજન્સીઓ અને એનઆઈએ પાસેથી ઈનપુટ લઈ શકે છે. આ સાથે ગૃહ મંત્રાલય છેલ્લા કેટલાક મહિનાઓમાં પીએફઆઈને લગતી પ્રવૃત્તિઓની સમીક્ષા કરશે.

પીએફઆઈ સંગઠને ઉત્તર પ્રદેશ પોલીસનાં તમામ આરોપોનું ખંડન કર્યું છે. પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાનાં રાષ્ટ્રીય મહાસચીવ એમ મહોમ્મદ અલી જિન્હાએ જણાવ્યું કે યૂપી પોલીસે સંગઠન પર પાયાવિહોણા આરોપ લગાવ્યા હતા. નાગરિકતા સુધારો કાયદા સામે આઝાદી પછીના સૌથી મોટા લોકપ્રિય ચળવળમાં એક સાથે દેખાયું. તેમણે કહ્યું કે લોકોએ તેમના બધા મતભેદોને ધ્યાનમાં લીધા વિના, હાથ મિલાવ્યા અને દેશભરના શહેરો અને ગામોમાં કાયદાની વિરુદ્ધ કૂચ કરી. માત્ર ભાજપ શાસિત રાજ્યોએ વિરોધને હિંસક ગણાવીને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. મોટાભાગના રાજ્યોમાં પોલીસનાં અધિકારીઓએ લોકશાહી અધિકારને માન આપે છે.

નવસારી પોલીસે દારૂ પીધેલા ૫૬ લોકોને ઝડપી પાડ્યા

રાત્રિ દરમિયાન નવસારીમાં ઠેર-ઠેર પોલીસનું ચેકિંગ

નવસારી

નવસારી જિલ્લામાં વિવિધ સ્થળોએ નવા વર્ષની ઉજવણી અને થર્ટી ફર્સ્ટની રાત્રે વાહન ચેકિંગ નાકાબંધી દરમ્યાન દારૂ પીને વાહન હંકારનારા ૨૪ કેસો, દારૂનો નશો કરવાના ૫૬ કેસો મળી કુલ પ્રોહિબીશનનાં ૮૦ જેટલા કેસો કરવામાં આવ્યા હતા અને વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા મળતી માહિતી અનુસાર નવસારી જિલ્લામાં નવા વર્ષની ઉજવણી અને થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણીમાં કોઈ નશાકારક વસ્તુઓનું સેવન ન થાય તેમજ કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ ન થાય તે માટે નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ અને તા.૧-૧-૨૦૨૦ના સવાર સુધી તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મુખ્ય માર્ગો પર નાકાબંધી કરી વાહન ચેકિંગ અને ઉજવણીના સ્થળોએ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. આ બંદોબસ્ત દરમ્યાન પોલીસે દારૂ પીને વાહન ચલાવતા હોય તેવા ઈસમો વિરૂદ્ધ એમવી એક્ટ ૧૮૫ના કુલ ૨૪ કેસો કરી વાહનો ડીટેઈન કરી તેમની ધરપકડ કરી હતી. જ્યારે દારૂના નશામાં લથડીયા ખાતા કુલ ૩૪ દારૂડીયાઓને ઝડપી પાડ્યા હતા અને અન્ય પ્રોહિબીશનના કુલ ૨૨ કેસો મળી થર્ટી ફર્સ્ટની ઉજવણી અને નવા વર્ષની ઉજવણીમાં કુલ ૮૦ કેસો કરવામાં આવ્યા હતા.

કામરેજમાં ટેમ્પામાંથી પોલીસે ૧૦.૬૪ લાખનો દારૂ ઝબ્બે કર્યો

દારૂ સાથે એક બુટલેગરની ધરપકડ

સુરત

કામરેજ-કઠોર-ઘલુડી તરફ જવાના રસ્તા પર પોલીસે એક આઈસર ટેમ્પાને રોકી તપાસ કરતા વગર પાસ પરમીટ વિદેશી દારૂની ૯૦૮૨ નંગ બોટલો કિંમત રૂા.૧૦.૬૪ લાખના મુદ્દામાલ સાથે એક મારવાડી બુટલેગરની ધરપકડ કરી હતી. પોલીસે મેળવેલા રિમાંડ પુરા થતા અદાલતે તેને જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાનના ઝુંઝનું જિલ્લાના બેરલા ગામના વતની કુલદીપ જાટ (૩૦) આઈસર ટેમ્પા (એમએચ-૪૬-બીએમ-૧૪૭૪)માં વગર પાસ પરમીટની ભારતીય બનાવટની વિદેશી દારૂની ૯૦૮૨ નંગ બોટલો કિંમત રૂા.૧૦.૬૪ લાખનો જથ્થો ભરીને આવતો હતો. ત્યારે કઠોરથી ઘલુડી ગામ તરફ જવાના રસ્તા પર તેને રોકી તપાસ કરી તમામ મુદ્દામાલ જપ્ત કરી ધરપકડ કરી હતી. પોલીસે આઈસર ટેમ્પો, રોકડા તથા મોબાઈલ ફોન પણ કબજે કર્યા હતા. પોલીસે બુટલેગરોને કોર્ટમાં રજૂ કરી મેળવેલા રિમાન્ડ પુરા થતા તેને જયુડીશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.



સુરતના જૂના કોસાડ રોડ અમરોલીમાં આવેલી સરદાર પટેલ એકેડમી સ્કૂલમાં નવા વર્ષ નિમિત્તે સ્કૂલના બાળકો દ્વારા ગીતાના શ્લોકનું સામૂહિક પઠન કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લામાં હથિયાર બંધી અને સુરક્ષા સંબંધે જાહેરનામું

ધાર્મિક લાગણી દુભાઈ તેવું કૃત્ય કરવું નહીં

વ્યારા

આગામી મકર સક્રાંતિ પ્રજાસત્તાક દિન તથા અન્ય તહેવારોને અનુલક્ષીને તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ-શાંતિ અને સલામતિ જળવાઇ રહે એ માટે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયાએ એક જાહેરનામું બહાર પાડી નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર કોઇ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિં. કોઇ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહિં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો લઇ જવા નહિં કે એકઠા કરવા નહિં તથા તૈયાર કરવા નહિં. ધાર્મિક સ્થળોએ લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. તેમજ પ્લાસ્ટિકની કોથળીઓમાં કોઇ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહિં. કોઇ રાહદારી કે અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિં, તેવા હાવભાવ, ચેષ્ટા કરવી નહિં કે તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહિં, બતાવવી નહિં અથવા તેનો ફેલાવો કરવો નહિં. જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહિં. લોકોને અપમાનિત કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહિં તથા સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય જાહેરસભા અથવા સરઘસનું આયોજન કરવું નહિં.

આ હુકમ સરકારી નોકર કે કામ કરતી કોઇ પણ વ્યકતિ કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય તેવા કિસ્સામાં, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડાએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારિરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરિયાત હોય તેવી વ્યક્તિઓને તથા સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને લગતા કાર્યક્રમોને લાગુ પડશે નહિં. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તા. ૦૪/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે

વ્યારા નગર પાલિકાની હદમાં ભારે વાહનો પર પ્રતિબંધ લાગુ

સવારથી રાત સુધી ભારે તથા મોટા વાહનો દોડી સકાશે નહીં

વ્યારા

વ્યારા નગરના જુના બસ સ્ટેન્ડથી મેઈન રોડબજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સમગ્ર દિવસ દરમિયાન વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની ઘણી મુશ્કેલીઓ પડે છે. આ સમય દરમિયાન ઉપરોકત વિસ્તારમાં માલવાહક ભારે વાહનોનો પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે. પરિણામે જાહેર જનતાને અવર-જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડેછે. જેને લઈ તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયાએ જાહેરનામું બહાર પાડી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડ થી મેઈન રોડ બજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધી અને જુના બસ સ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૦૮:૦૦ કલાકથી સાંજે ૨૦:૦૦ કલાક સુધીના સમય દરમિયાન માલ વાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આવશ્યક સેવા, ઈમર્જન્સી અને આરોગ્ય વિષયક સેવાઓને લગતા વાહનોને લાગુ પડશે નહિં. આ જાહેરનામું તા. ૦૪/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

કારખાનેદાર પાસેથી ગ્રે માલ ખરીદી રૂા.૭.૪૬ લાખની ઠગાઈ

બે વેપારીઓ સામે ચોક પોલીસમાં ફરિયાદ

સુરત

ચોકબજાર ફટાકડાવાડી રેશ્મા ટેક્ટાઈલના એક કારખાનેદાર પાસેથી ગ્રે કાપડ લઈને પાછળથી નાણા ચૂકતે નહીં કરી રૂા.૭.૪૬ લાખનો વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ ચોકબજાર પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રામપુરા મસાલચીવાડ ફાતેમા મસ્જિદ પાસે ફટાકડાવાડી ખાતે રેશ્મા ટેક્ટાઈલના નામથી વેપાર કરે છે. આરોપી નિતેષ સોની તથા અશોક સોલંકી વગેરેઓએ તમાકુવાળા બોલુ છુ તેમ જણાવી ગ્રે કાપડનો જથ્થો ખરીદ્યો હતો. આ ગ્રે કાપડનો જથ્થો સાક્ષી સારીઝના માલિક અશોક સોલંકીને ત્યાં મૂકાવેલો છે. ત્યારબાદ આબીદભાઈ નાણાની ઉઘરાણી કરવા જતા આરોપી મિતેષ સોનીએ વાયદાઓ કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ચોકબજાર પોલીસ મથકમાં આબીદ અંસારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પૂર્વથી પશ્ચિમ તરફ વહેતી કીમ નદી કાંઠે

તુણાગામે સાંસદ અહેમદ પટેલની ઉપસ્થિતિમાં સ્મશાનગૃહનું લોકર્પણ

સાંસદ અહેમદ પટેલનું આગેવાનો દ્વારા સન્માન

ભરૂચ

વાલિયા તાલુકાના તુણા ગામે સ્મશાનગૃહની લોકાર્પણવિધિ રાજયસભા સાંસદ અહેમદ પટેલના હસ્તે યોજાઈ હતી. અહેમદભાઈ પટેલના રાજકીય ગુરુ એવા સ્વર્ગસ્થ હરિસિંહ મહિડાની ૧૦૦મી પુણ્યતિથિએ સ્મશાન ગૃહની લોકાર્પણ વિધિ યોજાઈ હતી.

રાજયસભા સાંસદ અહેમદ પટેલના રાજકીય ગુરુ અને વટારીયા સ્થિત ગણેશ સુગરના આદ્યસ્થાપક એવા સ્વ. હરિસિંહ મહિડાની અંતિમવિધિ ૨૪ વર્ષ પૂર્વે તુણા ગામે કીમ નદી પાસે કરાઈ હતી. ત્યારથી અહેમદ પટેલનું સ્વપ્ન હતું કે પોતાના રાજકીય ગુરુની અંતિમ વિધિ જ્યાં થઈ ત્યાં અધ્યતન સ્મશાન ગૃહ નિર્માણ કરવું. આ માટે અહેમદ પટેલે રૂ. ૩૫ લાખની ગ્રાન્ટ ફાળવી હતી. જેમાંથી તુણા ગામે કીમ નદી પાસે અઘોરેશ્વર મંદિરની બાજુમાં સ્મશાન ગૃહ નિર્માણ કરવાનું નક્કી થયું હતું.

નોંધનીય છે કે સામાન્ય રીતે નદીનું વહેણ પૂર્વ થી પશ્ચિમ તરફ હોય છે, જ્યારે આ સ્થળે કીમ નદી પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે, જે ઘણી પવિત્ર જગ્યા ગણાય છે. સ્મશાનમાં અંતિમ ક્રિયા માટે ત્રણ ભઠ્ઠી, ગાર્ડન બેન્ચીસ, વોકવે તેમજ ફેન્સીંગ સહિતનું અદ્યતન સ્મશાન ગૃહ નિર્માણ પામ્યું છે. અહેમદ પટેલના હસ્તે તકતીનું અનાવરણ કરીને આ સ્મશાનગૃહની લોકાર્પણ વિધિ કરવામાં આવી હતી.

આ સ્મશાનની લોકાર્પણ વિધિમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ અશ્વિન કાપડિયા, વટારીયાની ગણેશ સુગરના ચેરમેન સંદીપ માંગરોલા, જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નારૂ ફડવાલા, જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અનિલ ભગત, સ્વ. હરિસિંહ મહિડાના પુત્ર ધર્મેન્દ્ર સિંહ મહિડા, કાશ્મીરાબેન મુન્શી, સુનિલ પટેલ, એડવોકેટ ફારૂક શેખ સહિત વિવિધ ગામોના સરપંચો અને મોટી સંખ્યામાં રાજકીય તેમજ સહકારી અને સામાજિક આગેવાનો ઉપરાંત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

અશ્વિન કાપડિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અહેમદપટેલ એવા જમીની નેતા છે કે જેઓ રાષ્ટ્રીય કક્ષાએ બહુમુખી પ્રતિભા ધરાવતા હોવા છતાં પણ કદી તેમનામાં અભિમાનનો છાંટો સુદ્ધાં જોવા મળ્યો નથી. ભરૂચ જિલ્લા માટે આ એક વિરલ વિભૂતિ છે જેમણે જિલ્લાના મુખ્યમથક હોય કે પછી અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો હોય અનેક ક્ષેત્રમાં પોતાનું સર્વ શ્રેષ્ઠ યોગદાન આપ્યું છે. તેમ છતાં કદી તેમણે એ બાબતે પોતે મહાન છે એવો દેખાવ કર્યો નથી. ભરૂચ અને નર્મદા જિલ્લા માટે તેમની કામગીરીથી જિલ્લાની જનતા પરિચિત છે. આજે તેમણે પોતાના રાજકીય ગુરુ એવા સ્વ. હરિસિંહ મહિડાની પણ અંતિમવિધિ જ્યાં થઈ ત્યાં સ્મશાનગૃહ બનાવીને તેમનું સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી છે.

અહેમદ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ ખરેખર અત્યંત પવિત્ર જગ્યા છે પૂર્વવાહિની કીમ નદીનું ઐતિહાસીક મહત્વ ઘણું છે. આ જગ્યાને હજુ પણ ડેવલપ કરવાની જરૂર છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે દરેક માનવીએ સમાજ માટે શક્ય તેટલું યોગદાન આપવું જ જોઈએ અને પોતાનું જીવન એક આદર્શ બની રહે એવું બનાવીને આગામી પેઢી માટે પ્રેરણાદાયી બનવું જોઈએ.

આ પ્રસંગે વિવિધ ગામોના સરપંચો તેમજ આગેવાનો દ્વારા તેમજ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. અહેમદ પટેલે આ પ્રસંગે વૃક્ષારોપણ કરીને પોતાની પર્યાવરણ પ્રત્યેની જવાબદારી પણ અદા કરી હતી.

માલીબા કેમ્પસમાં રાનજહાના સોન્ગનું ટીઝર લોન્ચ કરાયું

સુરત

એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી ખેલ અને યુવા મંત્રાલય હેઠળ ભારત સરકાર દ્વારા પશ્ચિમ ભારતના ૩૫ આંતર યુનિવર્સિટી યુવા મહોત્સવ યુથ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મલીબા કેમ્પસ ખાતે ગાયક મુકેશ ચૌધરી ની લાઈવ કોન્સર્ટ દરમિયાન ×રાનજાહાના× સોન્ગ નું ટીઝર લોન્ચ કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય પદે અભિનેત્રી તરીકે રીના ટેન્કને દર્શાવવામાં આવ્યું છે આ સંગીતના નિર્દેશક મુકેશ ચૌધરી દ્વારા આપવામાં આવ્યું છે આ ગીતના નિર્માતા નિમેશ નકુમ નકુમ છે આ ગીત ની અંદર કોસ્ચ્યુમ ડિઝાઈન ડિઝાઈનર કોમલ બચકાનીવાલા દ્વારા કરવામાં આવી છે આ સંગીતને લોકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવ્યું,

×રાનજાહાના× ગીત નું લોન્ચિંગ ૭ જનવરી ૨૦૨૦ ના દિવસે કરવામાં આવશે આ ×રાનજાહાના× ટીઝર લોન્ચિંગ દરમિયાન મોટી સંખ્યામાં પશ્ચિમ ભારતના ૩૫ આંતર યુનિવર્સિટી યુવા મહોત્સવ યુથ ફેસ્ટિવલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આ ગીતને ખૂબ જ પસંદ કર્યો હતો.

ભત્રીજાના સતત દબાણથી કંટાળેલી પરિણીતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

નડિયાદ

નડિયાદના અરજનપુર કોટના ખોડિયારપુરામાં રહેતા પ્રભાતભાઇ શીવાભાઇ ડાભીના પત્ની સરલાબેને ૧૮મી નવેમ્બરે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે મામલે પ્રભાતભાઇએ ચકલાસી પોલીસ મથકે પત્નીને આપઘાત કરવા દુષ્પ્રેરણ કરનાર તેના પ્રેમી દશરથ ભવાનભાઇ ડાભી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યું કે, પત્ની સરલાને ગામમાં રહેતા કુટુંબી ભત્રિજા દશરથ ડાભી સાથે આડા સંબંધ હતા અને સરલાબેન આંગણવાડીમાં નોકરી કરતાં હોવાથી અવારનવાર તેની પાસેથી દશરથ પૈસાની માંગણી કરતો. સરલાબેને પર્સનલ લોન લીધી તેના પૈસા પણ દશરથને આપ્યા, જેમાંથી તે બાઇક લાવ્યો હતો. જે બાબતે પ્રભાતભાઇએ પત્ની સરલાબેનને પૂછ્યું હતું તો તેઓએબાકી વીમો ભર્યો હોવાનું જણાવતાં પ્રભાતભાઇએ ઠપકો આપીને સંબંધ નહીં રાખવા જણાવતાં, સરલાબેનેસંબંધ તોડી નાખ્યા હતા.

દિવ્યાંગ વિશ્વ વિદ્યાલય દ્વારા

પદ્મશ્રી કનુભાઈ ટેલરને ડોકટર ઓફ ફિલોસફીની માનદ ડિગ્રી

જગતગુરુ રામચંદ્રાચાર્યના હસ્તે ડિગ્રી એનાયત કરાઈ

સુરત

ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાનાં ટ્રસ્ટી શ્રીમતિ રચના પહાડીયાવાલા એક અખબારી યાદીમાં જણાવે છે કે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંસ્થા અને પરીવારનાં પથદર્શક અને મોભી પદ્મશ્રી એવોર્ડ શ્રી કનુભાઈ ટેલરને જગદગુરુ રામભદ્રાચાર્ય દિવ્યાાંગ વિશ્વવિદ્યાલય, ચિત્રકુટ, ઉતરપ્રદેશ દ્વારા તા.૩૦/૧૨/૨૦૧૯ નાં રોજ ચિત્રકુટ, ઉત્તરપ્રદેશ ખાતે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ તેમજ જગદ્ગુરુ રામભદ્રાચાર્ય નાં વરદ હસ્તક ડોકટર ઓફ ફિલોસફી (PHD) ની માનદ્ ડિગ્રી એનાયન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ જણાવ્યુ હતુ કે "ભારતમાં સૌ પ્રથમ એક દિવ્યાંગ વ્યક્તિને બે અલગ અલગ યુનિવર્સિટી દ્વારા ડોકટર ઓફ ફિલોસફી (PHD) ની માનદ્ ડિગ્રી એનાયત થયેલ છે." પદ્મશ્રી એવોર્ડ શ્રી કનુભાઈ ટેલરને અગાઉ પણ નોર્થઈસ્ટર્ન હિલ યુનિર્વસીટી, શિલોગ, મેઘાલય દ્વારા પણ ડોકટર ઓફ ફિલોસફી (PHD) ની માનદ્ ડિગ્રી એનાયત થયેલ છે તેમજ અનેક રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય સન્માન મળેલ છે.

જન શિક્ષણ સંસ્થાન તાલિમાર્થી દ્વારા નિર્મિત નમુનાઓનું પ્રદર્શન

સુરત

કૌશલ વિકાસ ઉદ્યમિતા મંત્લાલય ભારત સરકાર દ્વારા સંચાલિત જન શિક્ષણ સંસ્થાન સુરત દ્વારા પ્રમાણપત્ર વિતરણ અને તાલિમાર્થી બહેનો દ્વારા નબાવેલા નમુનાઓનું પ્રદર્શન કમ વેચાણ, તા. ૩૦.૧૨.૨૦૧૯ના રોજ સિવાજીનગર, પાંડેસરા ખાતે યોજાયો હતો.

જન શિક્ષણ સંસ્થાન સુરત દ્વારા પાંડેસરા અને ભેસ્તાન ગામમાં પૂર્ણ થયેલ તાલીમ વર્ગો સિવણ, બ્યુટી પાર્લર, ટાઈ એન્ડ ડાઈ, બેકરી, અને જયુટ કાફ્ટના તાલીમ વર્ગોના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પૂર્ણ થયેલા વર્ગોની બહેનોએ બનાવેલા નમુનાઓનું પ્રદર્શન કમ વેચાણ કરવામાં આવ્યું.

સંસ્થાના નિયામક શ્રી પ્રફુલાબેન સુરતી સંસ્થાનો પરિચય આપી બહેનો ને આગળ પોતાનો વ્યવસાય ચાલુ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ સંસ્થામાં તાલીમ લીધા બાદ તાલિમાર્થી બહેનો એ પોતે પગભર થઈ પોતાનો વ્યવસાય ચાલુ કર્યાના વ્યકતીગત અભિપ્રાય રજુ કર્યા હતા. અને અંતમાં સંસ્થાના મદદનીશ કાર્યક્રમ અધિકારી શ્રી હર્ષ પટેલે સંસ્થા વતી સૌનો આભારમાની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા વિદ્યાર્થીઓને વાહક જન્ય રોગ નિયંત્રણ અંગે માહીતી અપાઇ



શેઠ એમ જે સ્કુલમાં વિદ્યાર્થીઓને મેલેરીયાથી બચવાના ઉપાયો, નિદાન, સારવાર અંગે સમજ આપવામાં આવી

એક ચેપી મચ્છરનો ડંખ મોટા આઘાતો આપી શકે છે. મચ્છર કરડવાથી ગંભીર સ્થિતિ બની શકે છે. એક ચેપી મચ્છરના કારણે મેલેરિયા, ડેન્ગ્યું, ચિકનગુનિયા જેવા રોગ થઈ શકે છે અને જો યોગ્ય સારવાર લેવામાં ન આવે તો મચ્છર દર્દીને મૌતના મુખમાં પણ ધકેલી શકે છે. અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિરલ વાઘેલાના માર્ગદર્શન મુજબ તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા શેઠ એમ જે સ્કુલ ખાતે વિદ્યાર્થીઓને વાહકજન્ય રોગોથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામના નીલકંઠ વાસુકિયા, ગૌરીબેન મકવાણા, દિવાનભાઇ ઠાકોર, હાર્દિકભાઇ પટેલ, ધનલક્ષ્મીબેન સોની, શેઠ એમ જે સ્કુલના મહેશભાઇ દેત્રોજા, નુતનબેન ટપરીયા સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત મેલેરીયા મુક્ત ગુજરાત ૨૦૨૨ નો લક્ષાંક હાંસલ કરવા એક રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરેલ છે. આ અભિયાનમાં સરકારના પ્રયત્નો ઉપરાંત જનસહયોગ તથા અન્ય વિભાગો, ખાનગી તબીબો, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેની સામેલગીરી અનિવાર્ય છે ત્યારે શાળાના વિદ્યાર્થીઓમાં પણ મેલેરીયા અંગેની જાગૃતિ કેળવાય તે માટે શેઠ એમજે સ્કુલમાં વિદ્યાર્થીઓને મેલેરીયાના રોગથી બચવાના ઉપાયો અને નિદાન, સારવાર અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, ઉલટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઇ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઇને નિશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઇએ. મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઇ પણ તાવ મેલેરીયા હોય શકે છે. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે. સખત તાવ આવવાની સાથે આંખના ડોળાની પાછળ દુખાવો થાય કે હાથ અને ચહેરા પર ચકામા પડે, નાક, મોં તેમજ પેઢામાંથી લોહી પડે તો ડેન્ગ્યુ હોઇ શકે છે. ડેન્ગ્યુ જેવા કોઇ પણ લક્ષણ જોવા મળે તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો જોઇએ તેવી લોકોને માહિતી આપવામાં આવી હતી.

આઈટી વિભાગનો સપાટો : દિશમાન ગ્રુપનાં ૧૭૦૦ કરોડથી વધુનાં બેનામી વ્યવહારો મળ્યા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ઈકમટેક્સ વિભાગે સપાટો બોલાવ્યો છે. ઈકમટેક્સ વિભાગે ફાર્મા સેક્ટરની અગ્રણી કંપની દિશમાન ફાર્માસ્યુટીકલ્સમાં રૂ. ૧૭૭૦ કરોડના બેનામી વ્યવહારો પકડી પાડ્યા છે. દિશમાન ગ્રૂપ કંપનીએ રૂ. ૨ હજાર કરોડનું ટર્ન ઓવર દર્શાવ્યું હતું. જેમાં ફક્ત રૂ. ૧૦ કરોડનો ઓપરેટિંગ નફો તેમજ રૂ. ૭૨ કરોડની કમિશન, વ્યાજ, ડિવિડન્ડની આવક દર્શાવતા હિસાબોને કારણે શંકાનાં દાયરામાં આવી હતી. જેથી દિશમાન ફાર્માની નરોડા, બાવળામાં આવેલી ફેક્ટરી, મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ અને બોપલ-આંબલીમાં ૧૨ રેસિડેન્સિયલ સહિત ૧૯ જેટલી પ્રિમાઈસીસ સર્ચ અને સર્વે હાથ ધર્યો હતો.

ભારત ઉપરાંત ૧૬ વિદેશમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ અને કરોડોનો વ્યવસાય ધરાવતી દિશમાન કોર્બોજેન એમ્સિસ પ્રા.લિ.માંથી અત્યાર સુધીમાં રૂ. ૬૪.૯ લાખ રોકડ સહિત ૧.૫ કરોડની રોકડ અને જ્વેલરી જપ્ત કરાઈ છે. રૂ ૩૦.૪૨ લાખની વિદેશી ચલણી નોટ પણ જપ્ત કરી છે. તેમજ ૨૪ લોકર સીલ કરાયા છે.

ઈકમટેકસના અધિકારીઓને તપાસમાં જાળવા મળ્યું હતું કે, દિશમાન કોર્પોરેશન દ્વારા પોતાની જ કંપની કોર્બોજિન એમ્સીસ પ્રા.લિને દિશમાન ગ્રૂપમાં મર્જ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૫માં આ કંપનીઓ મર્જ થઇ દિશમાન કોર્બોજિન એમ્સીસ પ્રા.લિ. બની હતી. દિશમાનના સંચાલકોએ સુપ્રિમ કોર્ટના કોઇ ચુકાદાની આડમાં મર્જ કંપનીના ગુડવીલના રૂ. ૧૩૨૬ કરોડમાંથી ડેપરિસીએશન પેટે રૂ.૯૦૦ કરોડનાં દાવા કર્યા હતાં. જેની ઝીણવટપૂર્વક તપાસ ચાલી રહી છે. આ ઉપરાંત ગ્રૂપની બે મુખ્ય માર્કેટિંગ કંપની દિશમાન યુએસએ તથા દિશમાન યુરોપ લિમિટેડ લંડનના વ્યવહારોની તપાસ ચાલી રહી છે.

આઈટીની તપાસમાં બોગસ લોન, બોગસ એડવાન્સીસ, બોગસ પર્સનલ વ્યવહારો, બોગસ કમિશન, પગાર, સહિત ચૂકવણીના બોગસ ખર્ચા અને બિલો જનરેટ કરીને કરોડોનું કૌભાંડ આચર્યું હોવાનું સામે આવ્યું હતું.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

ધમધમતા તડકામાં રણમેદાને ઓછાયો જોયો,
કોઈ અજનબીનો સાથ મળશે મેં એવી રાહ જોઈ.
વિરાન પંથમાં અચાનક પંથીનો સથવારો જોયો,
એકલતા તૂટશે મુસાફરીએ મેં એવી રાહ જોઈ.
નજીક જતાં એની પાસે મારાથી દૂર ભાગતો જોયો.
કારમી મુસીબતે રાહ આપશે મેં એવી રાહ જોઈ.
મદદની બુમે માણસાઈનો રંગ બદલતો જોયો,
કાંચીડો પણ વાહ વાહ બોલશે મેં એવી રાહ જોઈ.
ગરમીઝાળે ઈન્સાનિયત મૂકીને દોડતો જોયો,
કોણ આવશે પંથમાં સાથીરૂપે મેં એવી રાહ જોઈ.
એકલતા વેળે આંખમાંથી મોતી અશ્રુ પડતો જોયો,
વૈરીયા કહે આંખના નુરે વહેમી મૃગજળ જોઈ.

- કાતરીયા વૈશાલી "વૈરીયા"

•

મહાન સંસ્કૃતિ ભારતની કદી ભુલાયના
સાથ સહુનો રાખવો એ સંદેશ છોડાયના
માફી માંગી-આપીને ભાઈચારો નિભાવતા
શરૂઆત હોય નવા વર્ષની ઈસુ પારસીના
સુર્ય પોતાનો નિભાવે ધર્મ સહુ કાજ સમાન
ચંદ્ર શિતળતા પીરસી રહ્યો ઉંચા આસમાન
વરસી પડે વાદળી ક્યાંક એમ જ અણધારી
ધર્મ કેરી તુજ હાથથી મનવા નવ છુટે કમાન
દિવસ બદલે રોજ નથી આવવાનો ફરી કદી
ભારત ભરમા મા કહેવાતી વહેતી અનેક નદી
સાચવીએ સંસ્કૃતિ આ દેશની સાચા દિલથી
માત પિતાના પ્રેમમાં તેજુ નહી મળે કદી મંદી

- તેજલ વઘાસિયા "તેજુ" (ઉમરાળી, જૂનાગઢ)

•

જિંદગી હર પલ નવું જોમ પ્રગટાવી રહી.
કોને કહું મારી આ ખમીરવંતી કથાની વાત.
કહેવાય જાય કોઈને તો આડંબર કહેવાય.
ભીતર એ પ્રગટ્યો મને આ ભૂપ નો ભાવ.
છડી વરસાવતા સવાલો થયા ઘડીકમાં ગુમ.
પરેશાનીઓ પીગળીને સ્વયં પ્રકાશ રેલાય.
તરસ માં પણ લાગે જાણે કે તૃપ્તિનો ભાવ.
પરિશ્રમ ને પરોપકાર જાણે કે બે બાજુઓ.
ચરણ અટકી ગયા પણ આચરણ અદભુત.
નેમ, ખેમ,ને ક્ષેમ,એ નવીન ગુણો પલી રહ્યા.
જીવે શિવના આજે હર બોલને જાણે જીલ્યા.
કંચનવર્ણી કાયા આજે લાગે ઝગમગતો મહેલ.
સદગુરુ કૃપા કથિત છે આ કવિતા કે કહાની.
જીવી રહ્યો છે કોણ હવે અંદર રંક કે રાજા?
શહેનશાહ મારો સદગુરુ હર પલ સાથ વર્તાય.

- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

•

પગલા જો આ તરફ વળે તો હું માનું,
માગ્યા વગર પણ મને તું મળે તો હું માનું.
બની ઝાંઝવાનું જળ છેતરીશ ક્યાં સુધી?
મારી તરસમાં તારી તરસ ભળે તો હું માનું.
સહ્યાં ઘણાય આકરા તડકા આ જિંદગીમાં,
તારા પડછાયાની છાંય મળે તો હું માનું.
કહેવાનું તો ઘણું છે, પણ હું બોલીશ નહિ,
આંખોની બોલી કદીક તું કળે તો હું માનું.
સરકતી ક્ષણોને મુઠ્ઠીમાં બાંધીને રાખી છે,
પૂર્ણતઃ શ્રદ્ધા મારી હવે ફળે તો હું માનું.

- વિભા કિકાણી, અમદાવાદ

•

વર્ષ ના અંતે સરવૈયું,
હાથ માં આવ્યું નાજુક હૈયું,
મતભેદો ને કરતા માફ,
એક ખૂણે થોડુક ચચર્યું,
નફા ખોટ ની બે બાજુ માં,
દિલડું અમથું જ રોયું,
આભાર તમારો હે ઈશ્વર,
ત્રાજવું ખુશીનું ઝુકેલું રહ્યું,
હવે સમય ને બાંધવો નથી,
બસ ક્ષણો ના આનંદમાં રેહવું,

- નેહા પટેલ "નેહ" વલસાડ

•

મન માં મન માં મલકે છે કોઈ હૈયે એવુ હરખે છે
કોઈ દુર છે ખુબ મારાથી તો કોઈ એવુ મારી પડખે છે
કોઈ હસે છે ધીમેથી તો કોઈ વિરહ માં વલખે છે
કોઈ નાચે છે છાનુછાનુ તો કોઈ પ્રેમ માં તલખે છે
કોઈ નફરત થી તરછોડે તો કોઈ વ્હાલ થી ભરખે છે
કોઈ ઝુરી ઝુરી ને મારે તો કોઈ એવુ મુજ ને ઝંખે છે
કોઈ દગો દઈ ને ભૂલે છે તો કોઈ દિલ માં દેખે છે
કોઈ જીંદગી માંથી કાઢે છે તો કોઈ નામ મારુ લખે છે
કોઈ મુંગુ છે તો કોઈ "મોહિત"મલખે મલખે છે

- મહેશ પરમાર, અમદાવાદ

દારૂના નશામાં ધૂત ૪ મિત્રોએ યુવકની હત્યા કરતા ખળભળાટ

અમદાવાદ

અમદાવાદમાં નવા વર્ષની લોહિયાળ શરૂઆત થઈ છે. અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં આવેલા ભાર્ગવ રોડ પર આવેલી એક ચાલીમાં ચાર મિત્રોએ મળી જૂની અદાવતમાં મિત્રનું કાસળ કાઢી નાખ્યું છે. ભાર્ગવ રોડ પર પ્રતાપસિંગની ચાલ આવેલી છે જેમાં રહેતા યુવાન પારસની હત્યા થઈ છે. પોલીસે આ મામલે પ્રાથમિક તપાસ કરતા પારસના મિત્રોએ જ ખૂની ખેલ ખેલ્યો છે.

વર્ષ ૨૦૨૦ના પ્રથમ દિને જ મેઘાણીનગર પોલીસ મથકની હદમાં લોહિયાળ ખેલ ખેલાયો છે. પોલીસને મળતી માહિતી મુજબ ચાર મિત્રો દારૂના નશામાં ધૂત હતા ત્યારે તેમણે ભેગા મળીને પારસને મોતને ઘાટ ઉતાર્યો છે.

આરોપીઓને પારસ નામના યુવાન સાથે કોઈકારણોસર અદાવત બંધાઈ હતી. આ જૂની અદાવત રાખી અને ચાર શખ્સો હથિયારો સાથે ઘસી આવ્યા હતા. પ્રતાપસિંહની ચાલમાં રહેતો પારસ ઘરે એકલો હતો ત્યારે દારૂ પીધેલા ચાર શખ્સોએ સાથે મળી અને પોતાનાં જ મિત્રનું કાસળ કાઢી નાખ્યું હતું.

આ બનાવની જાણ થતા મેઘાણીનગર પોલીસ ઘટનાસ્થળે ઘસી ગઈ હતી. જોકે, હત્યા થતા જ આસપાસના રહીશોએ એકઠા થઈ ગયા હતા અને રોકકળ મચાવી હતી. ઈજાગ્રસ્ત પારસને સારવાર આપવાનો પણ પ્રયત્ન થયો હતો પરંતુ તેને સારવાર મળે તે પહેલાં જ તેણે દમ તોડી દીધો હતો. મૃતક પારસ ફોટોગ્રાફીનો ખૂબ શોખીનો હતો અને અવનવા વસ્ત્રોમાં ફોટોગ્રાફ ક્લિક કરાવતો હતો. આ ઘટનામાં એક પરિવારે આશાસ્પદ પુત્ર ગુમાવ્યો છે.

૨૦૨૦માં રાજ્યમાં ૩૪,૦૦૦ સરકારી જગ્યાઓમાં ભરતી કરાશે : રૂપાણી

ગાંધીનગર

ગુજરાતમાં ૨૦૨૦ના નવા શરૂ થયેલા વર્ષમાં ૩૪,૦૦૦ સરકારી જગ્યાઓ ભરતી કરવામાં આવશે તેમ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે. સીએમ રૂપાણીએ યુવાનો અને વિદ્યાર્થીઓને તેમના નેતૃત્વ હેઠળની રાજય સરકાર પર વિશ્વાય કાયમ રાખવાની અપીલ પણ કરી છે.

નવા વર્ષના આગમનને વધાવતા સીએમ રૂપાણીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. રૂપાણીએ જણાવ્યું કે, 'વિપક્ષ કોંગ્રેસ રાજકીય લાભ ખાટવા માટે બેરોજગારી અને પારદર્શકતાના મુદ્દે લોકોમાં ભ્રમ ફેલાવવાનું કામ કરે છે. કેટલાક સ્થાપિત હિતો દ્વારા વિદ્યાર્થીઓ અને યુવાનોને ગેરમાર્ગે દોરી જઈને તેમના મનમાં અસમંજસતા પેદા કરવામાં આવી છે.'

સીએમ વિજય રૂપાણીએ જણાવ્યું કે હું લોકોને આશ્વસ્ત કરવા માંગુ છું કે, રાજ્યના યુવાનોની મહેનત એળે નહીં જાય. મુખ્યમંત્રીએ પોતાના ફેસબુક એકાઉન્ટ દ્વારા બુધવારે એક સંબોધનમાં આ વાત જણાવી હતી. રૂપાણીએ વધુમાં જણાવ્યું કે, 'ત્રણ વર્ષમાં અમે ૧.૧૮ લાખ યુવાનોને સરકારી નોકરી પુરી પાડી છે. ચાલુ વર્ષે વધુ ૩૪-૩૫ હજાર યુવાનોને અમે રોજગારી પુરી પાડીશું. આ માટે વિવિધ જગ્યાઓ પર ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.'

મા અંબાના પ્રાગટ્ય મહોત્સવને ધામધૂમથી ઉજવવા અંબાજીમાં તડામાર તૈયારીઓ શરૂ

અંબાજી

આગામી ૧૦ જાન્યુઆરીના પોષસુદ પૂર્ણિમાના રોજ મા અંબાનો પ્રાગટ્ય દિવસ છે. યાત્રાધામ અંબાજીમા અંબાનું મૂળસ્થાન હોવાથી અંબાજી માતાજીના પાટોત્સવને ખૂબ જ ધૂમધામથી માનવામાં આવે છે. જેને લઈને આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈ અંબાજી મંદિરમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ પોષસુદ પૂર્ણિમાના રોજ માતાજીના પ્રાગટ્ય મહોત્સવને લઈ અંબાજી મંદિરમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જેના ભાગ રૂપે અંબાજી મંદિરમાં ડેપ્યુટી કલેક્ટર અને વહીવટદારે અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિના પદાધિકારિઓ સાથે આયોજનના ભાગ રૂપે બેઠક યોજી હતી.

આયોજન વિશે અંબાજી મંદિરના વહીવટદાર અને નાયબ કલેક્ટર એસ. જે ચાવડાએ જણાવ્યું કે, આ પાટોત્સવમાં હાથી, ઘોડા તેમજ વિવિધ ટેબ્લો સાથે વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયું છે. તેમજ મા અંબાને ૨૦૦૦ કિલો ઉપરાંત સુખડીનો પ્રસાદ પણ ધરાવવામાં આવશે. માતાજીના પાટોત્સવને લઈ મંદિર ટ્રસ્ટ ભોજનાલયમાં એક દિવસ માટે યાત્રિકોને વિનામૂલ્યે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત મંદિર પરિસરમાં મહાશક્તિ યજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મા જોગમાયા જગદંબાના પ્રગટ્યદિને અંબાજીમાં ગ્રામજનો સહિત લાખો કરોડો માનવભક્તો આરાધ્યદેવીના મહોત્સવમાં ભક્તિમય રીતે જોડાય છે. પૂનમના પવિત્ર દિવસે મા અંબાના જયોતિસ્થાન ગબ્બરથી પ્રારંભ થઈ અંબાજી મંદિર મુખ્યદ્વાર શક્તિદ્વારે મહાઆરતી બાદ સમગ્ર અંબાજી નગરમાર્ગો પર મા અંબા ભક્તજનોને દર્શન આપવા હાથી પર આરૂઢ થઈ નગરયાત્રાએ નીકળે છે. ભાદરવી પૂનમ જેવા આ મહામેળામાં ગામે ગામથી આવતા સંઘો, અનુપમ કલાત્મક રથ ,ધજાઓ અને પદયાત્રી ભાવિક ભક્તો જેના દર્શન માટે દોટ મૂકીને આવે છે એવી માઁ અંબા ના દર્શન કાજે લાખોની ભાવિકભીડ ઉમટી પડે છે. યાત્રા દરમ્યાન હજારો કિલો સુખડીના પ્રસાદ ભક્તોને અપાય છે. આ પૂનમ ને એટલેજ તો સુખડી પૂનમ કહેવાય છે.

એરિયર્સ ત્રણ તબક્કામાં ચૂકવાશે


સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સને નવા વર્ષની ભેટ...મોંઘવારી ભથ્થામાં ૫ ટકાનો વધારો

ગાંધીનગર

રાજય સરકારની કેબિનેટ બેઠક મળી હતી. આ બેઠકમાં રાજય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આમ આ નિર્ણય સાથે રાજય સરકારે સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સને નવા વર્ષની ભેટ આપી છે. રાજય સરકારે તમામ સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં પાંચ ટકાનો વધારો કર્યો છે. આ વધારો ૧ જુલાઈ ૨૦૧૯થી અમલમાં આવશે અને તેનું એરિયર્સ ત્રણ તબક્કામાં ચૂકવવામાં આવશે. આમ હવે કર્મચારીઓને ૧૨ ટકાની જગ્યા ૧૭ ટકા મોંઘવારી ભથ્થું મળશે.

આ ઉપરાંત રાજય સરકારે ગોધરા, વેરાવળ, ખંભાળિયા, બોટાદ, મોરબીમાં નવી મેડિકલ કોલેજ બનાવવાનો નિર્ણય લીધો છે. તેની સાથે સાથે હયાત હોસ્પિટલોમાં પથારીઓ પણ વધારવામાં આવશે. હાલની હોસ્પિટલોને અપગ્રેડ કરી ૩૦૦ બેડની હોસ્પિટલમાં કરવાની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલાશે. જેની પાછળ રૂ. ૧૨૦૦ કરોડનો ખર્ચ થશે.

પૂર્વજોના શિક્ષણ થકી સેવાના અભિગમને આગળ ધપાવવા HHMC એજ્યુ. કેમ્પસનો પ્રોજેક્ટ હાથ ધરાશે






ભરુચ જિલ્લાના પાલેજ સ્થિત સુપ્રસિદ્ધ મોટામિયાં માંગરોલની ગાદી સાથે સંકળાયેલા મહાન સંત હિઝ હોલીનેસ ખ્વાજા મોટામિયાં ચિશ્તી સાહેબનો આસ્તાનો મધ્ય ગુજરાત સહિત વિશ્વમાં કોમી એકતાના પ્રતિક સમાન છે, જેઓના નામ, સેવાકાર્ય સહિત માંગરોલની ગાદીના વડિલ પૂર્વજોના સ્નેહ, સદભાવના અને દયાના સંદેશને હમેશા અગ્રસ્થાન આપી પોતાના પૂર્વજોની પરંપરાને જાળવી રાખી ઘેર ઘેર ગાય પાળો, ઘેર ઘેર વૃક્ષ વાવો, વ્યસનમુક્તિનો બોધ આપતી અને હાલના સમયમાં જેની તાતી જરૂરિયાત છે તેવા અર્થસભર શિક્ષણ પર ભાર આપતી મોટામિયાં માંગરોલની ઐતિહાસિક ગાદીના ઉર્સ મેળાના પ્રસંગે આ ગાદી થકી ચલાવાતા ગ્લોબલ સૂફી પીસ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના (GSPRF) સ્થાપક અને મોટામિયાં માંગરોલની ગાદીના હાલના ગાદીપતિ હિઝ હોલીનેસ સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી ના પુત્ર તથા અનુગામી ડો. મતાઉદ્દીન સલીમુદ્દીન ચિશ્તી એ આ પ્રસંગે દરેક સમાજ અને જ્ઞાતિના શ્રધ્ધાળુઓની વિશાળ જન મેદની વચ્ચે શુભ સંદેશ અને પ્રવચન આપતા જણાવ્યું હતું કે મોટામિયાં માંગરોલની ગાદી હમેંશા જરૂર જણાય, તે મુજબ સૌને સાથે રાખી સમાજ ઉપયોગી સેવાઓને અગ્રિમતા આપી સેવાના વિવિધ કાર્યો નિષ્પક્ષ અને નિઃસ્વાર્થ ભાવે નિભાવી રહી છે, ત્યારે હાલના સમયમાં અને આવનારા ભવિષ્યમાં જેની તાતી જરૂરિયાત ઉભી થવાની છે, તે અર્થસભર શિક્ષણ માટે આ ગાદીના અમારા પૂર્વજોએ જે મહેનત કરી છે તેને ફળીભૂત કરવા અને શિક્ષણપ્રેમી એવા મારા દાદા હિઝ હોલીનેસ ખ્વાજા ફરીદુદ્દીન મોટામિયાં સાહેબ કે જેઓ ૪૫વર્ષ આ ગાદીના ગાદીપતિ તરીકે સેવાઓ આપી અને હવે આવનાર વર્ષોમાં અર્થસભર શિક્ષણ મળી રહે તે તેમના સપનાને ફળીભૂત કરવા અને એમના આ અભિગમને આગળ ધપાવવા અને સાકાર કરવા શિક્ષણને વધુ તેજસ્વીતા આપવા માટે મોટામિયાં માંગરોલની ગાદી પ્રેરિત ફાઉન્ડેશન દ્વારા એચ. એચ. એમ. સી એજ્યુકેશનલ કેમ્પસ, (હિઝ હોલીનેસ મોટામિયાં ચિશ્તી શૈક્ષણિક સંકુલ, HHMC એજ્યુ. કેમ્પસ) ના પ્રોજેકટ વિશે જણાવ્યું હતું.

આ શુભ સંદેશને ઉપસ્થિત મેદનીએ ઉમળકાભેર તાળીઓની સાથે વધાવી લઈ તન,મન અને ધનની સાથે સાથ સહકાર આપવાની તૈયારી બતાવી હતી.

મોટામિયાં માંગરોલની ગાદી અને ગાદી થકી બનાવેલ ફાઉન્ડેશનએ કુદરતી અને માનવ સર્જીત આફતો વખતે કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા સિવાય સહાય ઉપરાંત મેડિકલ કેમ્પ, બ્લડડોનેશન કેમ્પો તથા આર્થિક રીતે પડીભાગેલા લોકો માટે સમૂહ લગ્નોત્સવ નું પણ આયોજન કરે છે અને કરતા રહેશે એમ જણાવ્યું હતું. મોટામિયાં માંગરોલની ગાદીએ સમગ્ર માનવસમાજ ને જે જરૂર જણાય તે મુજબ હંમેશા વિવિધ સમાજ ઉપયોગી નિખાલસ, નિષ્પક્ષ અને નિઃસ્વાર્થ ભાવે સેવાઓનું પ્રદાન કરેલ છે અને કરશે એમ લાગણીસભર શબ્દોમાં કહ્યું હતું.

આઇસ્ક્રીમની લાલચ આપી ૫ વર્ષની માસુમ બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ



સુરત,

અમરોલીના ક્રોસ રોડ વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય પરિવારની ૫ વર્ષની માસુમ બાળા રવિના (નામ બદલ્યું છે) ગત રોજ બપોરના એકાદ વાગ્યાના અરસામાં દુકાને કુરકુરે લેવા ગઇ હતી. તે દરમ્યાનમાં પરપ્રાંતીય પરિવારનો પરિચીત મનુભાઇ ચંદનભાઇ તૈલી (ઉ.વ. ૨૧ ઇશ્વરભાઇના મકાનમાં, રઘુવીર સોસયટી, અમરોલી-ન્યુ કોસાડ રોડ અને મૂળ માધવપુર તા.બડહરીયા, જિ.શીવાન, બિહાર) માસુમને ચોકલેટ, આઇસ્ક્રીમ અને કુરકુરે આપવાની લાલચ આપી પોતાના રહેણાંક નજીક છેલાભાઇના મકાનની સીડી નજીક એકાંત સ્થળે લઇ ગયો હતો.

જયાં નરાધમ મનુ એ માસુમના કપડા કાઢી નાંખ્યા હતા અને પોતે પણ નિર્વસ્ત્રા થઇ ગયો હતો અને શારિરીક અડપલા કરી રહ્યો હતો પરંતુ માસુમના સદનસીબે તેની માતા શોધતા-શોધતા ત્યાં આવી પહોંચી હતી અને નરાધમની હરકતો જોઇ બુમાબુમ કરતા સ્થાનિક રહેવાસીઓ એકઠા થઇ ગયા હતા.

એકત્ર થયેલા લોકોએ માસુમ સાથે જધન્ય કૃત્ય આચરવાનો પ્રયાસ કરનાર મનુને સારો એવો મેથીપાક આપી અમરોલી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે હવસખોર નરાધમ મનુ તૈલી વિરૂધ્ધ ફરિયાદ નોંધી ધરપકડ કરવાની સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભેસ્તાન આવાસ પાછળ ગટરમાં છૂપાવેલો દારૂ પોલીસે શોધી કાઢ્યો

સચીન અને અમરોલીમાંથી પણ પોલીસે દારૂ ઝડપી પાડ્યો

સુરત

સચીન પોલીસે બંધ ગટરની કુંડીમાં સંતાડેલો રૂા.૧.૨૯ લાખની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. તેમજ અમરોલી પોલીસે પણ બે સ્થળે દરોડા પાડી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

સચીન પોલીસે બાતમીના આધારે ભેસ્તાન ઉમ્મીદનગર એસએમસી આવાસ બિલ્ડિંગની પાછળ બંધ ગટરની બે કુંડીમાં સંતાડેલો રૂા.૧,૨૯,૬૦૦ની કિંમતની ૩૨૪ દારૂની બોટલ કબજે કરી હતી. આ દારૂનો જથ્થો વેચાણ માટે લાવનાર રઈશ ઉર્ફે ડબ્બુ ગની શેખને વોન્ટેડ જાહેર કર્યો હતો.

અમરોલી પોલીસે ગુરૂનગર-૧, સોનમ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૨૦૮ અને ભરથાણા ગામ પતરાના ઝુંપડામાં દરોડા પાડી આ બંને સ્થળેથી દારૂનો જથ્થો મળી કુલ રૂા.૬૧૬૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરોલી પોલીસે ચંદ્રભાન ઉર્ફે ચંદુ રામનરેશ રાજપુત, સન્ની ચંદ્રભાણ તથા કીષનચંદ્ર કૈલાશ પ્રધાનની ધરપકડ કરી હતી.

તિજોરી કચેરીના પેટા હિસાબનીશ સીતાબેન પટેલનું વિદાયમાન

૩૭ વર્ષની લાંબી ફરજ બાદ સીતાબેન સેવા નિવૃત્ત થયા

વલસાડ

વલસાડ જિલ્લા તિજોરી કચેરી ખાતે પેટા હિસાબનીશ તરીકે ફરજ બજાવતા સીતાબેન અશોકભાઇ પટેલ તા.૩૧/૧૨/૨૦૧૯ના રોજ વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ તિજોરી કચેરી ખાતે જિલ્લા તિજોરી અધિકારીના અધ્યિક્ષસ્થાટને યોજાયો હતો. તા.૪/૧૧/૧૯૮૨ના રોજ નોકરીની શરૂઆત કર્યા બાદ ૧૫ વર્ષ લોકલ ફંડમાં તેમજ ૨૨ વર્ષ તિજોરી કચેરી મળી કુલ ૩૭ વર્ષની ફરજ બાદ વયનિવૃત્ત થઇ રહ્યા છે.

શ્રીમતી સીતાબેનની વયનિવૃત્તિની શુભેચ્છા પાઠવતા જિલ્લા તિજોરી અધિકારી કે.એચ.ગામિતે તેમનું નિવૃત્ત જીવન સુખમય અને નિરોગી નીવડે તેવી શુભકામના પાઠવી હતી. સહાયક નિરીક્ષક કે.ડી.પટેલે જણાવ્યું હતું કે, બઢતી-બદલીની જેમ વયનિવૃત્તિ પણ નોકરીનો એક ભાગ જ છે. સીતાબેને સાચા કર્મયોગી બની તેમની કાર્યકુશળતાથી સૌના દિલ જીતી લીધા હતા.

સીતાબેને કચેરીના તમામ અધિકારી/કર્મચારીઓના સુમેળભર્યા સહકાર બદલ આભારની લાગણી વ્યકક્તમ કરી હતી.

આ અવસરે જુનિયર સહાયક નિરીક્ષક આર.ડી.પટેલ, હિસાબનીશ મંગાભાઇ બેન, આઇ.એસ.પટેલ, નાયબ હિસાબનીશ મુમતાઝબેન, બી.એસ.વારલી, સીતાબેનના પતિ અશોકભાઇ પટેલ, બહેનો ભીખીબેન અને રમાબહેન સહિત જિલ્લા તિજોરી કચેરીના અધિકારી/કર્મચારીગણ હાજર રહ્યા હતા.

યુનિવર્સિટી રોડ પર ટ્રાફિક બ્રિગેડના ત્રણ જવાનો દારૂના નશામાં પકડાયા

સુરત શહેરના વિવિધ સ્થળેથી થર્ટીફર્સ્ટની રાત્રે દારૂ પીધેલા ૮૬થી વધુ લોકોની ધરપકડ

સુરત

લોકોએ જાહેરમાં દારૂની ચૂસ્કી માણવાનું ટાળ્યું હતું. ત્યારે યુનિવર્સિટી રોડ અણુવ્રત દ્વાર પાસેથી ટ્રાફિક બ્રિગેડના ત્રણ જવાનો દારૂની ચૂસ્કી મારતા ઉમરા પોલીસે ઝડપી પાડ્યા હતા. ટીઆરબી ધર્મેન્દ્રસિંહ બારીયા, મનીષ પારગી અને મનીષ ચૌધરીની દારૂ પીધેલી હાલતમાં ધરપકડ કરી હતી.

થર્ટીફર્સ્ટની ઉજવણીમાં દારૂની છોળો ઉડાડનાર ૮૬થી વધુ પીધેલાની સ્થાનિક પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. થર્ટીફર્સ્ટને ધ્યાનમાં રાખીને ખાસ કરીને ડુમસ ગૌરવપથ રોડ ઉપર પોલીસે વિશેષ બંદોબસ્ત તૈનાત કર્યો હતો. પોલીસ દ્વારા વાહન ચાલકો પીધેલા છે કે કેમ ? એ અંગે માઉથ બ્રાઉનઝર દ્વારા ચેક કરવામાં આવતું હતું. ડુમસ પોલીસે બેથી વધુ પીધેલાને ઝડપી પાડ્યા હતા. અડાજણ પોલીસે આઠ પીધેલાની ધરપકડ કરી હતી. ઉમરા પોલીસે પાંચ પીધેલાની ધરપકડ કરી હતી. આ વખતે પોલીસની સખ્તાઈને કારણે લોકોએ જાહેરમાં દારૂની ચુસ્કી લેવાથી દૂર રહ્યા હતા.થર્ટીફર્સ્ટની રાત્રિ સમય દરમિયાન ઠેર ઠેર ફાર્મ હાઉસો, હોટલોમાં ચાલતી પાર્ટીઓમાં પણ સ્થાનિક પોલીસ દ્વારા સતત ચેકિંગ કરવામાં આવતું હતું.

નવસારીમાં પારો ૮ ડીગ્રીએ પહોંચી જતા જોરદાર ઠંડી : સુરતમાં ૧૪ ડીગ્રી

વલસાડમાં લઘુતમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયું

સુરત

ઉત્તર દિશાથી પવનની ગતિ ધીમી પડવાની સાથે શહેરીજનોને ફુલગુલાબી બેઠી ઠંડીનો અનુભવ થયો હતો. આજે પણ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં નવસારી ખાતે સૌથી વધુ ઠંડી ૮.૫ ડીગ્રી નોંધાઈ હતુ. આગામી બે ત્રણ દિવસ ઠંડી યથાવત રહે તેવી હવામાન વિભાગની આગાહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૬.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪.૪ ડીગ્રી નોંધાયું છે. શહેરમાં ભેજનું પ્રમાણ ૮૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪.૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર-પૂર્વ દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે પવનની ગતિ ધીમી પડવાની સાથે દિશા પણ બદલાઈ છે. જેના લીધે આજે શહેરીજનોને બેઠી ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

વલસાડમાં સવારે ન્યુનતમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ૨ ડીગ્રી ઓછુ નોંધાયું છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૮.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજની સરખામણીએ યથાવત છે. દક્ષિણ ગુજરાતમાં સતત બીજા દિવસે નવસારીનું ન્યુનતમ તાપમાન ૮.૫ ડીગ્રી નોંધાતા સામાન્ય જનજીવન ઠંડીથી પ્રભાવિત થયું છે. આજે દિવસ દરમ્યાન પણ ઠંડીથી બચવા ગરમ વસ્ત્રોની મદદ લેવાની ફરજ પડી હતી.

વલસાડ જિલ્લામાં ૧૦૮ સેવાને એક વર્ષમાં ૪૩૯૨૮ ઈમરજન્સી કોલ મળ્યા

જીવનરક્ષક જીવીકે ઈએમઆરઆઈની એક વર્ષની સફળ કામગીરી

વલસાડ

જ્યારે રસ્તા ઉપરથી આપણે વાહન લઈને પસાર થતા હોઈએ ત્યાછરે અચાનક આપણા કાને એમ્બુલન્સનું સાયરન સંભળાય અને નજરે પડે કે પૂર ઝડપે કોઈ એમ્બુાને લન્સા જેવું વાહન આવી રહ્યું છે, ત્યારે અનાયાસે ખૂબ આદર અને સન્માન સાથે આપણે આપણું વાહન બાજુમાં લઈને એમ્બુલન્સને માર્ગ કરી આપીએ છીએ. રાજય સરકારની જીવી કે ઈ.એમ.આર.આઈ.ની એમ્બુલન્સ સેવાને સૌ ૧૦૮ના નામે ઓળખીએ છીએ. તા.૨૯/૮/૨૦૦૭થી શરૂ થયેલી સરકારની આ સેવાએ ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. ગુજરાત રાજયમાં તા.૧લી જાન્યુઆરી ૨૦૦૮ના દિવસે ૫૩ એમ્બુલન્સ સાથે શુભ શરૂઆત કરી હતી. આજે ૧૨ વર્ષના ગાળામાં દસગણા વધારા સાથે ૫૮૫ એમ્બુલન્સ ગુજરાત રાજ્યમાં સેવાઓ આપી રહી છે.

જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ સેવાના અસરકારક અમલીકરણ માટે રાજયા સરકાર દ્વારા વિશાળ વિસ્તારમાં હાઈટેક ટેકનોલોજીથી સજજ ઈમરજન્સીમ રીસ્પોન્સ સીસ્ટમ અમદાવાદ જિલ્લાના કઠવાડા ખાતે કાર્યરત છે.

ગુજરાત રાજય સરકારની જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા પ્રતિદિન સાડાત્રણ હજારથી ચાર હજાર દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી નિઃશુલ્ક સેવા આપી રહી છે. ૧૦૮ ઈમરજન્સી નંબર ઉપર આવેલા લગભગ બધા જ કોલ્સને પ્રથમ રીગમાં જ પ્રતિસાદ આપવામાં આવે છે. જે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વધુ સારી ગુણવત્તા ગણવામાં આવે છે. પ્રતિ ૧૮ સેકન્ડે એક ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી કેસને પ્રતિસાદ આપવા માટે રવાના થાય છે. ૧૦૮ આજદિન સુધી ૧.૬ કરોડથી પણ વધુ વિકટ પરિસ્થિતિમાં મૂકાયેલી માનવ જિંદગીઓનો બચાવ કર્યો છે. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ૮૨ હજારથી વધુ પ્રસુતિઓ કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં હાલ ૧૯ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે. ૨૦૧૯ના વર્ષમાં ઈમરજન્સીન એકઝીકયુટીવ જયદેવ રતન તેમજ પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકરની રાહબર હેઠળ ૪૩,૯૨૮ જેટલી ઈમરજન્સી કેસોને પ્રતિસાદ આપવામાં આવ્યો છે. જેમાં ૧૧,૧૮૦ પ્રસુતિના કેસો, ૧૫૪૦ હૃદયરોગની બિમારી સંબંધિત કેસો, ૪૪૨૭ તાવ સંબંધિત કેસોનો સમાવેશ થાય છે.



સાગબારામાં મુસ્લિમ યુવાન આદિવાસી સગીરાને ભગાડી જતા અરેરાટી, યુવાનના પિતા-ભાઈએ યુવતીના પિતાને ધમકી આપી

સાગબારા પોલીસે એટ્રોસીટી, અપહરણ, ધાકધમકીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા



નર્મદા જિલ્લાના સાગબારામાં સગીર આદિવાસી યુવતીને લગ્ન કરવાની લાલચે મુસ્લિમ યુવાન ભગાડી ગયો હતો.સગીરાના પિતાએ સાગબારા પોલીસ મથકમાં યુવાન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી તો બીજી બાજુ યુવાનના પિતા અને ભાઈએ યુવતીના પિતાને ધમકી આપતા મામલો બીચકયો હતો.

સાગબારાની એક સગીરાને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે એના જ ફળિયામાં રહેતો રિયાઝ ઝાકીર આરબ ભગાડી ગયો હતો.ત્યારબાદ યુવાનના પિતા ઝાકીર અબુત આરબ અને ભાઈ સોહિલ ઝાકીર આરબે સગીરાને શોધી આપવાની સગીરાના પિતાને ખાતરી પણ આપી હતી.પણ પાછળથી તેઓ ફરી ગયા અને સગીરા ના પિતાને કહ્યું કે તમારી છોકરી ને મારો છોકરો એની પત્ની બનાવવા ભગાડી ગયો છે.છોકરીને તમને પાછી નહિ સોંપીએ તમારાથી થાય એ કરી લેજો.એવી ધમકી મળતા જ સગીરાના પિતાએ ભગાડી જનાર યુવાન અને એના પિતા-ભાઈ વિરુદ્ધ સાગબારા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસીટી, અપહરણ, ધાક ધમકી નો ગુનો નોંધી તપાસ હાથ ધરી તપાસ એસ.જે.મોદી નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી./એસ.ટી.સેલ), નર્મદા કરી રહ્યા છે.

રાજપીપળામાં ગુજરાત ફોરેસ્ટ રેંજર્સ કોલેજ દ્વારા દાનની દીવાલની શરૂઆત



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

હાલ ફેશન એટલી હદે વધી ગઈ છે કે કપડાં, બુટ અથવા કોઈ પણ જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદતા જ ગણતરી ના સમય માં તેનું અપગ્રેડેશન કરી કંપની માર્કેટમાં મૂકી દે છે.એટલે લોકો પણ પોતે ખરીદેલી જૂની વસ્તુઓ બાજુએ મૂકી નવી અપગ્રેડ થયેલી પ્રોડક્ટ ખરીદતા હોય છે.એક સમય એવો પણ આવે છે કે ભેગી થયેલ જૂની વસ્તુઓનો ઢગલો ક્યાંક ફેકી દેવાય છે.ત્યારે બીજી તરફ દેશમાં અમુક વર્ગ એવો પણ છે કે જેમને શરીરે પહેરવા કપડાં કે પગરખાં પણ નસીબ નથી હોતા. અને આવા વર્ગ પાસે એટલા રૂપિયા પણ નથી હોતા કે પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે.ત્યારે જૂના થઈ ગયેલા કપડાં,પગરખાં ફર્નિચર સહિત ની જીવન જરૂરિયાતની વસ્તુઓ ફેકી દેવા કરતા ગરીબ અને જરૂરિયાત મંદોને કામ આવે એવા ઉમદા આશય થી ગુજરાત ફોરેસ્ટ રેંજર્સ કોલેજ ના સૌજન્યથી વાડિયા પેલેસ ના મુખ્ય દ્વાર પાસે દાન ની દીવાલ નામની એક સેવાકીય કાર્યની શરૂઆત કરવામાં આવી છે.

આ બાબતે ગુજરાત ફોરેસ્ટ રેંજર્સ કોલેજ ના આચાર્ય ડૉ. કે રમેશે જણાવ્યું હતું કે ધર્મ માં દાનનું ખૂબ મહત્વ છે, અત્યારે શિયાળો ચાલી રહ્યો છે અને અમારી પાસે જગ્યા હતી સાથે આજે નવું વર્ષ શરૂ થયું ત્યારે એક સારો વિચાર આવ્યો કે કોઈ જરૂરિયાતમંદ નું ભલું થાય માટે આ અભિગમ સાથે આજે દાનની દીવાલ નામની શરૂઆત કરવામાં આવી છે. અહીયા દાની અને દાન લેનાર બંને ગુપ્ત રહે છે. ઉપરાંત લોકોને પોતાની પાસે રહેલી વધારાની વસ્તુઓ અહી મુકવા પણ અનુરોધ કર્યો હતો.

થોડા સમય પહેલા આજ રીતે કેટલાક સેવાભાવી લોકો એ પણ રાજપીપળા ચિલ્ડ્રન હોમ પાસે ભલાઈ ની દીવાલ શરૂ કરી હતી પરંતુ ત્યાં પગાર આપવા છતાં સાચવનાર વ્યક્તિ ન મળતા અને કપડાં લેવા આવતા કેટલાક જરૂરિયાતમંદો પણ કપડાં પસંદ ન પડતા ત્યાં બોક્ષ માં કે રેક પર ન મુકી જેમતેમ ફેંકી દેતા કપડાં રસ્તે રઝળતા જોવા મળ્યા જેથી આ સેવાકાર્ય આખરે બંધ કરવાની નોબત આવી હતી. ત્યારે સેવાભાવી વ્યક્તિ ઓનો ઉમદા આશય આવા કેટલાંક કારણોસર નિષ્ફળ જતો હોય માટે યોગ્ય આયોજન બાદ જ આવા સેવાકાર્ય ની શરૂઆત જરૂરી થઈ પડે છે.

કેવડિયાની ગોરા રેન્જની ટીમે ખેરના લાકડાનો જથ્થો ઝડપી પાડ્યો



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લામાં માં અવાર નવાર જંગલ વિસ્તાર માંથી બે નંબરી લાકડા કાપી ને કાપી ને તસ્કરો તસ્કરી કરી રહ્યા છે. તો બીજી બાજુ નર્મદા વન વિભાગ ના વન અધિકારીઓ પણ આવા વનચોરો ને ઝડપી પાડી ને વનની રક્ષા માટે સતત પ્રયત્નશીલ રહે છે.

ગતરોજ પણ આવોજ એક વન ચોરી નો બનાવ કેવડિયા ની ગોરા રેન્જ ના રેન્જ ફોરેસ્ટ ઓફિસર વિરેન્દ્રસિંહ ધરિયા ની ચપળતા થી પ્રકાશ માં આવ્યો જેમાં ગઈ કાલે મોડી રાત્રે આર.એફ ઓ વિરેન્દ્રસિંહ ધરીયા ના માર્ગદર્શન હેઠળ રેન્જ ના ફોરેસ્ટર ભાવેશ કહાર,વિક્રમ તડવી,સંજય બારીયા સહિત ની ટીમે વોચ ગોઠવી ખેર ના અને સાગી લાકડા મળી રૂપિયા ૨.૬૦ લાખ નો લાકડા સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.ખેર ના લાકડા માંથી ચૂનો બનતો હોય પરપ્રાંત ની ટોળકીઓ આ ચોરીમાં સંડોવણી હોવાનું પ્રાથમિક તારણ લાગી રહ્યું છે.હાલ ચોર ટોળકી ની શોધખોળ ચાલી રહી છે.

વેડરોડ પર સૂર્યા મરાઠી અને મનુ ડાહ્યા ગેંગ વચ્ચે હિંસક અથડામણ : એકને રહેંસી નંખાયો

થર્ટીફર્સ્ટની રાત્રિએ વેડરોડ ધ્રુવ તારક સોસાયટી પાસે ગેંગવૉર ફાટી નીકળતા ચંદ્રકાંત પટેલનું પ્રાણનાથ હોસ્પિટલમાં મોત

સુરત

ગઈકાલે રાત્રે ૨.૩૦ કલાકે માથાભારે સૂર્યાગેંગ અને મનુ ડાહ્યા ગેંગ વચ્ચે વેડરોડ પંડોળ ધ્રુવતારક સોસાયટી પાસે લોહિયાળ જંગ ખેલાયો હતો. જેમાં એકનું મૃત્યુ થતા ચોકબજાર પોલીસ દોડતી થઈ ગઈ હતી.

આ લોહિયાળ જંગ અંગે મળતી માહિતી મુજબ વેડરોડ ધ્રુવ તારક સોસાયટી સામે પંડોળના ગેટ નજીક દારૂનો અડ્ડો ચલાવતા ભરત નામના બુટલેગરના અડ્ડા ઉપર સૂર્યા મરાઠી અને મનુ ડાહ્યાના માણસો વચ્ચે ઘાતક શસ્ત્રો ઉછળ્યા હતા. ગેંગવોરની જૂની અદાવતમાં સૂર્યા મરાઠી ગેંગના માણસોએ પટેલ ચંદ્રકાંત મુકેશ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં ગંભીર હાલતમાં ચંદ્રકાંતને નજીકની પ્રાણનાથ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મૃત્યુ થયું હતું. ચોકબજાર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી હત્યા કરનારા સાત જણાની શોધખોળ હાથ ધરી છે. છેલ્લા કેટલાક સમયથી વેડરોડ વિસ્તારમાં સૂર્યા અને મનુ ડાહ્યાના માણસોની ગુંડાગીરી વધતી જાય છે અને ચોક પોલીસ તમાશો જોયા કરે છે.

નવા વર્ષની શરૂઆત સાથે રાજ્યમાં પ્રાથમિક શાળાની માહિતી હવે ઓન લાઈન થઈ

સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા સહિત રાજયની તમામ પ્રાથમિક શાળાની માહિતી ૧ જાન્યુઆરી ૨૦૨૦થી ઓન લાઈન થવા જઈ રહી છે. હવે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ શાળા, શિક્ષક તથા હજારી સહિતની માહિતી આજથી ઓન લાઈન થઈ રહી છે.

૨૦૨૦ની શરૂઆત સાથે સુરત સહિત સમગ્ર ગુજરાતની પ્રાથમિક શાળાઓની તમામ માહિતી ઓન લાઈન થઈ રહી છે. રાજય સરકારના શિક્ષણ વિભાગના પરિપત્ર સાથે જ આજથી સમિતિની તમામ સ્કુલની માહિતી ઓન લાઈન થઈ જશે. જેના કારણે શૈક્ષણિક કામગીરી સરળ બનશે અને શિક્ષકોએ કરવાની વહીવટી કામગીરી પણ ઓછી થશે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામા ઓફિસ ક્લાર્કની નબળી કામગીરીને પગલે છેલ્લા દોઢ દાયકાથી શિક્ષકોની સર્વિસ બુક અપડેટ કરવામાં આવી નથી. હવે રાજય સરકારના પરિપત્રના કારણે મુખ્ય શિક્ષકો તથા શિક્ષકો પાસે કામગીરી કરાવીને સર્વિક બુક અપડેટ કરાવી છે.

સમિતિના મુખ્ય શિક્ષકો અને શિક્ષકો પાસે ક્લાર્કની કામગીરી કરાવાતી હોવાથી શૈક્ષણિક કામગીરી બગડી રહી છે. આજથી હાજરી, શિક્ષકોની રજા, પગાર, બદલી કેમ્પ, સર્વિસ બુક સહિતની માહિતી શિક્ષકોને આંગળીના ટેરવે મેળવી શકશે. સમિતિની તમામ સ્કુલ ઓન લાઈન થઈ જતાં હવે શાળાની માહિતી ત્વરિત મળી શકશે. જેમાં માસિક પત્ર સહિતની માહિતી એક ક્લિક પર મળી જાય તેમ હોવાથી કામ કરતાં શિક્ષકોને ફાયદો થશે.

ઓન લાઈન કામગીરીના કારણે કામ ન કરતાં શિક્ષકોમાં વિરોધ થઈ રહ્યો છે પરંતુ રાજય સરકારનો પરિપત્ર હોવાથી આ કામગીરી ફરજિયાત કરવી પડશે તે નક્કી છે.

મોપેડ સવાર ગૃહિણીના ગળામાંથી સ્નેચરો ૩.૪૦ હજારની ચેઈન લૂંટી ફરાર

સુરત

સુરત શહેરના સીટીલાઈટ વિસ્તારની લોકભારતી સ્કુલના ગેટ પાસેથી મોપેડ પર પસાર થઈ રહેલી ગૃહિણીના ગળામાંથી મોટરસાઈકલ સવાર ત્રણ ચેઈન સ્નેચરો રૂા.૪૦ હજાર મત્તાની સોનાની ચેઈન આંચકીને ભાગી ગયા હતા. ઉમરા પોલીસે સીસીટીવી ફુટેજના આધારે સ્નેચરોની શોધખોળ હાથ ધરી છે.

સીટીલાઈટ રોડ સ્થિત તેરાપંથ ભવનની બાજુમાં એંજલ રેસીડેન્સીમાં રહેતી ગૃહિણી વૈશાલીબેન જયેશ દોષી (ઉ.વ. ૪૫) ગત રોજ બપોરના અરસામાં ઘરેલું કામકાજ માટે જઈ રહ્યા હતા. તે દરમ્યાનમાં સીટીલાઈટ રોડ લોકભારતી સ્કુલના ગેટ પાસેથી મોપેડ પર પસાર થઈ રહ્યા હતા ત્યારે નજીકમાં મોટરસાઈકલ લઈને ઉભેલા ત્રણ સ્નેચરોએ મોટરસાઈકલ હંકારીને વૈશાલીબેનની નજીક ધસી ગયા હતા અને ગળામાં પહેરેલી સોનાની ચેઈન કિંમત રૂા. ૪૦ હજાર મત્તાની આંચકીને ભાગી ગયા હતા.

ઘટના અંગે વૈશાલીબેને ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે ત્રણ પૈકી એક સ્નેચરે આખી બાયનું ટી-શર્ટ અને બીજાએ સફેદ કલરનો શર્ટ જયારે મોટરસાઈકલ ચાલકે કેસરી કલરનું ટી-શર્ટ પહેરેલું હતું. પોલીસે સ્થાનિક વિસ્તારના સીસીટીવી ફુટેજના આધારે સ્નેચરોની શોધખોળ હાથ ધરી છે.

શાકભાજી માર્કેટમાં મહિલાનું પર્સ તફડાવી મહિલા છૂમંતર

પીળી સાડીવાળી મહિલા સામે પોલીસ ફરિયાદ

સુરત

પુણા સમર્થ કોમ્પ્લેક્ષ પાસે શાકભાજી ખરીદવા ગયેલી એક પરિણીતાના પર્સની ચોરી કરી પીળા રંગની સાડી પહેરેલી મહિલા ફરાર થઈ ગઈ હોવાનો બનાવ પુણા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એલએચ રોડ ઈશ્વરકૃપા મેઈન રોડ અભિનંદન પેલેસ ખાતે સુશીલા માલી રહે છે. તેઓ ગતરોજ સાંજના સુમારે પુણા સમર્થ કોમ્પ્લેક્ષ પાસે શાકભાજી ખરીદવા ગયા હતા. ત્યારે પીળા રંગની સાડી પહેરેલી મહિલાએ તેમના પર્સની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. આ પર્સમાં રોકડા રૂા.૪ હજાર તથા ૨૩ ગ્રામનું મંગળસૂત્ર મળી કુલ ૬૪ હજાર હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે આઈપીસી ૩૭૯ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

થર્ટીફર્સ્ટની રાત્રે વલસાડ પોલીસની હદમાંથી ૫૦૦ શરાબીઓની ધરપકડ

દમણથી દારૂની મહેફીલ માણી પરત ફરતા ૨૫૦ લોકોની પારડીમાં ધરપકડ



સુરત

દક્ષિણ ગુજરાતમાં થર્ટી ફર્સ્ટની રાત્રે નશો કરીને ઉજવણી કરતાં લોકોની પોલીસે રાત્રે ધરપકડ કરી હતી.વલસાડમાં પોલીસ લોકઅપ નાની પડે તે રીતે ૫૦૦થી વધુ પીધેલા ઝડપાયા હતાં. તમામને પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતાં.

સમગ્ર દેશભરમાં નવા વર્ષની ઉજવણી ભારેધૂમધામ પૂર્વક થઈ રહી છે ત્યારે ગુજરાતમાં દારૂબંધી હોય જે કાયદાનું કડક પાલન કરાવવા ગુજરાત પોલીસ સઘન પ્રયાસો કર્યા હતાં. દક્ષિણ ગુજરાત વલસાડને અડીને આવેલા સંઘપ્રદેશ દાદર નગર હવેલી અને સંઘપ્રદેશ દમણમાં દારૂની મહેફિલ માણવા અને ૩૧ફર્સ્ટની ઉજવણી કરવા વલસાડ-નવસારી-સુરત તથા આજુબાજુ શહેરોમાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ આ તરફ આવ્યાં હતાં. જેને ધ્યાને લઈ જિલ્લા પોલીસ દ્વારા તમામ શહેરોના જાહેર રસ્તા,ચેક પોસ્ટો-ગલીઓમાં નાકાબંધી ગોઠવી નશાની હાલતમાં ધૂત બની આવેલા લોકોને પકડી જેલની હવા ખવડાવી હતી.

વલસાડ સીટી અને રૂરલ પોલીસે ૩૧ ડિસેમ્બરની રાત્રીએ વાહન ચેકીંગ દરમિયાન રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં પારડી પોલીસે ૨૫૦, વલસાડ સિટી પોલીસે ૫૦ અને રૂરલ પોલીસે ૯૨ જેટલા ઈસમોને ચેકીંગ દરમિયાન દારૂના નશામાં ઝડપી પાડ્યા હતાં.કુલ પોલીસના હાથે ૫૦૦ જેટલા શરાબીઓ ઝડપાયા હતાં.

રાત્રિ દરમિયાન પોલીસ મેડિકલ માટે આરોપીઓને સિવિલ લાવતી હોય સિવિલ હોસ્પિટલ પણ પીધેલાથી ઉભરાઈ હતી.

અલથાણ રોડ પર રાત્રે વાહને બાઈકને ઉડાવી દેતા એકનું મોત

બાઈક સવાર અન્ય એકની હાલત ગંભીર

સુરત

થર્ટી ફર્સ્ટની રાત્રે અલથાણ વિસ્તારમાં અકસ્માત સર્જાયો હતો. અજાણ્યા વાહનની અડફેટે બાઈક આવી ગયું હતું. જેથી બાઈક પર સવારે બે વ્યક્તિઓમાંથી એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે એકને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ ઈજાગ્રસ્તની હાલત ગંભીર ગણાવી હતી.

અલથાણ વીઆઈપી રોડ પર ડી માર્ટની બાજુમાં રાત્રિના સમયે અજાણ્યા વાહને બાઈક સવારને અડફેટે લઈને નાસી ગયો હતો. હીટ એન્ડ રનના આ બનાવમાં બાઈક પરથી પટકાયેલા બે પૈકી એક યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટના અંગે સ્થાનિકોને જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ૧૦૮ના કર્મચારીઓએ ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. બીજી તરફ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી.

રેડીમેન્ટ ગારમેન્ટ એક્સપોર્ટ કંપનીના કર્મચારી દ્વારા ૧.૧૫ કરોડની ઉચાપત

સુરત

ઉધના ઉદ્યોગનગર ખાતે આવેલી રેડીમેડ ગારમેન્ટ્સ એક્સપોર્ટ કંપનીમાં કામ કરતા એક કર્મચારીએ રૂા.૧.૧૫ કરોડની ઉચાપત કરી વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ ઉધના પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તાપી જિલ્લાના વાલોડ તાલુકાના અંધાત્રી ગામના વતની વિપુલ કુમાર ઉત્તમભાઈ પટેલ ઉધના ઉદ્યોગનગર સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ રેડીમેડગારમેન્ટર એક્સપોર્ટ કંપનીમાં મેનેજર તરીકે કામ કરે છે. ગત તા. જૂન ૨૦૧૮ થી ૬ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન કંપનીના ૧.૧૯ કરોડની ઉચાપત કરી છેતરપિંડી કરી ફરાર થઈ ગયો હતો. ઉધના પોલીસે શ્યામ માળીની આઈપીસી ૪૦૬,૪૨૦, ૪૦૮, ૪૬૮, ૫૦૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.